વર્ષ : 13 ◆ અંક : 3
મે-જૂન 2023
સળંગ અંક : 75

कर भला होगा भला
- છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

સર્વવિદ્યાલય

તમારી ફરજો અને જોખમદારીઓ વિશેષ છે. મેજિસ્ટ્રેટો અને સૂબાઓ કરતાં પણ વિશેષ છે. તમે આખી પ્રજાના સેવક છો. તમારે તેમને વધારે પુસ્તકો વાંચવા લલચાવવા જોઈએ અને ખાસ કરીને બાળકો – જે ભવિષ્યની પ્રજાની આશારૂપ છે, તેમને પુસ્તકો વાંચવાની પ્રીતિ ઉત્પન્ન કરવી જોઈએ.... વાચકોના પ્રત્યે માયાળુ અને વિનયશીલ વર્તન રાખવાની આવશ્યકતા છે, પછી તેઓ ગમે તેવી સ્થિતિમાં હોય અને પુસ્તકાલયમાં કામ કરનારે તે બરોબર ધ્યાન રાખવું જોઈએ, કારણ પુસ્તકાલયના ફતેહનો આધાર તેના ઉપર જ છે.

– સર સયાજીરાવ ગા.યકવાડ - ત્રીજા
(લાઇબ્રેરી મિસેલેની, I.3)

*

'પુસ્તકાલય એટલે આખું વ્યવસ્થાનું એક કાવ્ય... લાઇબ્રેરિયન-ગ્રંથાલયી એ આજે તો એનું એક વિકસિત શાસ્ત્ર લઈને બેઠેલો છે. ...હું પોતે તો લાઇબ્રેરિયનને શિક્ષકોના શિક્ષક તરીકે જોઉં છું. શિક્ષકોના ભોમિયા તરીકે જોઉં છું... એની પાસે આખા જ્ઞાનનો નકશો છે... કોઈ પણ વિષયનો માણસ ત્યાં જાય તો લાઇબ્રેરિયન એને કાંઈક ભાથું આપ્યા વગર રહે નહીં... આમ, લાઇબ્રેરિયન છે તે જ્ઞાનનો ભોમિયો છે અને ગમે તેવા શિક્ષકને, ગમે તેવા અધ્યાપકને પોતાના વિષયમાં આગળ વધવામાં, એમાં આગળ ક્ષિતિજો વિસ્તારવામાં મદદ કરી શકે એ ગુંજાઈશ ધરાવે છે.'

– ઉમાશંકર જોશી

*

A free library is a temple where the greatest voices of the ages may be heard; it is the treasury of a wisdom gathered from all lands, and he, who uses it aright, has provides for him, without cost, a liberal education. Until this truth is recognised and free libraries are found in every town and village, we must still be ranked as a barbarian people, or a people at best but pratially delivered from barbarism

– Rev. W. J. Dawson



## 'વિશ્વયોગ દિવસ' તા. ૨૧ જૂન, ૨૦૨૩ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગરનાં પરિસરો યોગમય




















માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૩, અંક : ૩, મે-જૂન ૨૦૨૩; સળંગ અંક : ૭૫

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


● સંપાદકીય : 'The Library Miscellany' (1912-2019) વડોદરા - ગુજરાતમાંથી પ્રકાશિત ગ્રંથાલયશાસ્ત્રનું પ્રથમ ભારતીય સામયિક — મણિભાઈ પ્રજાપતિ 1

1. ઇતિહાસની અટારીએથી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – ગાંધીનગર શાખાનો પ્રારંભ 7
2. મારા અદ્ભુત અનુભવો — વિઠ્ઠલભાઈ અં. પટેલ 10
3. બૉમ્બે હાઈકોર્ટના પ્રથમ ભારતીય ચીફ જસ્ટિસ એમ. સી. ચાગલા — શરદભાઈ શાહ 14
4. સૌરાષ્ટ્ર તામિલ સંગમ — કમલેશ જોશીપુરા 22
5. શિક્ષક માટે સફળતાની સપ્તપદી — તુલસીભાઈ પટેલ 24
6. વિશ્વસાહિત્યની અટારીએથી : કાઝી નઝરુલ ઇસ્લામ — ડૉ. મનીષ વ્યાસ 27
7. પુણ્યભૂમિ ભારત — નરેશ વેદ 31
8. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ 35
   – ડૉ. ભારતીબેન શેલતના કેટલાક સંગૃહીત લેખો / સંપા. ડૉ. કીર્તિ શેલત
   – શ્રીમદ્ ભગવદ્ રામાનુજાચાર્ય વિરચિત શ્રીમદ્-ભગવદ્-ગીતા-ભાષ્ય (મૂળ સંસ્કૃત ભાષ્ય, ગુજરાતી ભાષાંતર, પ્રસ્તાવના સહિત) / અનુવાદક : ગૌતમ પટેલ
9. સંસ્થા સમાચાર
   – યુનિવર્સિટી / કૉલેજ વિભાગ 44
   – શાળા વિભાગ 46


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### 'The Library Miscellany' (1912-2019)

## વડોદરા - ગુજરાતમાંથી પ્રકાશિત ગ્રંથાલયશાસ્ત્રનું પ્રથમ ભારતીય સામયિક

વિશ્વમાં સૌ પ્રથમ જર્મનીમાં ગુટેનબર્ગ (Johannes Gutenberg, (c-1393-1406 to 1468) દ્વારા પ્રિન્ટિંગ પ્રેસની શોધ ઈ.સ. 1450માં કરવામાં આવી હતી. ગુટેનબર્ગ દ્વારા સૌ પ્રથમ વખત 42 - લાઇન બાઇબલનું Mainz (જર્મની)માં 1455માં મુદ્રણ કરવામાં આવ્યું હતું. વિશ્વના પ્રકાશિત પ્રથમ પુસ્તક [?]નું શ્રેય 'The Gutenberg Bible'ના શિરે જાય છે. આ શોધનાં પ્રાયઃ 100 વર્ષ બાદ પોર્ચુગીઝો દ્વારા ગોવા (ભારત)માં ઈ.સ. 1556માં પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કરવામાં આવ્યો હતો. જ્યાં 1556માં પ્રથમ પુસ્તક 'Conclussiones Philosophicas' મુદ્રિત કરવામાં આવ્યું હતું. ગોવામાં પ્રિન્ટિંગ પ્રેસનો પ્રારંભ થવા છતાં ભારતીય ભાષાઓમાં મુદ્રણકળાની શરૂઆત પ્રાયઃ અઢી સૈકાઓ બાદ થઈ હતી. ગુજરાતી ફોન્ટ 1796માં તૈયાર કરવામાં આવતાં અંગ્રેજી ભાષામાં પ્રગટ 'બૉમ્બે કુરિયર'ના તા. 29 જાન્યુઆરી, 1797ના અંકમાં સૌ પ્રથમ વખત ગુજરાતી લિપિ અને ભાષામાં એક ટૂંકી જાહેરાતના માધ્યમથી ગુજરાતી મુદ્રણનો પ્રારંભ થયો હતો, જો કે આ જાહેરાતમાં શિરોરેખાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પરંતુ આ જ પત્રના તા. 22 જુલાઈ, 1797ના અંકમાં શિરોરેખા વગર જાહેરાત પ્રકાશિત કરવામાં આવી હતી. આ પછી ગુજરાતી લિપિમાં પ્રથમ મુદ્રિત પુસ્તક મોબેદ બહેરામજી કૃત **'ખુરદે અવસ્તા'** (1798) ગણવામાં આવે છે, જ્યારે ગુજરાતી ભાષામાં પ્રથમ સમાચારપત્ર **'મુંબઈ સમાચાર'** તા. 1 જુલાઈ, 1822, અને પ્રથમ ગુજરાતી સાપ્તાહિક **'જામે જમશેદ'** 1832માં અને પ્રથમ ગુજરાતી

માસિક 'વિદ્યાસાગર' 1840માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું. જોકે પ્રો. અનંત કાકબા પ્રિયોળકરે તેમના લેખ 'ગુજરાતી મુદ્રણનું આદિપર્વ' (ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક, 1949)માં '1818માં શ્રીરામપુરના મિશનરીઓએ **'સમાચાર દર્પણ'** નામનું પત્ર શરૂ કર્યું હતું, અર્થાત્ જ તેનું સ્વામિત્વ પરદેશીઓનું હતું' તેવો ઉલ્લેખ કર્યો છે. ભારતમાં સૌ પ્રથમ વખત અંગ્રેજી ભાષામાં વર્તમાનપત્ર **'Hicky's Bengal Gazette'** તા. 29 જાન્યુઆરી, 1780માં શરૂ કરવામાં આવ્યું હતું. ભારતમાં ગ્રંથાલય વિજ્ઞાનના પ્રથમ સામયિકનું શ્રેય **'Library Miscelleany'**ને અને વિશ્વમાં ગ્રંથાલય વિજ્ઞાનના પ્રથમ સામયિકનું શ્રેય **'Library Journal'**ને જાય છે, જેનું પ્રકાશન અમેરિકામાંથી ઈ.સ. 1876માં કરવામાં આવ્યું હતું.

સમગ્ર ભારતમાં સૌ પ્રથમ વખત ગ્રંથાલય વિજ્ઞાન વિષયક સામયિક **'Library Miscellany'**નું પ્રકાશન **'Public Library is the People's University'**ના ધ્યેયમંત્ર સાથે વડોદરા નરેશ સર સયાજીરાવ ગાયકવાડ-ત્રીજાનાં પ્રેરણા અને પ્રોત્સાહનથી વડોદરામાંથી ઑગસ્ટ 1912થી ત્રૈમાસિક સ્વરૂપે કરવામાં આવ્યું હતું. આ ત્રૈમાસિક (24 X 14 સે.મી.) સતત 6 વર્ષ સુધી નિયમિત રીતે પ્રકાશિત થતું રહ્યું હતું. તેનો અંતિમ અંક - વૉ. 6, અંક 3 અને 4, [સંયુક્ત] જુલાઈ અને ઑક્ટોબર, 1919નો, 12 એપ્રિલ, 1920ના રોજ પ્રગટ થયો હતો. આ સામયિકના પ્રારંભથી અંત સુધી તેનું મુદ્રણ 'લુહાણા મિત્ર સ્ટીમ પ્રેસ', શિવપુરા, બરોડા અને તેનું પ્રકાશન બી.એમ. દાદાચાનજી, બી.એ. દ્વારા 'લાઇબ્રેરી મિસેલેની' ઑફિસ, માંડવી રોડ, બરોડા દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રીમંત મહારાજાશ્રીના પ્રોત્સાહનથી આ સામયિક સ્વાયત્ત રીતે પ્રકાશિત કરવામાં આવતું અર્થાત રાજ્ય સરકારના પ્રકાશન તરીકે નહીં, જેની પ્રતીતિ સામયિકના અનુક્રમ પૃષ્ઠ ઉપરની નોંધથી થાય છે. 'This Journal is not a Publication of the Baroda Government & its Policy is not to be identified with the state policy'. આ સામયિકના સંપાદક તરીકે જે. એસ. કુડાલકર, એમ.એ., એલએલ.બી., (ડાયરેકટર ઑફ ડિપાર્ટમેન્ટ ઑફ લાઇબ્રેરિઝ ઑફ બરોડા સ્ટેટ)ની સેવાઓ મળી હતી. તેઓશ્રી અંગ્રેજી, મરાઠી અને સંસ્કૃતના વિદ્વાન હતા. વડોદરામાં જોડાતાં પૂર્વે તેઓશ્રી 'દયાનંદ અંગ્લો-વેદિક કૉલેજ', લાહોરમાં સંસ્કૃતના પ્રોફેસર તરીકે સેવાઓ આપતા હતા. વડોદરા રાજ્યમાં ગ્રંથાલય પ્રવૃત્તિના સુનિયોજિત વિકાસ હેતુ સમગ્ર ભારતમાંથી સંભવતઃ સૌ પ્રથમ વખત શ્રી જે. એસ. કુડાલકરને 1913માં અમેરિકા અને યુરોપનાં ગ્રંથાલયોની અભ્યાસ મુલાકાત લેવા માટે વડોદરા રાજ્ય દ્વારા ડેપ્યૂટ કરવામાં આવ્યા હતા. અમેરિકન ગ્રંથાલયી ડબલ્યૂ એ. બોર્ડનનો વડોદરામાંથી સેવાકાળ (1910-13) પૂરો થતાં કુડાલકર તેમની સાથે જ ઈ.સ. 1913માં અમેરિકાનાં ગ્રંથાલયોની અભ્યાસ-યાત્રાએ ગયા હતા.

પ્રસ્તુત સામયિકનો ઉદેશ અંગ્રેજી વિભાગના (Vol. 1, no. 1, p. 20)માં **'Our Selves'**/ [Editiorial]ના મથાળા હેઠળ : 'We have under-taken this venture, first because of the favourable library-situation that exits at present in the Baroda State, 2ndly, through a strong desire to push forward the 'mission of culture' that is, and 3rdly, with an intention of promoting an *'esprit de crops'* among the members of the profession and of developing the ideas of the 'Public Library being the essential part of the education system of the country'. જ્યારે ગુજરાતી વિભાગના સંપાદકીય (Vol. I, no. 1, p.3)માં : ''પુસ્તકાલય વિશે લોકોમાં જાગ્રતિ ઉત્પન્ન કરવાનો, યુરોપ, અમેરિકાદિ દેશોમાં તથા હિંદુસ્તાનના જુદા-જુદા ભાગોમાં પુસ્તકાલય સંબંધી પ્રગતિથી તેઓને વાકેફ રાખવાનો, સહયોગી લાઇબ્રેરિયનોને પુસ્તકાલયશાસ્ત્રના વિવિધ અંગોનું જ્ઞાન આપવા, પુસ્તકાલયની જનસમૂહ તરફ ફરજો દર્શાવવાનો તથા પુસ્તકો તથા પુસ્તકાલયો સંબંધી વિષયો ચર્ચવાનો આ પત્રનો ઉર્દેશ છે.'' સ્પષ્ટ કરવામાં આવ્યો છે, જે ધ્યાનાર્હ બની રહે છે.

'The Library Miscellany'ના પ્રત્યેક અંકમાં અનુક્રમે અંગ્રેજી, ગુજરાતી અને મરાઠી (ફકત વૉલ્યૂમ 4ના અંકોમાં મરાઠી ભાષાના લેખો સમાવિષ્ટ નથી) ભાષાઓમાં અનુક્રમે 155, 105 અને 52 લેખો પ્રકાશિત કરવામાં આવ્યા છે, જેની કુલ પૃષ્ઠ સંખ્યા અનુક્રમે 726, 631 અને 292 છે. અહીં ઉલ્લેખ કરવો રહ્યો કે આ ત્રણેય ભાષાઓના લેખો પ્રત્યેક અંકમાં સ્વતંત્ર પૃષ્ઠ ક્રમાંક હેઠળ પ્રકાશિત કરવામાં આવ્યા છે. ઉપર નિર્દેશિત લેખોની

સંખ્યામાં સંપાદકીય, ગ્રંથોની સમાલોચના અને Notes & Commentsની સંખ્યાનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આ સામયિકના બધા જ અંકોનું સાદ્યંત અવલોકન કરતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે આ સામયિક પ્રાયઃ 103થી 111 વર્ષ પૂર્વે પ્રકાશિત થયેલ હોવા છતાં તેની વાચનસામગ્રી ગ્રંથાલયિત્વના સંસ્કારઘડતર માટે આજે પણ પ્રેરક અને તરોતાજા અનુભવાય છે. આગળ ઉપર દર્શાવ્યા મુજબ આ સામયિક શરૂ કરવાનો ઉદ્દેશ મુખ્યતઃ દેશ-વિદેશની ગ્રંથાલય પ્રવૃત્તિથી પ્રજાજનોને માહિતગાર કરીને સાર્વજનિક પુસ્તકાલય પ્રવૃત્તિ માનવજીવનઘડતર માટે કેટલી મહત્વપૂર્ણ છે તે દર્શાવી આપવાનું રહ્યું છે, જેમાં આ સામયિક સફળ રહ્યું હતું. ત્રણેય ભાષાઓમાં પ્રકાશિત ગ્રંથાલયશાસ્ત્ર વિશેના લેખોમાં વિષયવૈવિધ્ય પણ ધ્યાનાર્હ બની રહે છે, જેમ કે, વર્ગીકરણ, ગ્રંથપાલની પસંદગી, વડોદરા રાજ્ય ઉપરાંત ભારતનાં અન્ય રાજ્યો અને વિદેશનાં પ્રમુખ ગ્રંથાલયો, ગ્રંથપ્રદર્શન, સાર્વજનિક ગ્રંથાલયની ઉપાદેયતા, વાઙ્મયસૂચિ, ગ્રંથપાલ અને શિક્ષક, ગ્રંથાલય અને બાળકો, જૈન જ્ઞાનભંડારો વગેરે અહીં આવરી લેવામાં આવ્યા છે.

અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થયેલા લેખો પૈકી કેટલાંકનાં શીર્ષકો, જેમ કે, Library Situation in Baroda (I-1), Scheme of Classification of Sanskrit Libraries (I-1), Baroda Library Club (I-1), Public Library for public education (I-3), What New York and Baroda states do for Libraries (I-3), Baroda and its Public Libraries (I-4), The Public Lirary as Factor of Social Life (II-1), Education & Libraries (II-2), Andrew Carnegie (II-3 & 4), The Library of Congress (II-3 & 4), The Worlds Largest Literary Work : The Chinese Encyclopaedia Maxima of 11100 Volume (III. 1 & 2), Library Progress in the Kadi District of the Baroda State (III. 1 & 2), Baroda Central Library Department (III-3 & 4), Andhradesh Library Association, Second Annual Conference (III-3 & 4), American and English Tributes to the Gaekwar (III-3 & 4), Special Libraries of Washington (IV-1), Libraries for the Troops (IV-2 & 3), Commercial Libraries (IV-4), American Library Association (V-1 & 2), The Late C. D. Dalal (VI.1 & 2), Two old Libraries of Japan (VI-1 & 2), The Jain Manuscript Bhandaras at Patan (VI-3 & 4) વગેરે. આ સામયિકની ગુણવત્તાને ધ્યાને લઈને દેશ-વિદેશનાં બહુવિધ સામયિકો, જેમ કે, 'The Dial', 'Library Association Record', 'Leader', 'Modern Reviews', 'The Time of India', 'સાંજ વરતમાન', 'સુંદરી સુબોધ', 'જામે જમશેદ', 'અમૃત બજાર પત્રિકા' વગેરેએ તેની ભૂરી ભૂરી પ્રશંસા કરી છે. અહી ગ્રંથાલયશાસ્ત્ર ઉપરાંત સાહિત્ય, સાહિત્યકારો અને આનુષંગિક વિષયો સંબંધી લેખો પણ જોવા મળે છે, જેમ કે, Rabindra Nath Tagore (II-2), A Survey of Marathi Literature (II-3 & 4), Indian Museums (II-3 & 4), Gujarati Poets and the Reformation (III-1 & 2), Indian Patronage of Sanskrit Literature (IV-1 & 2), Tilakwada Copper-plate Inscription... (IV-3 & 4), Research of old Sanskrit Manuscripts (IV-4), Existing Editions and Manuscripts of the Mahabharat (VI-3 & 4) વગેરે. વધુમાં 'Library Notes & Comments' વિભાગમાં દેશ-વિદેશનાં ગ્રંથાલયો વિશેના સમાચારોની નોંધો વાચકને આશ્ચર્યચકિત પમાડે તેવી છે, વિશ્વ પ્રસિદ્ધ ગ્રંથાલયોમાં સંગૃહીત પુસ્તકોની સંખ્યા, નોંધપાત્ર ગ્રંથાલયોનો પરિચય, ઑક્સફર્ડ ઇંગ્લિશ ડિક્સનેરીના સંપાદક James A. H. Murray, ગ્રંથાલયશાસ્ત્રી જેમ્સ ડફ બ્રાઉન વગેરેના અવસાનની નોંધો, શ્રી પ્રતાપ કૉલેજ, શ્રીનગરના ગણિતશાસ્ત્રના પ્રોફેસર વાય કે. કુન્તે મુંબઈ યુનિવર્સિટીના ગ્રંથપાલપદે નિયુકત થતાં તેમને લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાં ગ્રંથાલય વિજ્ઞાનના અભ્યાસ અર્થે લંડન મોકલવા (II-2 નવેમ્બર, 1913), વિદેશી ગ્રંથાલયોના અહેવાલો, શાળાનાં બાળકો માટે વર્તમાનપત્રો, ઇંગ્લૅન્ડની પાર્લમેન્ટનાં પેપર્સની સૂચિ : 1901-1910, વિવિધ ગ્રંથાલયો વિશે સંક્ષેપમાં પરિચય, વિશ્વનાં ગ્રંથાલયો વિશેની મહત્ત્વપૂર્ણ ઘટનાઓની નોંધો વગેરે અહીં ભારત, યુરોપ અને અમેરિકાનાં મથાળાં હેઠળ વિભાજિત કરીને

દર્શાવવામાં આવી છે. આજથી 100 વર્ષ પૂર્વે ભારતનાં વિવિધ રાજ્યો તેમજ વિવિધ દેશોની ગ્રંથાલયપ્રવૃત્તિ વિશે આવી ઝીણામાં ઝીણી અને પ્રેરક માહિતી સંપાદકે કઈ રીતે મેળવી હશે ? આ બધી માહિતી મેળવવાનો સંપાદકીય પુરુષાર્થ, દૃષ્ટિ અને નિષ્ઠા અભિવંદનીય બની રહે છે.

અહીં સમાવિષ્ટ લેખો પૈકી પ્રસ્તુત સામયિકના સંપાદક જે. એસ. કુડાલકર કૃત The Sage of Lake Placid Dr. Melvil Dewey : Interview & Memior (II-2, Nov. 1913)એ એક ઐતિહાસિક મૂલ્ય ધરાવતો લેખ છે. આગળ ઉપર ઉલ્લેખ કર્યા મુજબ શ્રી કુડાલકર સંભવતઃ પ્રથમ ભારતીય ગ્રંથાલયશાસ્ત્રી છે કે જેમને વડોદરા રાજ્ય દ્વારા અમેરિકા અને યુરોપમાં ગ્રંથાલયોની અભ્યાસ મુલાકાત માટે મોકલવામાં આવ્યા હતા. તેમણે અમેરિકાની અભ્યાસ-યાત્રા દરમિયાન ડૉ. મેલ્વિલ ડ્યૂઈની મુલાકાત લેક પ્લેસિડમાં લીધી હતી. સંભવતઃ કુડાલકર પ્રથમ ભારતીય ગ્રંથાલયશાસ્ત્રી હશે કે જેમણે સૌ પ્રથમ વખત મેલવિલ ડયૂઈની મુલાકાત લીધી હશે. આ સંબંધી વિસ્તૃત અને રસપ્રદ વર્ણન પ્રસ્તુત લેખમાં કરવામાં આવ્યું છે. શ્રી કુડાલકરે નોંધ કરી છે કે 'After the premilinary formalities were over and he had listened with kind intrest to the wonderfull tale of the first free public library system in India organized by the Royal sage of Baroda he plunged deep into his favourities topics of American libraries...'' (p. 69). જોકે હાડ ધ્રુજાવી દે તેવી ઠંડી અને રમણીય પ્રદેશનું વર્ણન કરતાં-કરતાં આ મુલાકાત તેમણે કઈ તારીખે લીધી હતી, તેનો આ લેખમાં ઉલ્લેખ કરવાનું જ ચૂકી ગયા છે. જોકે શ્રી કુડાલકર 1913માં ડબલ્યૂ એ. બોર્ડનની સાથે જ અમેરિકા ગયા હતા, તેથી તેમણે વર્ષ 1913માં જ મુલાકાત લીધી હશે. આ લેખ ઉપરાંત ડબલ્યૂ એ. બોર્ડનનો વડોદરા રાજ્યમાં સેવાકાળ પૂર્ણ થતાં તેમના વિદાય-સન્માન સમારોહનો પ્રસંગ તથા વિદાયમાન અને આ સાથે સમગ્ર સ્ટાફ સાથેનો ફોટોગ્રાફ આ સામયિકની મોંઘેરી મિરાત બની રહે છે.

આ સામયિકના ગુજરાતી વિભાગના સંપાદક તરીકે સંસ્કૃત-પ્રાકૃતના પ્રકાંડ પંડિત ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ (સી. ડી. દલાલ)ની સેવાઓ મળી હતી. જોકે ગુજરાતી વિભાગના સંપાદક તરીકે સી. ડી. દલાલના નામનો ક્યાંય ઉલ્લેખ નથી, પરંતુ તેમના સન્મિત્ર અને 'બુદ્ધિપ્રકાશ'ના સંપાદક હીરાલાલ પારેખે દલાલનું આકસ્મિક અવસાન થતાં સંપાદકીય શ્રદ્ધાંજલિ લેખ 'સ્વ. ભાઈ ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ, એમ. એ.' શીર્ષક હેઠળ 'લાઇબ્રેરી મિસેલેની' વૉ.-6, અંક 1 અને 2, 1919ના ગુજરાતી વિભાગના પૃ. નં. 6-16માં પ્રકાશિત છે, તેમાં નોંધ્યું છે કે 'નવી લાઇબ્રેરી પદ્ધતિનો પ્રચાર કરવા અને તેના જ્ઞાનનું સાહિત્ય ઉત્પન્ન કરવા, લાઇબેરી ખાતા તરફથી એક લાઇબ્રેરી ત્રૈમાસિક કાઢવાની યોજના કરવામાં આવી. આમાંના ગુજરાતી વિભાગનું બધું જ કામ અને તેનું તંત્રીપદ રા. દલાલને સોંપાયું. એ ઉપરાંત સંસ્કૃત પુસ્તકોનું શાસ્ત્રીય ધોરણ પર વર્ગીકરણ કરવાનું કાર્ય તેમણે હાથ ધર્યું અને તે કાર્ય સંપૂર્ણ ફતેહમંદ થાય તે માટે દેશના જુદા-જુદા વિદ્વાનોને પત્ર લખી તેમના અભિગમ અને સૂચનાઓ મેળવ્યાં. આ રીતે લગભગ ત્રણેક વર્ષ આ નવા લાઇબ્રેરી વિષયનું જ્ઞાન સંપાદન કરવામાં અને તેનો પ્રચાર કરવામાં અને તેનું સાહિત્ય તૈયાર કરવામાં તેમણે ગાળ્યાં.' આ ઉપરાંત ઉપર્યુક્ત અંકના અંગ્રેજી વિભાગમાં પૃ. 10-14 ઉપર 'The Late Mr. C. D. Dalal' શીર્ષક હેઠળના કોઈ અજ્ઞાતકર્તા [સંભવત : સંપાદક : જે. એસ. કુડાલકર]ના લેખમાં સુસ્પષ્ટ નોંધ્યું છે કે સ્વ. દલાલ 'Library Miscelleny'ના પ્રારંભકાળથી જ તેના – Associate editor હતા અને ગુજરાતી વિભાગની સંપૂર્ણ જવાબદારી તેઓ સંભાળતા હતા. વધુમાં, તેમના વિદ્વત્ત અને સામર્થ્યશીલ સંપાદકત્વ વિશે નોંધ્યું છે કે : ''How by his able and scholarly articles he made the 'Library Miscellany' popular in the Gujarati reading public and was instrumental in spreading far and wide the gospel of the Public Library in Gujarat is known to all the Gujaratis. But it is not only as the Gujarati editor of the 'Library Miscellany' that we have to appreciate his valuable work. As a member of the staff of the Baroda Central Library and as an excellent scholar of Gujarati & Sanskrit literature he has placed the Baroda State, the whole of Gujarat and

the Sanskrit literary world under a heavy debt of gratitude.'' (P. 10). આ જ વાતની પુષ્ટિ ડૉ. ભોગીલાલ સાંડેસરા અને જયંત પ્રે. ઠાકર દ્વારા સ્વ. દલાલના અવસાનના ચાર દશક બાદ પ્રકાશિત તેમના લેખોમાં કરવામાં આવી છે.

ગુજરાતી વિભાગમાં કુલ પ્રકાશિત 105 જેટલા લેખો પૈકી ગણતરીના લેખો – 'પુસ્તકાલય તરફ જનસમૂહની ફરજો' (I-1) અને પુસ્તકાલયમાં નવલકથાનું વાચન (V-1-2)ના લેખક તરીકે કલ્યાણરાય ન. જોષી, 'પુસ્તકાલય એ જ દેવાલય' મંજુલાલ દવેકૃત, (IV-1) The Jain Bhandars at Patan / by. J. S. Kudalker (IV-3 & 4) વગેરેમાં તેના કર્તાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જ્યારે બાકીના કોઈ લેખોમાં તેના લેખકના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જ્યારે અંગ્રેજી અને મરાઠી ભાષાના લેખોમાં જે તે લેખકના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમ છતાં ગુજરાતીમાં પ્રકાશિત લેખોની ભાષા-શૈલી, તેમના સમકાલીનોના અભિપ્રાયો વગેરેને ધ્યાને લેતાં કર્તાના નામનો ઉલ્લેખ સિવાયના ગુજરાતી લેખોનું કર્તૃત્વ સી. ડી. દલાલનું રહ્યું હશે તેમ સ્વીકારવામાં કોઈ અનૌચિત્ય જણાતું નથી.

અંગ્રેજી ભાષામાં પ્રગટ થયેલો C. D. Dalal કૃત લેખ 'Scheme of Classification for Sanskrit Libraries' (Vol. I, no. 1 August, 1912) : 3 – 8માં સંસ્કૃત પુસ્તકોના વર્ગીકરણનો કોઠો તૈયાર કરી આપવાની સાથે વર્ગીકરણ પદ્ધતિ વિશેનું તેમનું અવલોકન 'But those libraries, as those in the medieavel times in Euope, did not know of any scientific classification... The essentials of a good scheme of classification are that it should be universal in scope, essay to apply, logical and scientific, flexible and expansive. The scheme which is here submitted for discussion and suggestions is comprehensive as far as it does not omit or neglect any branch of knowledge that is found, or to be found, in Sanskrit literature' તેમજ ગુજરાતી પુસ્તકો માટે વર્ગીકરણ વિશેના લેખમાં આ વિશેનું તેમનું ચિંતન ''વર્ગીકરણની પદ્ધતિ શાસ્ત્રીય હોવી જોઈએ. એટલું જ નહિ પણ તે ઉપરાંત ઓછી ખર્ચાળુ, સહેલાઈથી સમજી શકાય એવી સિદ્ધાંતાત્મક કરતાં વધારે ક્રિયાત્મક, ટૂંકી અને પરિમિત અંકન પદ્ધતિવાળી (notation) ન્હાનામાં ન્હાનાથી મ્હોટામાં મોટા પુસ્તકાલયને લાગુ પાડી શકાય એવી, વિસ્તારલક્ષી અને સાહિત્યના ભાવિ વિષયના વિકાસને ધ્યાનમાં લેનારી હોવી જોઈએ. ગુજરાતી સાહિત્ય અત્યારે સંક્રમિત યુગમાં છે. અને તેથી આવી પદ્ધતિ જે તેને કઈ દિશામાં દોરાવવાની જરૂર છે તેની આવશ્યકતા નિર્વિવાદ છે.'' તજ્જ્ઞ વર્ગીકરણકારનું દ્યોતક બની રહે છે. આ જ રીતે 'પ્રાયોગિક વર્ગણા' શીર્ષક હેઠળના લેખ (વૉ. 1, અંક-3, ફેબ્રુઆરી 1913 અને અંક 4 મે 2013)માં વર્ગીકરણ પ્રાયોગિકની સમજૂતી આપવાની સાથે કોઈ પુસ્તકનું વર્ગીકરણ કરતાં પૂર્વે ધ્યાનમાં લેવા જેવી બાબતોની શીખ આજે એક સદી બાદ પણ તરોતાજા બની રહે છે. ગુજરાતી પુસ્તકો માટેની વર્ગીકરણ પદ્ધતિમાં તો તેમણે પ્રત્યેક વિભાગમાં કેવાં પુસ્તકો સમાવિષ્ટ કરી શકાય તેનું એક એક ઉદાહરણ પણ આપ્યું છે. સૂચિકરણના હાર્દને ઉજાગર કરતું તેમનું મંતવ્ય ''જ્ઞાન તથા ડહાપણ તેના શોધકને થાય તથા પુસ્તકાલયનો ભંડાર ઢાંકેલો ન રહે તે વાસ્તે પુસ્તકાલયમાં સારા શબ્દાનુક્રમણિકાવાળા કેટલોગની જરૂર છે'' - (1.1. પૃ. 10) પણ સુચિંતનીય બની રહે છે. ગ્રંથાલયશાસ્ત્રના વ્યાપક વિષયફલકને આવરી લેતા તેમના લેખોમાંથી પસાર થતાં તેમની મૌલિકતા અને વિષય ઉપરના પ્રભુત્વની સહજમાં પ્રતીતિ થાય છે. આ સાથે જ દેશ-વિદેશની ગ્રંથાલય પ્રવૃત્તિ અને વિવિધ પ્રકારનાં ગ્રંથાલયોથી તરોતાજા રહેવાનું વલણ પણ ધ્યાનાર્હ બની રહે છે.

ગુજરાતી વિભાગમાં પ્રગટ થયેલા શતાધિક લેખો પૈકી ગુજરાતી પુસ્તકો વાસ્તે વર્ગીકરણ પદ્ધતિ (I-1), પુસ્તકાલયશાસ્ત્રનું શિક્ષણ (I-2), બ્રિટિશ - મ્યુઝિયમ (I-2), છોકરાંઓ અને પુસ્તકાલય (1.4), વડોદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિ (II-3&4), પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગુજરાતી સાહિત્ય (III-1 & 2), શિક્ષક અને લાઇબ્રેરી વચ્ચેનો સંબંધ (III-3 & 4), પુસ્તકાલય એ જ દેવાલય (IV-1), અમેરિકન પુસ્તકાલયના નોકરો (IV-2 &3 ), અમેરિકામાં બાલપુસ્તકાલય પ્રવૃત્તિ (IV-1), પુસ્તકાલયના આશીર્વાદ ઘેર-ઘેર પહોંચાડવાની એક યોજના (IV-2 & 3), વાચનનો

શોખીન લાઇબ્રેરિયન (V-1 & 2), ઑસ્ટ્રેલિયામાં સાર્વજનિક ગ્રંથાલયો (V-1 & 2), ગુજરાતમાં પુસ્તકાલયોનો ફેલાવો (V-3 & 4), સ્વ. ભાઈ ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ (VI-1 & 2), આંધળા માટે સંગ્રહસ્થાનની યોજના (V-1-2), પુસ્તકાલયનું આરોગ્યવિજ્ઞાન (VI-1&2), પુસ્તકાલયમાં રાખવાં જોઈતાં શંકા-સમાધનનાં પુસ્તકો (VI-3 & 4), વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. ગુજરાતી વિભાગમાં ગ્રંથાલય વિજ્ઞાનના લેખો ઉપરાંત વડોદરા રાજ્યમાં છપાયેલાં પુસ્તકોની ત્રૈમાસિક સમાલોચના, (વૉ. I-2, 3, 4, II-1, 2) સ્ફૂટ નોંધ અંતર્ગત દેશ-વિદેશની ગ્રંથાલય પ્રવૃત્તિ, ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં પુસ્તકોની વર્ગીકૃત યાદી, મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિ, બોલ્શેવિઝમ (VI-1 & 2), પુસ્તકાલયમાં નવલકથાનું વાંચન (V-1-2) વગેરે લેખો ઉલ્લેખનીય બની રહે છે. એક ખાસ ધ્યાનાર્હ બાબત એ છે કે ગુજરાતી વિભાગનું મુદ્રણ દેવનાગરી લિપિમાં કરવામાં આવ્યું હતું. અર્થાત્ ગુજરાતી લેખો ગુજરાતી લિપિમાં નહીં, પરંતુ દેવનાગરી લિપિમાં મુદ્રિત કરવામાં આવતા હતા.

મરાઠી વિભાગમાં પ્રમાણમાં ઓછા લેખો સમાવિષ્ટ છે, જોકે અંગ્રેજી અને ગુજરાતી વિભાગના લેખોની માફક, વિષયવૈવિધ્ય પણ જોવા મળે છે. જ્ઞાનસેવાનાચ મુક્તદ્વાર કિંવા વાગેદેવીચા વિહાર/કાશીબાઈ હર્લેકર (I-1), ગ્રંથસંગ્રહાલયાંતી પુસ્તકોચી નિવડ/વિષ્ણુ રામચંદ્ર ઠકાર (I-2), અમેરિકન પુસ્તકાલય-મંડળાચી યુદ્ધગત કામગીરી (V-1 & 2). કાશીનાથ કૃષ્ણ લે-લે કૃત એક વિશિષ્ટ લેખ 'ધાર યેથીલ શૈલ ગ્રંથાલય - Inscriptions Library' (I-4) વગેરે વિશેષ ધ્યાન ખેંચે છે. ગ્રંથાલયશાસ્ત્ર ઉપરાંત મુંબઈ મરાઠી ગ્રંથ સંગ્રહાલય, મરાઠી સ્ત્રીયોપયોગી સાહિત્યસૂચિ, મરાઠી સાહિત્ય, સંમેલન, સિનેમા આણિ શિક્ષણ, વગેરે લેખો ધ્યાનાર્હ બની રહે છે.

સમગ્રતયા, અંગ્રેજી, ગુજરાતી અને મરાઠી ભાષામાં પ્રકાશિત ગ્રંથાલયશાસ્ત્રના લેખો વિચારોત્તેજક હોઈ એક અણમોલનિધિ છે. વધુમાં દેશ-વિદેશનાં ગ્રંથાલય ભવનો, વડોદરા રાજ્યના મોંઘેરા મુલાકાતીઓ વગેરે વિશેના કુલ 50 જેટલા ફોટા પણ એક મોટી નિધિ છે. આથી પણ વિશેષ વડોદરા રાજ્યની ગ્રંથાલયપ્રવૃત્તિની દસ્તાવેજી સામગ્રી તેમજ સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના ગ્રંથાલય વિશેના વિચારો આ અંકોમાં ધરબાયેલા છે. આ ઉપરાંત દેશ-વિદેશનાં ગ્રંથાલયોની ગતિવિધિઓ પણ આ અંકોમાં ઝિલાઈ છે. અહીં વિદેશોનાં ગ્રંથાલયો / ગ્રંથાલય પ્રવૃત્તિ કે ગ્રંથાલય વિજ્ઞાન સંબંધી પસંદગીના લેખો અમેરિકા અને યુરોપનાં વિવિધ સામયિકોમાંથી જેમ કે, 'The Library Journal', 'Boston Transcript', 'The Library Association Record', 'The Athenaeum' વગેરેમાંથી સાભાર પુનર્મુદ્રિત કરવાનું વલણ સંપાદકીય સૂઝબૂઝનું દ્યોતક બની રહે છે. સાર્વજનિક ગ્રંથાલય અને તેની વિભાવના, વાંચનનું મહત્ત્વ, વયસ્કો અને બાળકોને ગ્રંથાલય પ્રતિ અભિપ્રેરિત કરવા સંબંધી લેખો વગેરેની દૃષ્ટિએ આ સામયિક એક અણમોલ ધરોહર સમાન છે. તેના બધા જ અંકોનું પુનર્મુદ્રણ કરવાની સાથે તેનું સટિપ્પણ લેખ્યસૂચિકરણ બહુવિધ રીતે આવકાર્ય બની રહેશે.

ગુજરાતનું ગ્રંથાલયજગત શ્રી કૌશિક શાહ (ડાયરેક્ટર ઑફ લાઇબ્રેરિઝ, ગુજરાત સરકાર, ગાંધીનગર)નું આભારી રહેશે કે જેમણે પોતાની સેવાનિવૃત્તિ પૂર્વે 'The Library Miscellany'ના બધા જ અંકો મેળવીને 2017માં તેની સીડી તૈયાર કરી આપી. શ્રી કૌશિકભાઈ અને તેમના સાથીઓની દૂરંદેશિતાને સલામ. આ સામયિક માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ સમગ્ર ભારતના ગ્રંથાલય ક્ષેત્રનું એક મહામૂલું આભૂષણ છે, જેની પ્રતીતિ માટે 'The Dial'ના જુલાઈ 1, 1913ના અંકની નોંધ પર્યાપ્ત થઈ રહેશે : 'The Library Miscellany' first and at present the only Journal of its kind in India... It contains an unexpected richness of varied matter all having to do with library work and progress at home and abroad; and it continues its heroic undertaking of pinting its matter in three languages, English, Gujarati and Marathi. That so considerable and necessarily expensive a library Journal should be able to maintain itself in a country where the library movement is in its infancy is cause for surprise and congratulations.'

**મણિભાઈ પ્રજાપતિ**

(નોંધ : આ સામયિકના પ્રકાશિત બધા જ અંકોની મૂળપ્રત અને સી. ડી. મધ્યસ્થ ગ્રંથાલય, માંડવી, વડોદરામાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત archive.org ઉપર પણ આ સામયિક સુલભ છે.)

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર શાખાનો પ્રારંભ

ગુજરાતના પાટનગર ગાંધીનગર જેવા અગત્યના શહેરમાં આ સંસ્થા તરફથી શિક્ષણ સંસ્થાઓ શરૂ કરવાનો વિચાર આજથી સાતેક વર્ષ ઉપર આવેલો. તે વિચારે મૂર્ત સ્વરૂપ ધારણ કર્યું છે અને ગાંધીનગર શાખાનું કામકાજ આગળ વધી રહ્યું છે.

ગાંધીનગરમાં શિક્ષણ સંસ્થાઓ માટે 20 એકર જમીન આપવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડી તરફતી તા. 8-7-70ના રોજ ગુજરાત સરકારમાં માગણી કરવામાં આવી હતી. આ સંબંધમાં કેટલોક પત્રવહેવાર ચાલ્યા પછી તા. 11-6-71નો જી.આર.પી.ડબલ્યુ.ડી.નં. એલ.એન.ડી./ આર.ઇ.એલ. 1070/56085/(51) આર કરીને સરકાર તરફથી ગાંધીનગર ખાતે સેક્ટર નં. 23માં 13 એકર જમીન એલોટ કરવામાં આવી. આમાં શરત હતી કે સદર જમીન ઉપર ત્રણ વર્ષમાં શિક્ષણ સંસ્થાઓ માટે મકાનો બાંધવાં.

ગુજરાત સરકાર તરફથી અનેક ઉઘરાણીઓ છતાં આ કામમાં કોઈ પ્રગતિ મંડળ તરફથી થઈ શકી ન હતી. આ દરમિયાન શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલનું સન્માન કરી તેમને સન્માન થેલી અર્પણ કરવાનું નક્કી થયું. તા. 16-5-76ની મંડળની સાધારણ સભાની બેઠક વખતે સન્માન થેલીની રકમ ગાંધીનગરના કાર્ય માટે વપરાય એવી ઇચ્છા મુ. શ્રી દાસકાકાએ બધા ભાઈઓની અનુમતિ સાથે જાહેર કરી અને સાધારણ સભાએ સંસ્થાને એલોટ થયેલી જમીન ઉપર મકાનોનું ખાતમુહૂર્ત કરાવનો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો. સાથે-સાથે શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની સાધારણ સભાએ ગાંધીનગરના કામ માટે રૂ. 31000ની દેણગી સર્વાનુમતે જાહેર કરી કામની શુભ શરૂઆત કરી આપી. આમ ઘણા સમયથી પડી રહેલું કામ જાગ્રત થઈ ચાલમાં આવ્યું.

સંસ્થાને એલોટ થયેલી જમીન ઉપર શિક્ષણ સંસ્થાઓનાં મકાનો બાંધવાની મંજૂરી આપવા માટે તા. 13-6-76ના રોજ સરકારમાં માગણી કરી અને તેના અનુસંધાનમાં શાળા, છાત્રાલય, ભોજનાલય, ગૃહપતિ નિવાસ વગેરેના પ્લાન તૈયાર કરી તા. 16-7-76ના રોજ સરકારમાં રજૂ કર્યા.

ગુજરાત સરકારે પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટ રેઝોલ્યુશન નં. એલ. એન.ડી/ઇડીએલ/1070/56085 (51) આર તા. 1-2-77નો કરીને મંડળને અગાઉ એલોટ કરેલી તેર એકર પૈકી સાડા છ એકર જમીનનો કબજો સોંપવા હુકમ કર્યો. તેમાં શાળા, છાત્રાલય વગેરે મકાનોના બાંધકામ નીચે આવતી જમીનથી ત્રણ ઘણી જમીન એટલે 4140 ચો. મીટરના દર મીટરે રૂ. 15 પ્રમાણે રૂ. 62100) ભરવાનું તેમજ 6.5 એકર પૈકી બાકીની જમીન વાર્ષિક રૂ. 1ના ભાડાથી મંડળને આપવાનું ઠરાવ્યું. તા. 3-1-77ના રોજ મંડળે રૂ. 62100નો ચેક શ્રી કાર્યપાલક ઇજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ-2ના નામનો મોકલી આપી નાણાં ભરી દીધાં અને તા. 28-4-77ના રોજ સરકાર સાથે એગ્રીમેન્ટ કરી તે જ તારીખથી 6.5 એકર જમીનનો કબજો સંભાળી લીધો. સદર એગ્રીમેન્ટ પ્રમાણે સરકારને આપણે જે કબૂલાત આપી તે મુજબ આ જમીન ઉપર ભવિષ્યમાં પણ જે કોઈ વધારાનું બાંધકામ કરીએ તેમાં બાંધકામ નીચે આવતી જમીનથી ત્રણ ઘણી જમીનના દર ચોરસ મીટરે રૂ. 15 લેખે સરકારને આપવાના અને બાકીની જમીન વાર્ષિક રૂ. 1ના ભાડાથી મંડળ પાસે રહે.

### શેઠ શ્રી લક્ષ્મીકાન્તભાઈ તરફથી બે લાખ રૂપિયાનું દાન

શેઠ શ્રી લક્ષ્મીકાન્તભાઈએ તા. 12--9-77ના રોજ કડીની સંસ્થાઓની મુલાકાત લીધી અને તેની કામગીરી વિસ્તૃત રીતે રસપૂર્વક નિહાળી અને પોતાનો સંતોષ વ્યક્ત કર્યો. તેમની તરફથી તા. 9-10-77ના રોજ ગાંધીનગરમાં આપણે બાંધવા માગતા હતા તે સ્કૂલના મકાન માટે બે લાખ

રૂપિયાની ઉદાર સખાવત જાહેર કરી. મંડળે સદર હાઈસ્કૂલનું નામ ''શેઠ ચંદુલાલ માધવલાલ હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલ'' આપવાનો નિર્ણય લીધો.

શેઠ ચંદુલાલ માધવલાલ હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી હાઈસ્કૂલના મકાનનું ખાતમુહૂર્ત તા. 3-11-77ના દિવસે શ્રી હીરાલાલ ભગવતીના વરદ હસ્તે કરવામાં આવ્યું. સભાના પ્રમુખસ્થાને ગુજરાત વેપારી મહામંડળ, અમદાવાદના પ્રમુખ શ્રી હસમુખલાલ ચીમનલાલ શાહ હતા. આ સમારંભમાં શ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસે અતિથિ વિશેષ તરીકે હાજર રહી આપણા કાર્યને આશીર્વાદ આપ્યા હતા. સમારંભમાં અમદાવાદ અને ગાંધીનગરના તથા આજુબાજુના ગામોના ભાઈઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રસંગ સારી રીતે ઉમંગપૂર્વક ઉજવાયો હતો. તેથી આ કાર્ય માટેના ઉત્સાહમાં વધારો થયો હતો.

હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલના મકાન પ્લીન્થ એરિયા 962 ચો.મીટર છે. તેમાં ભોંયતળિયે 11 ઓરડા છે. જેમાં બે ઓરડા લેબોરેટરી વગેરે માટેના મોટા ઓરડા છે. તે જ પ્રમાણે 11 ઓરડા પહેલે માળે આવેલા છે.

ખાતમુહૂર્ત પછી તરત મકાન બાંધકામની શરૂઆત કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ભોંયતળિયાના માળનો સ્લેબ નંખાઈ ગયો છે અને પ્રથમ માળનું ચણતર ચાલુ છે, તે લીટલ સુધી આવ્યું છે અને લીંટલનું કામ ચાલુ છે. આશા રાખીએ છીએ કે મે આખર સુધીમાં ભોંયતળિયાના માળનું પ્લાસ્ટર, ફ્લોર, બારીબારણાં અને રંગરોગાનનું કામકાજ પૂરું થઈ  તે ભાગ વાપરવા માટે સંપૂર્ણ તૈયાર થઈ જશે. દરમિયાનમાં પ્રથમ માળનું કામકાજ ઘણું આગળ વધી ગયું હશે અને જલદી પૂરું થઈ જશે.

### ભારત વિજય મિલ્સ લિ. કલોલ તરફથી છાત્રાલય માટે એક લાખ રૂપિયાનું દાન

કલોલની ભારત વિજ મિલ્સ લિ. તરફથી ગાંધીનગરના છાત્રાલય માટે રૂ. એક લાખનું દાન આપણને આપવાનું નક્કી થયું અને તે રકમનો ચેક તા. 26-12-77ના રોજ સંસ્થાને આપી દેવામાં આવ્યો છે. આ છાત્રાલયનું નામ ''પુરુષોત્તમદાસ એન્ડ ભીખાભાઈ હૉસ્ટેલ'' આપવાનો આપણે નિર્ણય કર્યો છે.

### મહેન્દ્ર મિલ્સ લિ. કલોલ તરફથી છાત્રાલય માટે એક લાખ રૂપિયાનું દાન

કલોલની મહેન્દ્ર મિલ્સ લિ. તરફથી ગાંધીનગર ખાતે બીજું છાત્રાલય બાંધવા સારૂ એક લાખ રૂપિયાનું દાન મળ્યું છે.

હૉસ્ટેલના પ્લાન મંજૂરી માટે સરકારમાં રજૂ કર્યા છે. આમાં ભોંયતળિયે દશ ઓરડા અને પહેલા મજલે 10 ઓરડા થશે. દરેક ઓરડામાં 4 છાત્રો રહેશે. અલગ રસોડું-ભોજનાલય, સેનિટરી યુનિટ, ગૃહપતિનિવાસ થશે. તેનો એક હૉસ્ટેલનો પ્લીન્થ એરિયા624.72 ચો.મીટર છે. આવી પાંચ હૉસ્ટેલો આપણે બાંધવા માગીએ છીએ. એ રીતે 400 છાત્રોને આપણે સગવડ આપવા માગીએ છીએ.

### અન્નપૂર્ણા-ભોજનાલય માટેનું દાન

વામજ તા. કડીના વતની અને હાલ યુ.એસ.એ.માં રહેતા શ્રી બાબુભાઈ કેશવલાલ વનમાળીદાસ પટેલે તેમનાં માતુશ્રીના નામે ''શ્રીમતી કાશીબેન અન્નપૂર્ણા ભોજનાલય'' બાંધવા માટે રૂ. 31,000નું દાન આપ્યું છે.

### હાઈસ્કૂલના ઓરડાઓ માટે દાન

હાઈસ્કૂલના ઓરડાઓ ઉપર તકતી મૂકવા માટે નીચેના દાન મળ્યાં છે.

| | | |
|---|---|---|
| 11000-00 | શ્રી માણેકલાલ હરગોવિંદાસ | અમદાવાદ |
| 11000-00 | શ્રી રણછોડભાઈ હરિબાઈ પટેલ | વિજાપુર |
| 11000-00 | સ્વ. શેઠ ચંદ્રપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી હા ભાઈ જાબાલ ચંદ્રવદન તથા તિલોત્તમાબેન ચંદ્રવદન લશ્કરી. | અમદાવાદ |
| 11000-00 | શ્રી બળદેવભાઈ ડોસાભાઈ | અમદાવાદ |

### વધુ જમીનની જરૂર

સેક્ટર 23માં આપણને એલોટ થયેલી 13 એકર પૈકી 6.5 એકર જમીનનો કબજો આપણને સોંપવામાં આવ્યો છે. તેમાં હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલનું મકાન બંધાઈ રહ્યું છે. તેમાં પ્રાથમિક શાળાનું મકાન બાંધવાનું છે. વિદ્યાર્થીઓ ખુલ્લામાં હૉકી, ફૂટબૉલ, ક્રિકેટ, ખોખો, હુતૂતૂતૂ વગેરે રમતો રમે અને તંદુરસ્ત અને મજબૂત બને તે માટે સરકાર પ્રયાસો કરે છે. આ કામ શિક્ષણ સંસ્થાઓએ કરવાનું હોય છે. તેથી હાઈસ્કૂલ અને પ્રાથમિક શાળાઓ સાથે વિશાળ ખુલ્લાં મેદાન જોઈએ. સારા હવામાન માટે બાગબગીચા અને ઝાડપાન જોઈએ.

આથી 6-5 એકરમાં જ હૉસ્ટેલો બાંધવામાં આવે તો બધું ગીચોગીચ થઈ જાય.

આ સારૂ આપણે બીજી 6-5 એકર જમીન જે આપણને એલોટ કરવામાં આવેલી હતી. તેમાં હૉસ્ટેલો બાંધવા પરવાનગી માગી છે. આપણને કબજે આપવામાં આવેલ 6-5 એકર જમીનને અડીને જ આપણે માગણી કરી છે તે જમીન આવેલી છે. શાળાની પડોશમાં જ છાત્રાલયો હોય તો વાતાવરણ અને વ્યવસ્થા સારાં રહે.

આ માટે આપણે જાન્યુઆરી 1978માં માગણી કરી હતી, પણ હજુ સુધી તેનો કંઈ નિવેડો આવ્યો નથી. દરમિયાનમાં સરકારે 11-9-78નો જી.આર. કરી આપણને કબજે આપેલ જમીનમાં જ બે હજાર ચોરસ મીટરમાં હૉસ્ટેલ બાંધવા માટે મંજૂરી આપી છે અને તે માટે ચોરસ મીટરે રૂ. 15 ભરવા જણાવ્યું છે.

**શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ સન્માન થેલી**

આપણા શૈક્ષણિક, સામાજિક અને જાહેરજીવનના વિવિધ ક્ષેત્રોના અગ્રીમ કર્ણધાર શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા)ની દીર્ઘકાલીન સેવાઓને સન્માનવા માટે વિચાર કરવા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ તથા તેમના મિત્રો, સ્નેહીઓ અને પ્રસંશકોની એક સભા તા. 29-2-76ના રોજ કડીમાં મળી હતી. તેમાં મુ. દાસકાકાને સન્માનાર્થે સારી રકમની થેલી અર્પણકરવાનો તથા સન્માનગ્રંથ પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો તો. અને તે કામ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી શરૂ કરવામાં આવ્યું હતું.

અહીં આગળ જણાવી ગયા તેમ તા. 16-5-76ની મંડળી વાર્ષિક સાધારણ સભા વખતે આ કાર્યની ચર્ચા નીકળતાં મુ. દાસકાકાએ સન્માન ફંડની રકમ ગાંધીનગર શાખાના કામમાં વપરાય તેવી ઇચ્છા સર્વ સંમતિ મેળવી જાહેર કરી. તેથી ઘણા વખતથી રાહ જોઈ પડી રહેલું ગાંધીનગરનું કામ ચાલુ થઈ શક્યું હતું.

મુ. દાસકાકાને સન્માનવાનો સમારંભ તા. 16-4-78ના દિવસે કડી મુકામે સર્વ વિદ્યાલય કૅમ્પસમાં શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. અતિથિવિશેષ તરીકે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ પધાર્યા હતા અને તેમના વરદ હસ્તે શ્રી દાસકાકાને સન્માન પ્રતીક અર્પણ કરવામાં આવ્યું હતું. અમદાવાદ મિલ માલિક મંડળના પ્રમુખ શ્રી રજનીકાન્ત રસિકલાલ નગરીના વરદ હસ્તે સન્માનગ્રંથ અર્પણ કરવામાં આવ્યો હતો અને ઉપપ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ અનુભાઈ શાહના વરદ હસ્તે એક લાખ રૂપિયાની સન્માન થેલી અર્પણ કરવામાં આવી હતી. મુ. દાસકાકાએ આ થેલી તે જ વખતે ગાંધીનગરની શિક્ષણ સંસ્થાઓના કામે વાપરવા માટે આપી દીધી હતી. (આ થેલીમાં પાછળથી બીજી રકમો ઉમેરાતાં કુલ રૂ. 103911-15 થયા છે.:

**અભ્યાસક્રમ અંગે**

ગાંધીનગર હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરીમાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ રહેશે. બંને માધ્યમના વિદ્યાર્થી માટે મૅથ્સ અને સાયન્સ ફરજિયાત રહેશે. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થી માટે અંગ્રેજી પણ ફરજિયાત રહેશે. આ ઉપરાંત હિન્દી વગેરે વિષયો માટે શાળામાં ખાસ સગવડ રહેશે.

શાળાએ ચારિત્ર્યઘડતર માટે તેમજ રાષ્ટ્રભાવના ખીલવવા માટે ખાસ લક્ષ આપવું જોઈએ. અક્ષરજ્ઞાન અને વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરે તે ઉપરાંત વિદ્યાર્થી ભારતનો આશાસ્પદ નાગરિક બને તેવી કેળવણી આપવાની અમારી મહેચ્છા છે.

દેશના વહીવટમાં ગુજરાતે ફાળો આપવો જોઈએ. આ માટે વિદ્યાર્થીઓ આઇ.એ.એસ. જેવી ઉચ્ચ પરીક્ષાને માટે યોગ્ય બને તે સારૂ પાયાનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સુદઢ કરવાના અમારા મનોરથ છે. વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ જાગ્રત થાય અને દેશ અને સમાજને ઉપયોગી બને તેવા નાગરિક ઘડવાની અમારી મહેચ્છા છે.

**આભાર**

ગાંધીનગર માટે દાન આપનાર શેઠ શ્રી લક્ષ્મીકાન્તભાઈ તથા તેમના કુટુંબીઓ, ભારત વિજય મિલ – કલોલના શેઠ શ્રી અરુણભાઈ તથા શેઠ શ્રી દિનેશભાઈ, મહેન્દ્ર મિલ – કલોલના શેઠથી અંબાલાલભાઈ તથા શેઠ શ્રી મહેન્દ્રભાઈ તથા અન્ય સર્વે દાતાઓનો હાર્દિક આભાર માનીએ છીએ તથા શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (મુ. દાસકાકા)નો તેમના સન્માન નિમિત્તે તેમને મળેલી થેલી ગાંધીનગરની સંસ્થાઓ માટે વાપરવા માટે અર્પણ કરી તે માટે તથા ગાંધીનગરના પ્રોજેક્ટને સફળ બનાવવા માટે આ વયોવૃદ્ધ ઉંમરે અથાગ શ્રમ ઉઠાવી રહ્યા છે તે સારૂ તેમનો

પણ હાર્દિક આભાર માનીએ છીએ. તેમજ અન્ય દાતાઓનો પણ આભાર માનીએ છીએ.

ગાંધીનગર શાખા માટે ફંડફાળો કરવા માટે ડૉ. સોમાભાઈ સી. દેસાઈએ જે જહેમત અને મમતાથી મદદ કરી છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ. મુ. દાસકાકા સન્માન ફંડ એકઠું કરવામાં તથા સન્માન ગ્રંથ અંગે જાહેરખબર મેળવવાના કામમાં આગેવાની લઈ શ્રી ધનાભાઈ હ. વકીલ, ડૉ. ચતુરભાઈ એન. પટેલ, શ્રી માણેકલાલ મા. પટેલ તથા શ્રી રતિલાલ મ. પટેલ વગેરેએ જે મદદ કરી છે તે બદલ તેમનો તથા તે કામમાં નાની-મોટી રકમની મદદ કરનાર સર્વેનો આભાર માનીએ છીએ.

આપણા આ કામમાં સૌ કોઈને મદદ કરવા નમ્ર વિનંતી કરીએ છીએ.

વકીલ ધનાભાઈ હ. પટેલ ડૉ. સોમાભાઈ સી. દેસાઈ
જેઠાભાઈ ફુલાભાઈ પટેલ - ઉપપ્રમુખ
(ધારાસભ્ય)
ભાઈલાલભાઈ જી. પટેલ
બાબુભાઈ રણછોડદાસ પટેલ
રામભાઈ ગોવિંદભાઈ પટેલ
વશરામભાઈ શંકરભાઈ પટેલ
કરશનભાઈ ધરમાભાઈ પટેલ
(કન્વીનર/મંત્રીઓ)
ગાંધીનગર શાખા એડહોક સમિતિ

(સૌજન્ય : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર, શાખા અહેવાલ. 1978-79)

•

# મારા અદ્‌ભુત અનુભવો

**- વિઠ્ઠલભાઈ અં. પટેલ**

**પ્રસ્તાવના**

જિંદગીમાં કોઈ-કોઈ વખતે એવી અલૌકિક વ્યક્તિઓ મળે છે કે જે આપણા ઉપર ખૂબ જ મોટી છાપ મૂકી જાય છે. મને આટલી લાંબી જિંદગીમાં એવી વ્યક્તિઓ મળી છે કે તેમના વિશે વારંવાર વાત કરવાનો આનંદ આવે છે. આશા રાખું કે તમને આવી વ્યક્તિઓ સારી રીતે જિંદગી જીવવાની પ્રેરણા આપશે.

ભારતનું ગુજરાત એક રાજ્ય છે તે પ્રમાણે યુએસ.એ.નું કેલિફોર્નિયા લાંબું અને મોટું રાજ્ય છે. લગભગ એક હજાર માઈલ લાંબુ. હું કેલિફોર્નિયાના છેક ઉત્તરના ભાગમાં આવેલી હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટીમાં (Humboldt State University) ગણિત ભણાવતો. દરિયાના કિનારાથી દૂર નહિ તેવા આર્કેટામાં (Arcata) આ Forestry, Wild life, Wild life Management, Oceanography વગેરે માટે ખૂબ જાણીતી યુનિવર્સિટી છે. આ વિષયો સાથે આજુબાજુના વિદ્યાર્થીઓને ટેક્નૉલૉજી પણ શીખવા મળે તે માટે કેલિફોર્નિયા રાજ્યે ખૂબજ મોટું રોકાણ કરીને આને ટેક્નૉલૉજી યુનિવર્સિટી બનાવી છે અને આજે CAL POLY HUMBOLDTથી ઓળખવામાં આવે છે. જર્મનના પ્રખ્યાત વિદ્વાન વૈજ્ઞાનિક [Alaxander Von Humboldt (14 Sept. 1769 - 6 May 1851] એલેકઝાન્ડર વૉન હમ્બોલ્ટના નામ ઉપર કેલિફોર્નિયાના ઉત્તર ભાગમાં કાઉન્ટી (જિલ્લો) પણ છે અને આ કાઉન્ટિમાં આવેલી સ્ટેટ યુનિવર્સિટીનું નામ પણ CAL POLY HUMBOLDT પણ છે. આ યુનિવર્સિટી જે શહેરમાં આવેલી છે તેને કોઈએ હજારો એકર જમીન ભેટમાં આવેલી. આથી આર્કેટા શહેર બધા વાપરી શકે તે માટે દોડવા માટે, ચાલવા માટે, સાઇકલો ચલાવવા માટે આ ટેકરાળ પ્રદેશ જેમાં પાણીનાં ઝરણાં, રેડવુડ ઝાડો છે, તેમાં પગદંડીઓ છે. આ અદ્‌ભુત શહેર છે. હમ્બોલ્ટના કેમ્પસની નજીક પગદંડીઓ હોઈને વર્ષો સુધી લગભગ દરરોજ સાત કિલોમીટર દોડતો.

અમારા Oceanography વિભાગના અધ્યાપક જ્યૉર્જ સાથે ઘણાં વર્ષ દોડ્યો હોઈશ. લગભગ મારી ઉંમરના હશે. મને એક દિવસ જ્યૉર્જે કહ્યું, ‘‘આ શૈક્ષણિક વર્ષના અંતે હું નિવૃત્ત થવાનો છું.’’ મારાથી પુછાઈ ગયું, ‘‘જ્યૉર્જ, તમે નિવૃત્ત થવા માટે ખૂબ જ

યુવાન છો. શા માટે આટલા વહેલા નિવૃત્ત થાઓ છો ?'' તેમણે મને કહ્યું, ''ખરેખર તારે કારણ જાણવું છે ?'' મેં કહ્યું, ''હા.'' મને કયા વર્ષમાં આ બન્યું તે બરાબર યાદ નથી. તે સમયમાં કમ્પ્યૂટર વપરાશમાં આવેલાં. લગભગ 1978 હશે. આથી દરેક વિદ્યાર્થી કમ્પ્યૂટર વાપરતો થાય તે જરૂરી હતું. વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર શીખવે કોણ? Oceanography વિભાગમાં પાંચ અધ્યાપકો હતા. કોઈનેય કમ્પ્યૂટર વાપરતાં ન આવડે, તો શીખવે કઈ રીતે ? સરકાર આના માટે નવા અધ્યાપકની જગ્યા મંજૂર કરતી ન હતી. વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર વાપરતાં આવડવું જોઈએ તે ખૂબ જ અગત્યનું હતું. હવે શું કરવું ? જો કોઈ નિવૃત્ત (Retire) થાય તો તેની જગ્યાએ કમ્પ્યૂટર જાણકાર લઈ શકાય. આથી જો જ્યૉર્જ નિવૃત્ત થાય, તો તેમની જગ્યાએ કમ્પ્યૂટર જાણકાર નવા અધ્યાપક લઈ શકાય. આથી વિદ્યાર્થીઓ માટે જ્યૉર્જ વહેલા નિવૃત્ત થયા અને તેમની જગ્યાએ કમ્પ્યૂટર ભણાવી શકે તેવા અધ્યાપક લેવાયા. હજુયે આપણામાં સમાજની જરૂરિયાતોને પ્રાધાન્ય આપનારા દિલાવર માણસો છે.

આપણે ત્યાં આવું કંઈ છે જ નહિ. અમેરિકાની યુનિવર્સિટીઓમાં (Sabbatical Leave) સૅબૅ'ટિકલ લીવનો રિવાજ છે. દર સાત વર્ષે ચાલુ પગારે તમે કોઈ પણ જગ્યાએ અભ્યાસ માટે જઈ શકો. શીખવવામાંથી આરામ. 1969માં હમ્બોલ્ટના ગણિત વિભાગના પ્રો. રૉય (Roy Tucker) આવી સેબ'ટિકલ લીવ ઉપર ગયેલા અને તેમની જગ્યાએ મને એક વર્ષ માટે લીધેલો અને જણાવેલું કે વિદ્યાર્થીઓની સંખ્યા વધતી હોઈને કાયમી જગ્યા બનતાં સુધી વિભાગ આપી શકશે. રૉય ટકર અને મેરિલીન ટકર અમારા ખાસ મિત્રો બની ગયેલા. મેરિલીન શેરથા અમારે ત્યાં રહેલાં. ગાંધીનગર, વલ્લભ વિદ્યાનગર બતાવેલું. તેમનો પુત્ર માઈકલ અને પુત્રી શેરી ઘરના સભ્યો જેવાં જ બનેલાં. માઈકલ વીસ વર્ષનો હશે અને ઊંઘમાં જ ગુજરી ગયો. બીજા દિવસે રવિવારે બપોરના દફનવિધિ પતાવી. સોમવારે સવારના કૉલેજો ચાલુ હતી. સવારના નવ વાગ્યાનો રૉયનો કલનગણિતનો ક્લાસ હતો. હું પણ કલનગણિત ભણાવતો. તે સમયે મારે ભણાવવાનું ન હતું. આથી રૉયના વિદ્યાર્થીઓને અઠવાડિયું ભણાવીશ તે ગણતરીએ તેમના વર્ગમાં થોડીક મિનિટો વહેલો પહોંચ્યો. ભણાવવાનું શરૂ કરવાની તૈયારીમાં હતો, ત્યાં જ રૉય આવી પહોંચ્યા. મેં તેમને મને ભણાવવા માટે ખૂબ જ વિનંતી કરી, પણ ન માન્યા. આખરે જાણે કે કશું જ બન્યું નથી તે રીતે ભણાવ્યું. આ જ કોઈ પણ દેશનું સાચું ધન છે.

1969માં હું હમ્બોલ્ટ સ્ટેટમાં એક વર્ષ માટે ભણાવવા ગયેલો. જોડાયા પછી ત્રણ મહિના પછી કહેવામાં આવ્યું કે જો ભણાવવાનું, સંશોધન વગેરે યોગ્ય હશે તો તમને અમે કાયમી રાખીશું. અમે કૉલેજ શરૂ થવાના ત્રણ દિવસ પહેલાં આર્કેટા પહોંચેલા. ભાડાની કોઈ જગ્યા આર્કેટામાં ન મળતાં બાજુના યુરેકા શહેરમાં ભાડેથી રહેતા. લગભગ 20 કિલોમીટર કૅમ્પસથી દૂર હતા. દરરોજ આવવા-જવાનો સમય અને પેટ્રોલનું ખર્ચ વગેરે ગણતાં મોઘું હતું. આથી જો આર્કેટામાં કંઈક ભાડે મળે તો આર્કેટા રહેવા જવાનું વિચારતા હતા. આ સમયે મરી (Murry) મકાનો ભાડે કે મકાનો વેચવાનાં કે લેવાનાં વગેરેની દલાલીનો ધંધો કરતા. તેમનો સંપર્ક શાધ્યો. ભાડે લેવાના બદલે તેમણે યુનિવર્સિટીના નજીક ખૂબ જ માફકસરનું મકાન બતાવ્યું. મારો ભાણો ટેક્સાસમાં M.S. કરતો હતો, તેની ફી, રહેવાનું ખર્ચ અને અમારું ખર્ચ વગેરેમાં બધું જ વપરાઈ જતું. નોકરીને પણ સમય થયેલો ન હોઈને કોઈ પણ જાતની બચત જ ન મળે. 13,000 ડૉલરના મકાન ઉપર 12,500ની લોન હતી. અમે પાંચસો ડૉલર આપીએ તો સસ્તા વ્યાજની લોન ચાલુ રહે, પણ પાંચસો ડૉલર લાવવા ક્યાંથી ? મરી કાકાએ અમારી સામે જોઈને કહ્યું, ''સરસ કહી શકાય તેવું મકાન છે. તમને હું પાંચસો ડૉલર આપીશ. અનુકૂળતાએ મને પાછા આપજો.'' અને તેમણે અમને અમારું પહેલું મકાન અપાવ્યું. કોઈ જાતની ઓળખાણ નથી અને કોઈ જાતના લખાણ વગર પાંચસો ડૉલર આપ્યા. કદાચ પ્રભુએ જ મોકલ્યા હશે.

હાઈસ્કૂલ પૂરી કરી અને શું અને શા માટે ભણવું જોઈએ તે ગંભીરતાથી વિચારવું જોઈએ તેવું સૂઝ્યું નહિ. કદાચ મારા માટે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ કે ગ્રામભારતી, સણોસરા યોગ્ય હોત. ગયેલો સમય પાછો મળતો નથી. મારા પિતાએ તો કહ્યું, ''શું કામ કૉલેજમાં

ભણવા જવું છે ? આપણે ઘેર ઘણું કામ છે. જો કૉલેજમાં ભણવા માટે જવું હોય તો જજે. તને મન ગમતું ભણજે, પણ નોકરીના માટે ન ભણતો.'' માર્ક્સની ચિંતા વગર ભણવાનું, પણ કમનસીબે પરીક્ષાના અગાઉના બે મહિના મહેનત કરવાથી બધું પતી જતું. દરરોજ નિયમિત લેશન હોત તો મારી જિંદગીમાં ઘણું બધું અવનવું કદાચ શોધ્યું હોત, પણ આપણી શિક્ષણ પદ્ધતિએ મને આળસુ બનાવી દીધો. ગુજરાત કૉલેજમાં સાયન્સ વિભાગમાં દાખલ થયો. તે સમયે ગુજરાત કૉલેજમાં ખૂબ જ નામાંકિત અને સરસ અધ્યાપકો હતા. પ્રાણીશાસ્ત્રના (Zoology) અધ્યાપક પ્રો. વિચારે શરીરના ભાગો સરસ રીતે તે જમાનામાં પ્રોજેક્ટ કરતા અને એવું સરસ સમજાવે કે યાદ રહી જાય. બીજા હતા (Dr. Y. G. Naik) ડૉ. નાયક જે ભૌતિકશાસ્ત્ર શીખવતા. તે પણ વિચારેની જેમ એવું સરસ શીખવતા કે બધુ યાદ રહી જાય. આવા તો ઘણા જ પ્રોફેસરો ગુજરાત કૉલેજમાં હતા. હું પૈસા બચાવવા દરબાર બૉર્ડિંગમાં રહેતો. મને અમદાવાદ શહેર લાગેલું. ગામડામાંથી આવેલો એથી ગામડાનું વાતાવરણ શોધતો. કૉલેજનાં પહેલાં બે વર્ષ પછી એટલે કે કૉલેજના ત્રીજા વર્ષમાં વલ્લભ વિદ્યાનગર ગયો. વલ્લભ વિદ્યાનગરનું વાતાવરણ કડીના જેવું વાતાવરણ હોઈને વલ્લભ વિદ્યાનગર ગમ્યું. B.Sc.ની પરીક્ષા આપી. મેં મનથી નક્કી કરેલું કે B.Sc. થયા પછી ધંધાના અનુભવ માટે નોકરી કરીશ અને પછી મારો પોતાનો ધંધો શરૂ કરીશ. પૈસા કમાઈશ અને પછી લોકસેવાના કાર્યોમાં જોડાઈશ. આ જાતનો મારી જિંદગીનો મારો ખ્યાલ હોઈને મારાં B.Sc.નાં પુસ્તકો મિત્રોને આપી દીધાં. ઉનાળાની રજાઓમાં પરીક્ષા આપીને શેરથા ઘેર આવ્યો. શું કરવું ? ક્યાં નોકરી શોધવી ? પરીક્ષાઓનાં પરિણામો જાહેર થયાં. વિઠ્ઠલભાઈ પટેલ સાયન્સ કૉલેજમાં ભણતો હતો. પરીક્ષાનું પરિણામ જોઈને વિઠ્ઠલભાઈ પટેલ સાયન્સ કૉલેજે મને Tutor તરીકેની નોકરીની માસિક રૂ. 145 પગારની ઑફર આપી અને શરતમાં બે વર્ષમાં M.Sc. થવાની શરત હતી. અમે બંને ભાઈઓ ભણતા હોઈને મારાં માતાપિતા ઉપર પ્રમાણમોં ભાર હતો. આથી મેં પ્રેમપૂર્વક નોકરી સ્વીકારી લીધી. ભણાવવાનું અને ભણવું શરૂ થયું. ભણાવવાનું પણ ખૂબ જ જરૂરી હતું. વિદ્યાર્થીઓનાં પેપરો તપાસતાં ઘણાને 50/50 માર્ક્સ આપતાં વિચારતો કે સ્કૂલમાં મારે પણ આવા જ માર્ક્સ આવતા કૉલેજમાં બરાબર મહેનત ન કરી. પ્રભુએ આ છેલ્લી તક આપી છે. તમારી પાછળ વાઘ પડ્યો હોય, તો તમે શું કરો ? મેં તેમજ કર્યું. M.Sc.નાં આઠ પેપરોમાંથી ચાર પેપરો માંડ શીખવાતાં બાકીનાં ચાર પેપરો જાતે તૈયાર કરવાનાં હતાં. મને એમ થયું કે ન્યૂટનને કોણ ભણાવવા ગયું હશે ? ઘણાં બધાંની મદદ પણ ખરી. પણ ખરેખરી મહેનત પણ ખરી. મારા માટે M.Sc.નું પરિણામ સરસ હોઈને મને Lecturer બનાવવામાં આવ્યો. ભણાવવાની મજા આવતી Lecturer બન્યા પછી ત્રણેક અઠવાડિયાં ભણાવ્યા પછી મને ખૂબ જ ગમતા એવા કેમેસ્ટ્રીના પ્રોફેસર અને અમારી કૉલેજના વાઇસ પ્રિન્સિપાલ ડૉ. આર. ડી. પટેલ ક્લાસમાં જતાં રસ્તામાં મળ્યા અને તેમણે કહ્યું, ''અલ્યા, તું તો બહુ જ સરસ ભણાવે છે.'' હું એમનો વિદ્યાર્થી ન હતો, પણ રહેવાની સગવડ માટે બે વખત મળેલો અને તેમણે અમને મદદ કરેલી. કદાચ તેમણે મને ભણાવતાં જોયો હશે. આની અસર ઘણો વખત રહી અને ખૂબ જ અગત્યની વસ્તુ પણ શીખ્યો. સારું કામ જુઓ, તો વખાણો.

જિંદગીમાં ભાગ્યે જ વિચારવા પ્રમાણે બને. યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા, બર્કલીમાં ભણવાનું શરૂ કર્યું. ત્રણ અઠવાડિયાં થયાં હશે અને મનમાં થયું કે અહીંયાં ડૉ. આર. ડી. પટેલ આવે તો કેવું ? આ શક્ય ખરું ? રૉકફેલરે International House યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયાને બાંધીને આપ્યું છે. પરદેશના વિદ્યાર્થીઓ માટે રહેવાની, જમવાની સરસ સગવડ. આ ઉપરાંત પરદેશથી આવનારા પ્રોફેસરો, સ્કૉલરો માટે પણ સગવડ. પરદેશના વિદ્યાર્થીઓને વિસા, Foreign exchange કે બીજા કોઈ જાતના પ્રશ્નો માટે મદદ કરતી ઑફિસ પણ ખરી. મને જેવો વિચાર આવ્યો તે દિવસે મારે Visa માટે કે કોઈ કારણસર International Houseમાં જવાનું થયું. Common Loungeમાં ઘણા બધા બેઠેલા. મારી નજરમાં છાપું વાંચતા ડૉ. આર. ડી.

પટેલ આવ્યા. હું તેમની પાસે જઈને ઊભો રહ્યો. મને જોઈને આભા બની ગયા અને પૂછ્યું, ''અલ્યા, તું અહીં ક્યાંથી ?'' અમે તેમને જમવા બોલાવ્યા. અમારી પાસે કોઈ ખાસ વસ્તુઓ ન હતી. રાંધતાં શીખતા હતા, પણ એમના માટેનો પ્રેમ અને લાગણી તે ખોરાકમાં હતી. આવ્યા, પ્રેમથી જમ્યા અને જતાં-જતાં મને કહ્યું, ''તારું ભણવાનું પૂરું થયા પછી ભારત પાછો આવે તો વલ્લભ વિદ્યાનગર વગર બીજે ક્યાંય ગયો તો તારું આવી બન્યું માનજે.'' તેઓશ્રી સરદાર પટેલ યુનિ.ના વાઇસ ચાન્સેલર પણ બનેલા. આવી પ્રેરણાદાયી વ્યક્તિઓ સદ્‌ભાગીને જ મળે.

હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટીના ગણિત વિભાગમાં 1978માં લગભગ અઢાર જણ ભણાવનારા અધ્યાપકો હતા. છેલ્લા બે જણ પાર્ટ-ટાઇમ ભણાવનારા હશે. બે જણ કામચલાઉ હશે એટલે કે કાયમી નહિ. એક સામાન્ય નિયમ હતો કે કામચલાઉ જગ્યાઓ ઉપર રહેલી વ્યક્તિઓ સરસ શિક્ષકો હોય તો કાયમી જગ્યાઓ પડે તો તે જગ્યાઓ ઉપર તેમની નિમણૂક કરવામાં આવે. કોઈ-કોઈ વખત ઘણા બધા જાણીતા પ્રોફેસરો Visiting Professor આવતા/ બીજા કૅમ્પસમાંથી પણ આવતા (Bakers Field) બેકર્સ ફીલ્ડના કૅમ્પસમાંથી Visiting Professor તરીકે આવ્યા તે State Universitiesની Academic Senateના સભ્યા હતા. તે સમયે હમ્બોલ્ટના સભ્યના મિત્ર બનેલા. હમ્બોલ્ટના તે સભ્ય Academic Affarirsના Vice President બનેલા. Visiting Professor તરીકે આવેલા ભાઈને હમ્બોલ્ટમાં કાયમી રહેવાની ઇચ્છા થઈ. તેમણે Vice Presidentને તેમની ઇચ્છા જણાવી. વાઇસ પ્રેસિડેન્ટે ગણિત વિભાગને જણાવ્યું કે સર્વાનુમતે જો વિભાગ આમને કાયમી રાખવા જણાવશે તો તે પ્રમાણે કરશે. મને તેમને કાયમી જગ્યા ઊભી કરીને આપવામાં વાંધો ન હતો, મને વાંધો એ હતો કે આના કારણે કામચલાઉ જગ્યાએ રહેલી વ્યક્તિને કાયમી જગ્યા ન મળે. હું એ ભાઈની જગ્યાએ હોઉં તો શું ? જો હું ના પાડું તો મારા કાયમી વિરોધીઓ ઘણા થાય. બીજા જ વર્ષે હું (Full) Professor થવા માટે અરજી કરવાનો હતો. Vice President અને તેમના મિત્રો મારી જિંદગી સરળ ન બનવા દે. શું કરવું ? હા, પાડું છું તો એક જણને ખૂબ જ મોટો અન્યાય કરું છું. ના પાડું છું તો કાયમના માટે કાયમી વિરોધીઓ ઊભા કરું છું જે કાયમના માટે પરદેશી વિઠ્ઠલને તકલીફ મૂકશે. ન્યાય મારે મન ખૂબ જ અગત્યનો હોઈને પ્રોફેસર બનાય કે ન બનાય તે ગૌણ છે. આથી બીજા દિવસની મિટિંગમાં મારો મત 'ના' હતો અને બીજા બે જણે પણ 'ના' પાડી. વાઇસ પ્રેસિડન્ટે તેમના કહેવાની કિંમત જરાયે ન રાખતાં, તેમના powerમાં હોઈને તેમના મિત્રને કાયમી નોકરીનો પત્ર આપ્યો. અમારા ત્રણમાં એક જણ ખૂબ જ જાણીતા, કાયદાના અમલમાં માનનારા હતા. તેમણે તો હમ્બોલ્ટના પ્રેસિડન્ટ, સિસ્ટીમના પ્રેસિડન્ટને લખ્યું. સ્થાનિક છાપાંઓ, ટી.વી. વગેરેમાં અમારા વિભાગના વડા, ડીન અને વાઇસ પ્રેસિડન્ટ માટે લખ્યું. કૅમ્પસમાં મોટો ચર્ચાનો વિષય બન્યો. આ સમયગાળામાં મેં મારા પ્રમોશન માટે અરજી કરી. અમારા ગણિત વિભાગના વડાને છાપાંઓમાં, ટી.વી. વગેરે જગ્યાએ ઉતારી પાડેલા. તે સમયના ગણિત વિભાગના વડા ચાર્લ્સ બાઇલ્સ (Charles Bilas) હતા. તેમણે મારા માટે લખેલા પત્રનો થોડોક ભાગ,

''You simply would have to look awfully hard before you could ever find a better teacher of applied mathematics than Dr. Patel.'' આવા વડા નસીબદારને જ મળે. મારી જિંદગીમાં આવો સરસ અનુભવ ભાગ્યે જ થયો હોય. ભારતમાં આપણે આ જાતની Academic freedomનું વાતાવરણ ઊભું કરવું જોઈએ, જ્યાં દરેક જણ કોઈ પણ જાતના ડર વગર તેમનો અભિપ્રાય દર્શાવી શકે. આપણા academic ક્ષેત્રે લાખો જણ ચાર્લ્સ બાઇલ્સ જેવા હોય.

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**
'સ્વરાજ' નરસિંહજી મંદિર પાસે,
ઉવારસદ રોડ, મુ. પો. શેરથા,
જિ. તા. ગાંધીનગર
મોબાઇલ : ૯૪૨૮૦ ૧૯૦૪૨


•

# બૉમ્બે હાઈકોર્ટના પ્રથમ ભારતીય ચીફ જસ્ટિસ

# એમ. સી. ચાગલા

શરદભાઈ શાહ

**(ગત અંક વર્ષ 13, અંક-2 પૃ. 23-29)**માં શ્રી એમ. સી. ચાગલાના જન્મથી માંડીને અમેરિકામાં એમ્બેસેડર તરીકે નિમણૂક પામ્યા ત્યાં સુધીની જીવનકથા રજૂ થઈ હતી. તેમાં તેમનો જન્મ, બાળપણ, અભ્યાસ, વકીલાતની શરૂઆતનાં વર્ષો, વકીલાતના સફળતાનાં વર્ષો, બૉમ્બે હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ અને મુખ્ય ન્યાયમૂર્તિ તરીકેની કામગીરી અંગે રજૂઆત થઈ હતી. આ લેખમાં તેઓ સને 1958માં ભારત સરકાર તરફથી અમેરિકાના એમ્બેસેડર તરીકે નિમાયા ત્યાર પછીની હકીકતો રજૂ કરવામાં આવી છે. ગયા અંકના અનુસંધાનમાં આ લેખ વાંચવો વિશેષ ગમશે. **: સંપાદક)**



**અમેરિકામાં ભારતના એમ્બેસેડર**

1958માં જસ્ટિસ ચાગલા યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં ભારતના એમ્બેસેડર તરીકે નિમાયા. સાથે-સાથે તેમણે મેક્સિકો અને ક્યુબામાં પણ એમ્બેસેડર તરીકે કામગીરી કરવાની હતી. તેમણે આ નવી કામગીરી સંભાળી ત્યારે ડિપ્લોમસીનો તેમને અનુભવ નહોતો. માત્ર 1946માં તે યુનાઇટેડ નેશન્સમાં ડેલિગેટ તરીકે ગયા હતા તેટલો જ અનુભવ હતો. છતાં તેમણે તેમની જવાબદારી ખૂબ જ સારી રીતે પૂર્ણ કરી. તે એ બાબતે સ્પષ્ટ હતા કે તેમનું કામ બંને દેશોના સંબંધો સુમેળભર્યા થાય તે દિશામાં કામ કરવાનું હતું. વળી, તે જાણતા હતા કે તેમની ફરજ ભારત સરકારને સ્પષ્ટપણે અને પ્રમાણિકપણે અમેરિકાનો ભારત પ્રત્યેનો અભિપ્રાય અને વલણ જણાવવાના હતાં. વળી, તેમને એ બાબત પણ ખ્યાલમાં હતી કે ભારતની બિનજોડાણવાળી નીતિ અને કાશ્મીરના પ્રશ્ને તેનું વલણ પણ સ્પષ્ટ કરવાના છે ઉપરાંત પાકિસ્તાન સાથેના સંબંધો અંગે સ્પષ્ટતા કરવાની છે. અમેરિકાનો પૂર્વગ્રહ જોતાં આ કાર્યો સરળ નહોતા, પરંતુ તેમણે સ્પષ્ટ અને સુંદર રજૂઆતથી તેમના કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી. તેમને અમેરિકાના બે પ્રેસિડન્ટ્સ સાથે કાર્ય કરવાનો અને વાતચીતનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો. આ બંને પ્રેસિડન્ટ આઇઝનહોવર અને પ્રેસિડન્ટ કેનેડી સાથે તેમના સારા સંબંધો સ્થપાયા હતા.

જસ્ટિસ ચાગલા અમેરિકા પહોંચ્યા ત્યારે પહેલું કામ તેમના Credentials રજૂ કરવાના હતા. પ્રેસિડેન્ટ આઇઝનહોવરે થોડા દિવસ બાદ સમય ફાળવ્યો. બહુ જ સરળ કાર્યવાહી થઈ. વ્હાઇટ હાઉસથી કાર લેવા આવી. વ્હાઇટહાઉસમાં પ્રેસિડેન્ટ સાથે મુલાકાત થઈ. થોડી ઔપચારિક વાતો કરી અને સેરેમની પૂરો થયો. ચાગલા લખે છે કે તે પછી જ્યારે ઇંગ્લૅન્ડમાં હાઈકમિશનર તરીકે ગયા ત્યારે બર્કિંગહામ પેલેસમાં રાણી એલિઝાબેથને મળવાનું હતું. મળતાં પહેલાં બે દિવસ તે અંગેનું રિહર્સલ ચાલ્યું. તેઓએ શું પહેરવું, ક્યાં ઊભા રહેવું, કેટલાં ડગલાં ચાલવું, ક્યારે નામદાર Queen તરફ આવવું. આ બધું સમજાવવામાં આવ્યું. ઉપરાંત મુલાકાતના દિવસે ચાર ઘોડાવાળી બગી લેવા આવી અને રસ્તામાં લોકો આનંદપૂર્વક આવકારતા રહ્યા. અમેરિકા અને ઇંગ્લૅન્ડનો આ તફાવત હતો.

પ્રેસિડન્ટ આઇઝનહોવરને મળ્યા પછી બીજી મુલાકાત સેક્રેટરી ઑફ સ્ટેટ, જ્હૉન ફોસ્ટર ડલાસ સાથે હતી. તેઓ ખૂબ હોશિયાર અને પ્રભાવશાળી હતા, પરંત તેમનું વલણ સંપૂર્ણપણે ભારત વિરોધી અને પાકિસ્તાન તરફી હતું. તેઓ ખૂબ જ ધાર્મિક હતા. તેઓ માનતા હતા કે મૂડીવાદી પદ્ધતિ તદ્દન યોગ્ય છે અને તેના કારણે અમેરિકા સમૃદ્ધ છે. તેથી દુનિયાના તમામ દેશોએ તે પદ્ધતિ અપનાવવી જોઈએ. મૂડીવાદ અને સામ્યવાદ વચ્ચેના સંઘર્ષમાં ભારતની તટસ્થતાની નીતિને તે અનૈતિક માનતા હતા અને ભારતને મૂડીવાદી નીતિ અપનાવવાના તે આગ્રહી હતા. તેમના કાર્યકાળ દરમિયાન પત્રકારોને અને લોકોને વારંવાર મળવાનું થયું. પત્રકારો સમક્ષ તેમની પ્રમાણિકતાભરી સ્પષ્ટ

રજૂઆતના કારણે તેમની સારી છાપ ઊપસી આવી. લોકો સાથે તેમના સારા અનુભવો થયા. તેમને અમેરિકાના લોકો મહેનતું, પ્રમાણિક અને શ્રમનું મહત્ત્વ સમજનારા લાગ્યા. તેમણે જોયું કે ગોરા-કાળા વચ્ચેના પ્રશ્નો છે, પરંતુ ભારતીયો સાથે કોઈ નોંધપાત્ર પ્રશ્નો જણાયા નહી. વધુમાં અનુભવ્યું કે પ્રેસિડન્ટ આઇઝનહોવર અને પ્રેસિડન્ટ કેનેડી બંને તદ્દન જુદી પ્રકૃતિના માણસો હતા. પ્રશ્નો પરત્વેની તેમની દૃષ્ટિ અને વિચારસરણી તદ્દન જુદાં હતાં. આ હકીકત ધ્યાનમાં લઈ તેમણે કામ કર્યું.

જસ્ટિસ ચાગલાના સન્માનમાં 'ઇન્ડિયન લીગ ઑફ અમેરિકા'એ સન્માન સમારંભ ગોઠવ્યો હતો. ત્યાં તેમણે જે વક્તવ્ય આપ્યું તેનાંથી તે છવાઈ ગયા. ત્યાર પછી તેમણે અનેક સંસ્થાઓમાં વાર્તાલાપો આપ્યા. તેમણે દુનિયાની બે અગ્ર લોકશાહી અને તેનાં આદર્શોની સામ્યતાની વાત કરી. તેમણે ભારત વિશેની ઘણી ગેરસમજ દૂર કરી. તેમણે બંને દેશોના સંબંધો વધુ દૃઢ બને તેવી આશા વ્યક્ત કરી. અમેરિકાના વસવાટ દરમિયાન અન્ય દેશોના એમ્બેસેડર સાથે ખૂબ જ સારા સંબંધો સ્થાપ્યા. સ્વિડન, ઈરાન, સિલોન, વગેરે ઘણા દેશોના ડિપ્લોમેટ સાથે મિત્રતા કેળવાઈ. આ ઉપરાંત અમેરિકાની સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિઓ સાથે મિત્રતાના સંબંધો સ્થાપિત કર્યા. ચીફ જસ્ટિસ વોરેનને તો તેઓ પહેલેથી જ ઓળખતા હતા. તેઓ ભારતમાં આવ્યા ત્યારે મુંબઈમાં તેમની મુલાકાત થઈ હતી. બીજા જસ્ટિસ ડગ્લાસ સાથે પણ મિત્રતાભર્યા સંબંધો સ્થપાયા. જસ્ટિસ ડગ્લાસ ખૂબ જ વિદ્વાન હતા અને તેમણે ભારતમાં ટાગોર લૉ લેક્ચર્સ પણ આપ્યા હતાં.

પ્રેસિડન્ટ આઇઝનહોવર પછી પ્રેસિડન્ટ કેનેડી આવ્યા ત્યારે અમેરિકામાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. પ્રેસિડન્ટ કેનેડીનો Charisma જુદો જ હતો. તે યુવાન હતા, દેખાવડા હતા, સમૃદ્ધ હતા, પરંતુ અગત્યનું એ હતું કે તે નવા-નવા વિચારો અને સ્પષ્ટ વિચારસરણી ધરાવતા હતા. તેમણે લોકોમાં નવી આશા જન્માવી. ચાગલા લખે છે કે પ્રેસિડન્ટ આઇઝનહોવર સાથે કામ કરવામાં નિરસતા હતી, જ્યારે પ્રેસિડન્ટ કેનેડી સાથે કામ કરવામાં ઉત્સાહ અને ઉત્તેજના હતાં. તેનું એક કારણ એ પણ હતું કે સેક્રેટરી ઑફ સ્ટેટ ડીન રસ્ક, અગાઉના સેક્રેટરી જહૉન ફોસ્ટર ડલાસથી તદ્દન ભિન્ન હતા. તે નમ્ર હતા અને પ્રેસિડન્ટ કેનેડીના આદર્શોના અમલ માટે ઉત્સુક હતા. ચાગલા અને રસ્ક બંને OXFORDમાં ભણ્યા હતા. તેથી પણ બંનેના સંબંધો દૃઢ થયા.

તેઓશ્રી જ્યારે પહેલવહેલા પ્રેસિડન્ટ કેનેડીને મળ્યા ત્યારે તેમણે ભારત માટે બહુ ઉત્સાહપૂર્વક વાતો કરી અને વડાપ્રધાન જવાહરલાલ નેહરુનાં ખૂબ જ વખાણ કર્યાં. નહેરુ દુનિયાભરનાં નેતાઓમાં અગ્રસ્થાને છે તેવું જણાયું. અમેરિકાના વસવાટ દરમિયાન તેમણે 30 રાજ્યોની મુલાકાત લીધી. આ બધી મુલાકાતોમાં અનેક કાર્યક્રમો અને વાર્તાલાપો થયાં. તેમણે વિવિધ વિષયોને આવરી લેતી બાબતોની ચર્ચા કરી. આ ઉપરાંત તેમણે ટેલિવિઝન પર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો અને સેમિનારમાં ભાગ લીધો. ન્યૂયોર્કમાં વડાપ્રધાન નહેરુનો રશિયાના વડા ખ્રુશ્ચોવ સાથે ભોજન સમારંભ ગોઠવાયો હતો. તે વખતે ખ્રુશ્ચોવ બહુ આનંદી મૂડમાં હતા. જસ્ટિસ ચાગલા કહે છે કે ભોજન સમારંભનો બે કલાકનો સમય આનંદમાં વિત્યો અને અવિસ્મરણીય રહ્યો. બંને વડાઓએ ભાતભાતની વાતો કરી. અમેરિકાના કાર્યકાળ દરમિયાન ચાગલાએ મેક્સિકો અને ક્યુબામાં પણ ભારતીય એમ્બેસેડર તરીકેની કામગીરી બજાવી હતી. તેમણે બંને દેશોની બેથી ત્રણ મુલાકાતો લીધી. મેકિસ્કો શહેરથી પ્રભાવિત થયા તો બીજી બાજુ તેની ગરીબી જોઈ વ્યથિત પણ થયા હતા. મેકિસ્કોની આઝાદીનાં 150 વર્ષની ઉજવણીમાં ભારતના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો.

ક્યુબામાં તે વખતે ફીડલ કેસ્ટ્રોનું સામ્રાજ્ય હતું. પહેલી વખત ત્યાં ગયા ત્યારે એક યુવાને તેમનું સ્વાગત કર્યું અને બીજા યુવાનની મિનિસ્ટર તરીકે ઓળખ આપી. ફીડલ કેસ્ટ્રો અસાધારણ વ્યક્તિત્વ ધરાવતા હતા. ક્યુબાના તે વખતે અમેરિકા સાથે સારા સંબંધો નહોતા. ચાગલાએ તે બાબત ધ્યાનમાં રાખી સભાનતાપૂર્વક કામગીરી કરી હતી.

### અમેરિકાથી ભારત પરત

સને 1958થી સને 1961 દરમિયાન ત્રણ વર્ષ અમેરિકામાં કામગીરી કર્યા બાદ તેઓ ભારત પરત થયા હતા. પંડિત જવાહરલાલજીએ તેમની એમ્બેસેડર તરીકેની કુશળતાપૂર્વકની કામગીરીની ખૂબ પ્રશંસા કરી.

મુંબઈના બંદરે તે અને તેમનાં પત્ની સ્ટીરમાંથી ઊતર્યાં ત્યારે તેમના મિત્ર તેમને લેવા આવ્યા હતા. તે વખતે ચાગલાનું પોતાનું મકાન મુંબઈમાં નહોતું. તેઓ ચીફ જસ્ટિસ તરીકે જે બંગલામાં રહેતા હતા તે બંગલો અમેરિકા જતાં ખાલી કરી દીધો હતો. તેમના મિત્રે કહ્યું કે આ તમારું જ ઘર છે, જ્યાં સુધી રહેવું હોય ત્યાં સુધી રહો. ચાગલા ફ્લૅટ ભાડે રાખવા માગતા હતા, પણ પાઘડી વગર ફ્લૅટ ભાડે

મળતો નહોતો. પાઘડી આપવામાં ચાગલાનો સૈદ્ધાંતિક વિરોધ હતો. ઘણા સમય પછી તેમને ફ્લૅટ ભાડે મળ્યો હતો.

મુંબઈમાં તેમની ઇચ્છા રાજકારણમાં સક્રિય થવાની હતી. ચીફ મિનિસ્ટરે કહ્યું, મુંબઈથી લોકસભાની સીટ પર ચૂંટણી લડો, પરંતુ જવાહરલાલજીનો આગ્રહ હતો કે મુંબઈની સીટ પર કૃષ્ણમેનન ચૂંટણી લડે. ચાગલાને ઔરંગાબાદની સીટ પર ચૂંટણી લડવા કહ્યું. કારણ કે ત્યાં મુસ્લિમ મતદારો ઘણા હતા. ચાંગલાએ તેનો ઇન્કાર કર્યો. તેમણે કહ્યું કે હું કોમવાદનો વિરોધી છું. જો હિંદુ અને મુસલમાન બંને મને ચૂંટે તો જ હું ચૂંટણી લડું. 1962ની સાલ હતી. તેઓ ક્લબમાં બ્રીજ રમતા હતા અને સંદેશો મળ્યો કે શ્રી યશવંતરાવ ચવ્હાણ તાત્કાલિક મળવા માંગે છે. તેઓશ્રી તેમને મળવા ગયા. શ્રી ચવાણે કહ્યું કે પંડિત જવાહરલાલજી ઇચ્છે છે કે તમે બ્રિટનમાં હાઈકમિશનર તરીકેની જવાબદારી સંભાળો. વિજ્યાલક્ષ્મી પંડિતે ત્યાં હાઈકમિશનર તરીકે સુંદર કામગીરી કરી છે. તેમના અનુગામી તરીકે જવાહરલાલજી સમર્થ વ્યક્તિ મૂકવા માંગે છે. ચાગલા બ્રિટનમાં જવા રાજી નહોતા. થોડા સમય પહેલા તેમનાં પત્નીનું અવસાન થયું હતું. તે એકલા ત્યાં જવા ઇચ્છતા નહોતા, પરંતુ જવાહરલાલજીનો અત્યંત આગ્રહ હતો તેથી તે જવા તૈયાર થયા હતા.

### ઇંગ્લૅન્ડમાં હાઈકમિશનર

ઇંગ્લૅન્ડમાં હાઈકમિશનર તરીકે જસ્ટિસ ચાગલાની નિમણૂકના સારા પ્રત્યાઘાતો પડ્યા. The Times દ્વારા આ બાબતે વિગતવાર નોંધ લેવાઈ અને મિસિસ વિજ્યાલક્ષ્મી પંડિતના અનુગામી તરીકે ખૂબ જ યોગ્ય વ્યક્તિની નિમણૂક થઈ છે તેવું જણાવ્યું. ચાગલાને લંડન તો ખૂબ જ ગમતું હતું. યુવાનીના મીઠાં સ્મરણો હતાં, પરંતુ પત્નીની ગેરહાજરી સાલતી હતી.

ઇંગ્લૅન્ડમાં તેઓ ખૂબ જ પ્રવૃત્તિશીલ રહ્યા હતા. ઇંગ્લૅન્ડમાં ઇન્ડિયપ્રેસના સભ્યો ખૂબ જ સક્રિય હોઈ તેમણે જુદાં-જુદાં સ્થળોએ ખૂબ જ વાર્તાલાપો આપવા ઉપરાંત વિવિધ કાર્યક્રમોમાં ભાગ પણ લીધો હતો. અમેરિકા કરતા અહીં પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય હતું. અમેરિકામાં વૉશિંગ્ટનમાં પોતાનું કામ અને સુપ્રીમ કૉર્ટની મુલાકાત એ બે જ બાબતો વિશેષ હતી. અહીં તો સાથે-સાથે કળા અને સંસ્કૃતિના કાર્યક્રમો પણ યોજાતા હતા. ઇંગ્લૅન્ડમાં કોમનવેલ્થ પ્રાઇમ મિનિસ્ટર્સ કૉન્ફરન્સમાં પણ સરળતા રહી. બધો વ્યવહાર અંગ્રેજીમાં ચાલે. દુભાષિયાની જરૂરત નહીં. વળી, પાયાના સિદ્ધાંતોમાં સામ્યતા હતી. કાયદાનું રાજ્ય, લોકશાહી શાસન વ્યવસ્થા, વ્યક્તિનું યોગ્ય સન્માન એ સિદ્ધાંતો બધાંને સ્વીકાર્ય હતા.

1962માં ચાઇના સાથેના સંઘર્ષ સમયે તેમણે પ્રશંસનીય કામગીરી કરી. યુ.કે. તરફથી જરૂરી લશ્કરી સામગ્રી આપવાની સમજૂતી પણ થઈ. તેમણે ઇન્ડિયા ડિફેન્સ ફંડની રચના પણ કરતી. જેમાં માત્ર ભારતીયોએ જ નહીં, પરંતુ ભારતમાં કામ કરતી બ્રિટિશ કંપનીઓએ પણ ખૂબ આર્થિક સહાય કરી. તેમના કાર્યકાળ દરમિયાન જવાહરલાલ નેહરુ પ્રાઇમ મિનિસ્ટર કૉન્ફરન્સ માટે આવ્યા અને તેમની સાથે જ રહ્યા. તેમજ શ્રી મોરારજીભાઈ દેસાઈ પણ ઇંગ્લૅન્ડ જાય ત્યારે તેમની સાથે જ રહેતા હતા. તેમના સમયકાળ દરમિયાન હેરોલ્ડ વિલ્સન સહિત લેબર પાર્ટીના સંખ્યાબંધ નેતાઓ સાથે તેમણે મિટિંગો ગોઠવી. તેઓ આયર્લૅન્ડ પણ ગયા હતા. ત્યાં પ્રમુખ સમક્ષ પોતાના Credientials રજૂ કરવાનાં હતાં. પ્રેસિડન્ટ ડી. વેલેરા અંધ હતા. તેમણે અને તેમની પ્રજાએ બ્રિટિશ હકુમત સામે બહાદુરીભરી લડત ચલાવી, તેથી તે ખૂબ લોકપ્રિય હતા. તેમની મુલાકાત અને વાતચીતમાં ભાગ્યે જ ખ્યાલ આવે કે તે દેખી શકતા નથી. તેઓ ચાગલાને તેમની પ્રાઇવેટ ચેમ્બરમાં લઈ ગયા અને તેમની સાથે લંબાણભરી ચર્ચા કરી. તેમણે દેશમાં વહીવટી ભાષા આઇરીશને પ્રાધાન્ય આપવા અંગે વાત કરી અને ભારતની પરિસ્થિતિ અંગે પૂછ્યું. તેમણે જણાવ્યું કે અત્યારે તો અંગ્રેજી ભાષામાં વહીવટ છે, પરંતુ ધીરે-ધીરે હિંદી અને અન્ય ભાષાઓનું પ્રભુત્વ વધશે. ચાગલાએ તેમને ભારત આવવા આમંત્રણ પાઠવ્યું. તેમણે જણાવ્યું કે હવે તેમના માટે આવવું મુશ્કેલ છે, પરંતુ તેમને ભારત સાથેનાં મીઠાં સ્મરણો યાદ કર્યાં.

ચાગલાએ યુનાઇટેડ કિંગ્ડમની કામગીરી એક વર્ષ કરવા સંમતિ આપી હતી, પરંતુ જવાહરલાલજીના આગ્રહથી તેમણે દોઢ વર્ષ જેટલા સમય માટે કામગીરી કરી. તેમની કામગીરીની ભરપૂર પ્રશંસા થઈ. જવાહરલાલજીએ તેમને પત્ર લખી પ્રશંસાનાં પુષ્પો પાથર્યાં. તેમણે લખ્યું, "Now that you have come back to India, I should like to tell you how your work first as ambassador at Washignton and then our High commissioner in London has been appreciated by all of us. You have contributed your best towards the promotion of our relations with the U.S.A and U.K. and a better understanding of our foreign policy in these countries The wanton

aggression by the Chinese against India and the imperative need to develop our political, economic and military strength to meet it, imposed a great burden on us in which your assistance as our representative in Britain was extremely valuable.

The fact that our relations with both the countries are at present at a satisfactory level is due in no small measure to your efforts. I should like to thank you for your excellent work and to wish you many years of continued service to the nation.''

આ પત્ર પ્રાપ્ત થયા પછી તેમણે નોંધ્યું છે કે જવાહરલાલજી જેવા વડાપ્રધાન જ આવા શબ્દોમાં પ્રશંસા વ્યક્ત કરી શકે.

**કેન્દ્રમાં કેળવણી પ્રધાન**

જસ્ટિસ ચાગલા ઇંગ્લૅન્ડથી હાઈકમિશનર તરીકેની કામગીરી કરી ભારત આવ્યા પછી મુંબઈમાં રહેતા હતા. થોડા દિવસ પાદ દિલ્હીનું તેડું આવ્યું. તે દિલ્હી પહોંચ્યા. જવાહલાલજીએ તેમના ઘેર ચાગલાને રહેવાનું કહ્યું. બે-ત્રણ દિવસ ઔપચારિક વાતો થઈ. પછી જવાહરલાલજીએ કહ્યું, ''તમને કેબિનેટ મિનિસ્ટર બનાવીએ તો કયું ખાતું પસંદ કરશો ?'' અણધાર્યો પ્રશ્ન હતો, પરંતુ ચાગલાએ કહ્યું, ''કાયદાખાતા સિવાયનું કોઈ પણ ખાતું.'' જવાહરલાલજી હસ્યા. ચાગલાએ કહ્યું, ''કાયદાખાતામાં મારે માત્ર અભિપ્રાય આપવાના હોય. હું દેશની ઉપયોગી સેવા કરી શકું નહીં, પરંતુ જો મને ઉદ્યોગખાતું મળે તો લાઇસન્સ પદ્ધતિમાં પારદર્શિતા લાવું.'' જવાહરલાલજીએ કહ્યું, ''વિચાર કરીને જણાવીશ.'' થોડા દિવસ બાદ જવાહરલાલજીએ કેળવણી પ્રધાન બનવા જણાવ્યું. તેમાં વિજ્ઞાન અને સંશોધનનો પણ સમાવેશ કરવામાં આવ્યો. ચાગલાએ તેમની સંમતિ દર્શાવી. તેમણે તેમની જવાબદારી ખૂબ જ મહેનત અને નિષ્ઠાપૂર્વક ઉપાડી લીધી. પાર્લમેન્ટમાં પ્રશ્નોના એવા સુંદર જવાબો આપ્યા કે સૌ કોઈ તેમનાથી પ્રભાવિત થયા. ખૂબ જ જાગ્રત એવા સંસદ સભ્ય શ્રી મહાવીર ત્યાગીએ ચાગલાને મળવા સમય માગ્યો. અનુકૂળતાએ બંને મળ્યા. મહાવીર ત્યાગીએ જણાવ્યું ''મેં તમારી નિમણૂકનો વિરોધ કરેલો. સંસદ સભ્ય ન હોય તેમને કેબિનેટ પ્રધાન ન બનાવવા. જવાહરલાલજીએ પત્ર લખેલો. જવાહરલાલજીએ પત્રનો વિસ્તૃત ઉત્તર આપી તમારી ભરપૂર પ્રશંસા કરેલી. તે સાચા હતા. મને મારી ભૂલ સમજાઈ. હું મારા પત્રની નકલ અને જવાહરલાલજીના પત્રની નકલ તમને આપું છું. સાથે મારી શુભેચ્છાઓ પણ આપું છું. મહાવીર ત્યાગી જેવા જાગ્રત સાંસદની પ્રશંસા, લાગણી અને શુભેચ્છાથી તેમને એમની કામગીરીમાં બળ મળ્યું.

ચાગલા જાણતા હતા કે સરકારી કામગીરીમાં અવરોધો કયા છે, જે રીતે ફાઈલો અનેક અધિકારીઓ પાસે થઈ તેમની પાસે આવતી તેનાથી તે અકળાતા. તે સીધા જ જવાબદાર અધિકારીને બોલાવતા અને નિર્ણય કરતા. તે જ રીતે તેમણે જોયું કે અનેક બાબતો અંગે સંખ્યાબંધ કમિટીઓ રચાઈ છે. તેમણે તમામ કમિટી અંગે તપાસ કરી. ઘણી કમિટીઓની તો બેઠકો મળી જ નહોતી. ઘણી કમિટીઓ ખૂબ ધીમી ગતિથી કાર્ય કરતી હતી. ચાગલાએ જોયું કે ઘણી વાર પ્રશ્નોને ટાળવા કમિટી નિમાય છે. ઘણી વાર કમિટીનો રિપોર્ટ અભરાઈએ ચડાવી દેવાય છે. તેમણે કમિટીઓ ઓછી કરી નાખી, વ્યવસ્થિત કામગીરી કરી.

ચાગલા શિક્ષણના સ્તરથી ખૂબ નારાજ હતા. તેમણે Teacher's Training માટે અનેક પગલાં લીધાં. તેઓ શિક્ષણના ક્ષેત્રમાં ઘણાં કાર્યો કરવા માગતા હતા, પરંતુ શિક્ષણ એ રાજ્યનો વિષય હતો, કેન્દ્રનો નહીં. ચાગલા માનતા હતા કે શિક્ષણ એ કેન્દ્ર અને રાજ્યનો બંનેનો વિષય – concurrent listમાં હોવો જોઈએ. બંધારણના ઘડવૈયાઓ આ ચૂક્યા છે.

તેમણે રાજ્યો સાથે મસલત કરી બંધારણીય સુધારા અંગે સૂચવ્યું, પરંતુ પંજાબ રાજ્ય સિવાય કોઈ રાજ્ય તૈયાર ન થયું.

ચાગલાને ઝડપથી કાર્યવાહી કરવામાં ફાયનાન્સ મિનિસ્ટ્રી પણ અવરોધરૂપ થતી. ચાગલાને એ વાતનો અણગમો હતો કે ફાયનાન્સ મિનિસ્ટ્રી વધારે પડતી ચીકાશ કરતી હતી અને પોતે જ સરકારના પૈસાના રખેવાળ છે તેવી ખોટી માન્યતા ધરાવતી હતી. પાર્લમેન્ટ મંજૂર કરે છતાં ખર્ચની યોગ્યતા અંગે તે પૂછપરછ કરે. આવો એક પ્રસંગ ચાગલા ટાંકે છે. જવાહરલાલ યુનિવર્સિટીના નિર્માણની શરૂઆત થઈ ત્યારે ફાયનાન્સ મિનિસ્ટ્રીમાં ખર્ચ માટે રજૂઆત થઈ ત્યારે મિનિસ્ટ્રીએ પુછાવ્યું કે દિલ્હીમાં એક યુનિવર્સિટી છે તો બીજી નહેરુ યુનિવર્સિટીની શું જરૂર છે ? ચાગલાએ બહુ કડક શબ્દોમાં જવાબ લખી જણાવ્યું કે પાર્લમેન્ટે મંજૂરી આપ્યા બાદ આ તમારો વિષય નથી, પછી તો ખર્ચ પણ મંજૂર થયું અને આગળ કાર્યવાહી થઈ. આ સાથે જ તેઓ બિલાડીના ટોપ જેમ ફૂટી નીકળતી યુનિવર્સિટીઓના વિરોધી

હતા. પૂરતી સગવડ વિના અને યોગ્ય અધ્યાપકો વિના સ્થપાતી યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ્સને નોકરી મળતી નથી અને તેમનું ભાવિ અંધકારમય બને છે, તેથી ચાગલાએ તે બાબતમાં વિશેષ કાળજી લીધી.

દર વર્ષે Text Book બદલાતી રહેતી તે અંગે ચાગલાએ નાખુશી વ્યક્ત કરી. પ્રકાશકો અને ઉત્પાદકોના હિતમાં આ તો Text book trade ચાલે છે તેમ તેમને લાગ્યું. આ અંગે પણ યોગ્ય નિર્ણયો કર્યા. તેઓ શિક્ષણના ક્ષેત્રમાં ભૂલો કરીએ તો બાળકોના ભવિષ્યને અસર પડે છે. તે માનતા કે બાળકને શરૂઆતના તબક્કામાં માતૃભાષામાં શિક્ષણ આપવું જોઈએ. બીજું સમગ્ર ભારતમાં કોમ્યુનિકેશન માટે એક જ ભાષા હોવી જોઈએ. જેથી ભારતની અખંડતા અને એકતા જળવાઈ રહે. દેશભરના વિદ્વાનો અને વૈજ્ઞાનિકો અસરસપરસ પોતાના વિચારો વ્યક્ત કરી શકે. બંધારણે હિંદીને common national language તરીકે સ્વીકારી છે, પરંતુ પુસ્તકો અને વિવિધ વિષયના સાહિત્યનો ખ્યાલ કરતા અને દક્ષિણના રાજ્યો માટે હિંદીનો સ્વીકાર મુશ્કેલ છે તેથી તેઓ માનતા કે અત્યારના તબક્કે અંગ્રેજી common national language રહે અને ધીરે ધીરે હિંદીમાં જરૂરી સાહિત્ય પ્રાપ્ત થાય, પ્રાદેશિક ભાષાઓમાં જરૂરી સાહિત્ય પ્રાપ્ત થાય પછી હિંદીનો સ્વીકાર થઈ શકે. કૉર્ટોની કાર્યવાહીમાં પણ અંગ્રેજી આવશ્યક છે. તે માનતા કે Indian bilingual બને, Trilingual નહીં. હિંદી લીન્ક લૅંગ્વેજ તરીકે રહે અને અંગ્રેજીને એસોસિયેટ લૅંગ્વેજ તરીકે ચાલુ રાખવી જોઈએ, વધુમાં તેમણે અંગ્રેજી સિવાય બીજી ભાષાઓ રશિયન, ફ્રેન્ચ, સ્પેનિશ, શીખવા માટે ઇન્સ્ટિટ્યૂશન્સ પણ સ્થાપ્યાં.

તેમની કામગીરીમાં Science અને Culture પણ હતાં. તેમણે કેટલીક નેશનલ લેબોરેટરીની સ્થાપના કરી. જેમાં સાયન્સ અને ઇન્ડસ્ટ્રી અંગે રિસર્ચ કરવામાં આવતી હતી. તેમણે કલ્ચરલ ક્ષેત્રે પણ કામ કર્યું. પરદેશથી સ્કૉલર્સ, રાઇટર્સ, આર્ટિસ્ટને નિમંત્રણ પાઠવ્યાં અને વિવિધ સેમિનારનું આયોજન કર્યું. ઇન્ટરનેશનલ અન્ડરસ્ટેન્ડિંગ માટે નહેરુ એવૉર્ડ આપવાનું નક્કી કર્યું. પ્રથમ એવૉર્ડ યુનોના મહામંત્રી U Thantને અર્પણ થયો.

બે બીલ રજૂ કરવાની કામગીરી પણ તેમણે કરી. બનારસ હિંદુ યુનિવર્સિટી બીલ અંગે સિલેક્ટ કમિટીમાં ચર્ચા થઈ ત્યારે ચાગલાએ કહ્યું કે આપણે હિંદુ શબ્દ કાઢી નાખીએ. તેનાથી communal છાપ ઊભી થાય છે, જ્યારે વાસ્તવમાં તેમ છે નહીં. તેમણે કહ્યું અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી પણ તેઓ મુસ્લિમ શબ્દ કાઢી નાખવાના મતના છે. જોકે સિલેક્ટ કમિટીએ નજીવી બહુમતીથી હિંદુ શબ્દ રાખવાનું નક્કી કર્યું. ચાગલાએ તે પ્રમાણે બીલ રજૂ કર્યું.

બીજું બીલ જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી અંગેનું બીલ હતું. આ અંગેની બાબત જાણવા જેવી છે, દિલ્હીમાં એક યુનિવર્સિટી હતી. ચાગલાએ જવાહરલાલજીને કહ્યું કે શહેરનો અને કેળવણીનો વિકાસ જોતાં બીજી યુનિવર્સિટી સ્થાપવી જોઈએ. જવાહરલાલજી સંમત થયા. ચાગલાએ કહ્યું કે અમે આ યુનિવર્સિટીનું નામ જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી રાખવા માગીએ છીએ. જવાહરલાલ અકળાઈ ઊઠ્યા. તેમણે કહ્યું કે તમે મારા વિચારો જાણો છો. કોઈ જીવંત વ્યક્તિ સાથે સંસ્થાનું નામ જોડવું જોઈએ નહીં. હું તો સ્ટેચ્યૂ મૂકવાનો પણ વિરોધી છું. ચાગલાએ દલીલ કરી કે તમે વડાપ્રધાન છો, આઝાદી પછી દિલ્હીમાં રહી દેશસેવાનું કામ કર્યું છે તેથી તમારું નામ યુનિવર્સિટી સાથે જોડવું યોગ્ય છે. જવાહરલાલજી ન માન્યા. પછી થોડા સમયે તેમનું અવસાન થયું. જ્યારે બીલ પાર્લમેન્ટમાં રજૂ કરવાનું આવ્યું ત્યારે ચાગલા કેળવણી પ્રધાન ન હતા. ફકરૂદ્દીન અલી એહમદ કેળવણી પ્રધાન હતા, પરંતુ તે બીમાર હતા. જેથી ચાગલાએ બીલ રજૂ કર્યું. જવાહરલાલ નેહરુનું નામ એ રીતે યુનિવર્સિટી સાથે જોડાયું. પાર્લમેન્ટે બીલ પસાર કર્યું, પરંતુ રાજ્યસભામાં ડાહ્યાભાઈ પટેલે સખત વિરોધ કરી જણાવ્યું કે તમે Personality cult ઊભો કરી રહ્યા છો. ચાગલાએ ઉપરની બાબત તે વખતે જાહેર કરી કહ્યું કે તેમની સેવાની આ યોગ્ય કદર છે.

ચાગલાએ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના વહીવટ અંગે કડક અને મક્કમ પગલાં લીધાં. તેમણે નવાબ અલીયાવર જંગને વાઇસ ચાન્સેલર તરીકે મૂક્યા. એક્ઝિક્યુટિવ કાઉન્સિલ નોમિનેટ કરી. આ અંગે તે જ ડિક્ટેટર છે તેવા આક્ષેપ થયા. ખૂબ તોફાનો થયાં. અલીયાવર જંગ પર ખૂની હુમલો થયો. તેમનો તેમાં આબાદ બચાવ થયો. ચાગલાને પણ ધમકીના હજારો પત્રો મળ્યા. બિહારના રાજકારણી ડૉ. સૈયદ મહમ્મદે અલીગઢ ઑલ્ડ મુસ્લિમ સ્ટુડન્ટસ એ નામનું કેન્વેન્શન બોલાવ્યું. બહુ જ દુઃખદાયક પરિસ્થિતિ પેદા થઈ, પરંતુ તેમણે મક્કમતાથી ઑર્ડિનન્સ બહાર પાડ્યો. પાર્લમેન્ટે પૂરો સહકાર આપ્યો અને પરિસ્થિતિ થાળે પડી. ચાગલા લખે છે કહેવાતા નેશનાલિસ્ટ મુસ્લિમો ઉઘાડા પડી ગયા. ચાગલા લખે છે કે "I had always thought that the congress in its anxiety to appease the minorities had supported many muslims who were really communal at heart."

ચાગલાનું સમગ્ર જીવન અને કાર્યો તેઓ પ્રખર રાષ્ટ્રવાદી હતા તેવું સ્પષ્ટ કરે છે.

**વિદેશ પ્રધાન**

નવેમ્બર 1966માં ગુલઝારીલાલ નંદાએ ગૃહપ્રધાન તરીકે રાજીનામું આપતા પ્રધાનમંડળમાં ફેરફારો થયાં. ત્યારે ઇંદિરાજીએ ચાગલાને એક્સટર્નલ એફેર મિનિસ્ટર થવા કહ્યું. ચાગલાએ કહ્યું કે મારા માટે તે આનંદની વાત છે. તેમણે 9 મહિના વિદેશપ્રધાન તરીકેની કામગીરી કુશળતાપૂર્વક નિભાવી.

તેમણી નિમણૂકના 12 કલાક બાદ જ પાર્લમેન્ટમાં ઘણા પ્રશ્નોનો મારો થયો. ચાગલાએ સુંદર જવાબો આપ્યા. ખાસ કરીને જાગ્રત સાંસદ મધુ લીમયેએ ઊભા કરેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા. બીજા દિવસે ઇન્ડિયન એક્સપ્રેસે ચાગલાની ભરપૂર પ્રશંસા કરી.

વહીવટી સુધારા માટે પીલ્લાઈ કમિટીનો રિપોર્ટ ચાગલાને મળ્યો. તેમણે રાત-દિવસ તેનો ઊંડો અભ્યાસ કરી જરૂરી સુધારા સ્વીકાર્યા.

પાકિસ્તાન સાથેના સંબંધોનો વિકટ પ્રશ્ન હતો. ઘણાં માનતા કે ચાગલા કડક વલણ અપનાવવાના મતના છે. ચાગલા જાણતા હતા કે પાકિસ્તાન તેની hate India પૉલિસી છોડી શકે તેમ નથી અને કાશ્મીરનો પ્રશ્ન આડો કરી તે તેમના દેશના લોકોને ઉશ્કેરે છે. છતાં ચાગલાએ અધિકારીઓને સૂચના આપી કે પાકિસ્તાનના હાઈકમિશનર અઝીજ એહમદનો સંપર્ક કરો અને Trade, commerece અને communication માટે સમજૂતી સાધી આગળ વધો. પાકિસ્તાને પોઝિટિવ રિસ્પોન્સ આપ્યો નહીં. ચાગલાએ પાકિસ્તાનના વિદેશ પ્રધાન પીરઝાદાનો સંપર્ક કર્યો. પીરઝાદાએ બૉમ્બે હાઈકૉર્ટમાં જસ્ટિસ ચાગલા સમક્ષ વકીલાત કરી હતી અને તેમના માટે પીરઝાદાને ખૂબ માન હતું. બંને વચ્ચે ઘણી વાતો થઈ. પીરઝાદાએ ત્રણ શરતો મૂકેલી. એક શરત તે ચાગલાએ આપેલા ભોજન સમારંભમાં આવશે, પરંતુ તેમની ચર્ચામાં કોઈ ત્રીજી વ્યક્તિ હાજર નહીં રહે. બીજી શરતએ હતી કે તેમની વચ્ચેની વાતચીત ખાનગી રાખવી અને બંને સંમત થાય ત્યારે યોગ્ય સમયે જાહેર કરવી. ત્રીજી શરત એ હતી કે પીરઝાદા જ્યારે ભોજન માટે આમંત્રણ આપે ત્યારે તે સ્વીકારવું. ચાગલાએ હસતાં-હસતાં કહ્યું કે આ શરતો મંજૂર છે. જો બંને પાડોશી દેશો પ્રેમપૂર્વક સાથે રહી વિકાસના પંથે આગળ વધતા હોય તો આ તો શું, કોઈ પણ શરત હું મંજૂર કરું. બંને વચ્ચે આશાસ્પદ વાતો થઈ. ચાગલા લખે છે કે હું વચનથી બંધાયેલો છું તેથી તે જાહેર કરતો નથી. જોકે ચાગલાએ વિદેશપ્રધાન તરીકે રાજીનામું આપ્યું અને પીરઝાદા પણ વિદેશપ્રધાન રહ્યા નહીં, તેથી ત્રીજી શરતનું પાલન ન થયું. ચાગલા લખે છે કે ભારતનું વલણ હંમેશાં Positive રહ્યું, પરંતુ પાકિસ્તાનનું નહીં. ભારતે તાસ્કંદ કરારનું પાલન કર્યું, પરંતુ પાકિસ્તાને નહીં. ભારત સાથે સંબંધો સુધારવા પાકિસ્તાન Serious નહોતું તેમ લાગે છે.

તેમનાં વિદેશપ્રધાન તરીકેના સમયગાળા દરમિયાન તેમણે ઇન્ડોનેશિયા, બર્મા, સિંગાપોર, મલેશિયા, ઇજિપ્ત, કુવૈત, ઈરાન અને યુગોસ્લાવિયાની મુલાકાત લીધી. દરેક દેશ સાથેના સંબંધો સુદૃઢ કરવા પ્રયત્ન કર્યા અને દેશના વડાની ઔપચારિક મુલાકાત લીધી. તેમણે તેમની આત્મકથા (Roses in December)માં મુલાકાતનો હેતુ, કાર્યવાહી અને દેશના વડા સાથેની વાતચીતનું વિગતે વર્ણન કર્યું છે. તેમ કહી શકાય કે તેમની મુલાકાતો સંતોષકારક રહી અને તેમણે કુશળતાપૂર્વક પોતાની કામગીરી કરી.

યુગોસ્લાવિયાના માર્શલ ટીટો વિશે તે લખે છે, ''Although fairly old, he appeared to be quite fit, both physically and mentally. He was most respected leader of non-aligned world.''

કેરોમાં નાસરને પહેલી જ વાર મળ્યા. તેમનાં માટે લખે છે, ''He sturck me as a man of great humility who had not permitted power to go to his head.''

ઇન્ડોનેશિયામાં પ્રમુખ સુકર્ણોને વિદેશપ્રધાન આદમ નાસીર સાથે મળ્યાં. આદમ નાસીરે સવારના જ અખબારમાં લેખ લખી પ્રમુખ સુકર્ણોએ જલદી હટી જવું જોઈએ તેમ જણાવેલું, પરંતુ વિવેક ખાતર તે ચાગલા સાથે ગયા હતા. પ્રમુખ સુકર્ણો ખૂબ જ આનંદી મૂડમાં હતા. ચાગલાને કહે તમે મારા વિશે લેખ વાંચ્યો છે ? ચાગલાએ હા કહી. સુકર્ણોએ હસતાં-હસતાં કહ્યું તેમાં કશું સાચું નથી. તે વાતો માનશો નહીં. સુકર્ણોના પડતીના દિવસો હતા. તેમણે દેશને નાદાર બનાવી દીધાના આક્ષેપો હતાં. છતાં તેમણે સ્વસ્થતા અને હાસ્ય ખોયા નહોતાં.

બર્મામાં Ne Winને મળ્યા. તેમના માટે લખે છે કે તે Practical હતા – unlike convertional Dictator.

સિંગાપોરમાં પ્રાઇમ મિનિસ્ટર ચાઇનીઝ Lee Kuan Yew હતા. તેમનાં ચાગલાએ ખૂબ વખાણ કર્યાં છે. તે

brilliant હતા, તેમનું માઇન્ડ એલર્ટ હતું. અને તેમની પર્સનાલિટી Charming હતી તેમ ચાંગલાએ જ નોંધ્યું છે.

જ્યારે મલેશિયાના વડાપ્રધાન ટૂંકુ અબ્દુલરહેમાન quite, thouthtful અને steady હતા તેમ જણાય છે. ગુરુવારે સાંજે બંને મળ્યા. ટૂંકું અબ્દુલ રહેમાને બીજા દિવસની શુક્રવારની નમાજમાં સાથે જોડાવવા કહ્યું. ચાગલાએ વિનયપૂર્વક ઇન્કાર કર્યો. તે લખે છે કે દેખાવ ખાતર નામજ પઢવા જવું એવા દંભને હું પોષવા માંગતો નહોતો.

ઈરાનના શાહે પણ તેમની પર સારી છાપ ઊભી કરી હતી. જોકે તેમનું વલણ ભારત પ્રત્યે સહાનુભૂતિપૂર્વકનું નહોતું, પરંતુ ચાગલાએ ઘણી બાબતોની સ્પષ્ટતા કરી.

આ ઉપરાંત વિદેશપ્રધાન તરીકે તેમણે યુનાઇટેડ નેશન્સમાં ભાતીય ડેલિગેશનનું નેતૃત્વ કર્યું અને ઇઝરાઇલના પ્રશ્નો અંગે ભારતનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કર્યું.

ટૂંકી કામગીરી બાદ તેમણે સૈદ્ધાંતિક કારણોસર રાજીનામું આપ્યું.

### વિદેશપ્રધાન તરીકે રાજીનામું

31 ઑગસ્ટ 1967ના રોજ તેમણે વિદેશ પ્રધાન તરીકે રાજીનામું આપ્યું. તેમણે સપ્ટેમ્બરમાં તેમનું પદ છોડ્યું. કૅબિનેટે educational Policy અંગે મહત્ત્વનો નિર્ણય લીધો, જેમાં તે કેળવણીપ્રધાન હતા તેનાથી ઊલટો જ નિર્ણય લેવાયો હતો. પ્રાદેશિક ભાષામાં શિક્ષણ અંગે તે નિર્ણય હતો. ચાગલાને લાગતું કે તેથી દેશની એકતા અને અખંડિતતા જોખમાશે. ચાગલાને લાગ્યું કે આ નિર્ણયનો વિરોધ વ્યક્ત કરવો જોઈએ. નિર્ણય તેમની મિનિસ્ટ્રીનો ન હતો. નિર્ણય કૅબિનેટનો હતો, પરંતુ તેમને લાગ્યું કે તેમણે રાજીનામું આપવું જોઈએ અને તેઓ કૅબિનેટમાં રહી શકે નહીં. વડાપ્રધાન ઇંદિરાજીએ તેમને રાજીનામું પરત ખેંચવા સમજાવ્યા. ઇંદિરાજીએ મોરારજીભાઈને વિનંતી કરી કે તેઓ ચાગલાને મળીને સમજાવે. બંને મિત્રો હતા. મોરારજીભાઈ ચાગલાને મળ્યા. લાંબી ચર્ચા કરી. ચાગલાએ જણાવ્યું કે તમે તો સિદ્ધાંતવાદી માણસ છો. મારા સિદ્ધાંતવાદી વલણને ટેકો આપવો જોઈએ. ચાગલા માન્યા નહીં. જવાબદારીભરી અને ગૌરવશાળી જગ્યા પરથી સહજ રીતે ખસી જવું સહેલું કામ નહોતું. ઇન્ડિયન એક્સપ્રેસે લખ્યું કે દેશ માટે આ કમનસીબ ઘટના છે.

ચાગલાએ તે પછીના વર્ષો સુધી સુપ્રીમકૉર્ટમાં વકીલાતમાં વિતાવ્યાં. તેમણે વકીલાતમાં ખૂબ નામના મેળવી. એમ કહેવાય છે કે તેમની આવક ખૂબ મોટી હતી, પણ મોટા ભાગની આવક પ્રામાણિકતાપણે ટેક્સ ભરવામાં વપરાતી હતી.

## ચાગલાનાં કુટુંબીજનો

### સુખી કુટુંબજીવન

મુંબઈમાં વકીલાત કરતા હતા ત્યારે ચાગલાનું લગ્ન તેમના સમાજનાં મહેરુન્નીસા ધારશી જીવરાજ જોડે થયું હતું. તે ખૂબ ભણેલાં ન હતાં, પરંતુ તેમણે ખૂબ જ સુંદર રીતે બાળકોનો ઉછેર કર્યો. તેમને ત્રણ સંતાનો થયાં. મોટી દીકરી હુસેનઆરા, મોટો પુત્ર જહાંગીર અને નાનો પુત્ર ઇકબાલ. ઇકબાલે તો સુપ્રીમ કૉર્ટના નામી વકીલ તરીકે નામના પ્રાપ્ત કરી.

સને 1961માં ચાગલા અમેરિકાથી ભારત પરત આવ્યા તેઓશ્રી અમેરિકાના એમ્બેસેડર તરીકે ગયા ત્યારે ચીફ જસ્ટિસનો બંગલો ખાલી કરી દીધો હતો. ભારત આવ્યા પછી મિત્રના કુટુંબ સાથે રહેતા હતા અને ભાડાના ફ્લૅટની શોધમાં હતા. તેમનાં પત્નીને લાંબો સમય મિત્રના ત્યાં રહેવાનું રુચતું નહીં. તેમની તબિયત બગડી. પછી ફ્લૅટ મળ્યો અને ફ્લૅટમાં થોડો સમય રહ્યા બાદ તેમનાં પત્નીનું અવસાન થયું. 62 વર્ષની વયે 32 વર્ષના લગ્નજીવન પછી એકલા રહેવાનું તેમને બહુ દુઃખદાયક લાગ્યું.

ઇકબાલ ચાગલાનાં બે સંતાનો પૈકી દીકરી રોહીકાનું લગ્ન ટાટા ગ્રૂપના જાણીતા ઉદ્યોગપતિ સાયરસ મિસ્ત્રી સાથે થયું. તેમનું લગ્નજીવન ખૂબ સુખી હતું, પરંતુ સાયરસ મિસ્ત્રીનું આકસ્મિક કાર દુર્ઘટનામાં અવસાન થતાં જીવનમાં દુઃખ આવ્યું. ઇકબાલ ચાગલાના પુત્ર રિયાઝ ચાગલા 2017માં મુંબઈ હાઈકોર્ટના જજ તરીકે નિમાયા. જે કૉર્ટમાં દાદા ચીફ જસ્ટિસ હતા, તે કૉર્ટમાં હાલ રિયાઝ ચાગલા ન્યાયાધીશ તરીકે સફળ કામગીરી કરી રહ્યા છે.

### ગુણગ્રાહીદૃષ્ટિ

જસ્ટિસ ચાગલાનું સમગ્ર જીવન જોતાં જણાય છે કે તેમની દૃષ્ટિ ગુણગ્રાહી હતી. તે હજારો લોકોના સંપર્કમાં આવ્યા. દરેકમાં તેમણે ગુણો જોયા. તેમનાં પુસ્તકમાં તે દર્શાવ્યા. રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનને તે વારંવાર મળતા. તેમના માટે કહે છે ''Dr. Radhakrishnana was idealy suit to fill the role of the philosopher king which the plato has described.'' તે કહે છે કે ડૉ. રાધાકૃષ્ણન અતિ વિદ્વાન હતા, પણ અતિ સરળ હતા, પરંતુ રાજકારણના તમામ પ્રશ્નોથી માહિતગાર રહેતા. તેમને મ્યુઝિકનો ભારે શોખ હતો.

રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીરહુસન માટે તે લખે છે કે તે ફિલોસોફર નહોતા અને તેવા દેખાવાનો પ્રયાસ પણ કરતા નહોતા. તે વિદ્વાન હતા. ઉર્દૂના સારા જાણકાર હતા. શેક્સપિયરના સાહિત્યને તેમણે ઉર્દૂમાં ઉતાર્યું છે. He was a man of great refinement and culture.

વડાપ્રધાન જવાહરલાલ માટે તેમણે humanist શબ્દ વાપર્યો છે. તેઓ કહે છે, ''He was not only a humanist but a radical humanist. He was rationalist.'' પંડિતજીને તે True democrate કહે છે. પંડિતજી માનતા કે Civilized Societyમાં Rule of law હોવું જ જોઈએ. પંડિતજી તેમના સાથીઓને વગર એપોઇન્ટમેન્ટે મળતા અને શાંતિથી સાંભળતા

વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી માટે તેઓ કહે છે કે શાસ્ત્રીજી જવાહરલાલજીથી તદ્દન ભિન્ન હતા. No one in such high office have ever displayed. such modesty and humility. શાસ્ત્રી શાંતિમાં માનનારા હતા, પરંતુ યુદ્ધ વખતે જે દઢતાથી કામ લીધું તેનાથી સૌનાં દિલ જીતી લીધાં. શાસ્ત્રીજી સાથેનો એક પ્રસંગ ચાગલા વર્ણવે છે : શાસ્ત્રીજી મનોરંજન માટે ભાગ્યે જ સમય કાઢતા. એક વખત ચાગલા સાથે તે ''My fair lady.'' પિક્ચર જોવા ગયા. નક્કી એવું થયેલું કે તે ઇન્ટરવલ સુધી બેસશે પછી મુલાકાતીઓ અને ફાઈલોમાં ડૂબી જશે. ઇન્ટરવલમાં શાસ્ત્રીજીએ ચાગલાને પૂછ્યું કે હું છેક સુધી બેસું તો ખરાબ નહીં લાગે ને ? મને પિક્ચર ગમ્યું છે. ચાગલાએ કહ્યું, ''કોઈક દિવસ તો તમને તમારા મનોરંજન માટે સમય કાઢવાનો અધિકાર છે. જરૂર રોકાઓ.'' તેમણે પૂરા આનંદથી પિક્ચર જોયું. ચાગલા કહે છે કે આવા સરળ હતા આપણા વડાપ્રધાન.

વડાપ્રધાન ઇંદિરાજી વિશે તે કહે છે કે શરૂઆતના વર્ષોમાં તે ઓછું બોલતાં અને ચર્ચામાં ખાસ ભાગ લેતાં નહીં, પરંતુ સમય જતાં એક અસાધારણ નેતા તરીકે તે ઊપસી આવ્યાં. ''The father was a great statesman but not much of a politican. But the daughter shows a mastery of political statergy which even the most finished practioner of the art of politics may envy. ચાગલા 1973માં પ્રસિદ્ધ થયેલ આત્મકથામાં લખે છે : ''Today she is undoubtedly one of the most powerful rulers in the world, perhaps the most powerful..''

ચાગલાએ કટોકટી પહેલા 1973માં નીચે પ્રમાણે જણાવ્યું છે, ''The concentration of power in the hands of a single individual is always detrimental to democratic process and parliamentary institutions. It is rare for such an individual to show moderation and tolerance and resist the temptation of adopting authoritarian methods and assume that all political wisdom and segacity resides in her alone, and there is no necessity for consultation on listening even to well intentioned criticism. ચાગલા લખે છે, ''The future of India will largely depend upon how she uses her power.''

ચાગલાએ તેમની ગુણગ્રાહી દષ્ટિનાં દર્શન અનેક વ્યક્તિઓના ગુણો દર્શાવીને કરાવ્યાં છે. માત્ર તેમના નામનો જ ઉલ્લેખ કરું છું. હીરેન મુખરજી, અટલ બિહારી બાજપેયી, મધુ લિમયે, કામઠ, જે. બી. ક્રિપલાણી, ડૉ. એલ. એમ. સીંઘવી, ફ્રેંક એન્થોની, ડાહ્યાભાઈ પટેલ, લોકનાથ મિશ્રા જેવા વિરોધ પક્ષના સભ્યોના પણ ગુણો તેમણે દર્શાવ્યા છે. ચાગલાની આ મહાનતા છે.

**સમાપન**

જસ્ટિસ ચાગલાનું સમગ્ર જીવન જોતાં તે ખૂબ જ્ઞાની, કર્મઠ, સિદ્ધાંતવાદી, પ્રામાણિક અને પ્રખર દેશભક્ત હતા. તે સ્પષ્ટ જણાઈ આવે છે. 80 વર્ષ ઉપરાંત તે કાર્યરત જીવન જીવ્યા. ન્યાયાધીશ તરીકે, રાજકારણી તરીકે અને સમર્થ વકીલ તરીકે તેમણે ઉમદા કામગીરી કરી.

તેમની આત્મકથા **'Roses in December'**, (1993; Reprinted : Bharatiya Vidyabhavan, Mumbai, 2012, ગુજરાતી અનુવાદ : **પાનખરનાં ગુલાબ.** અનુ. જયા ઠાકોર, ગૂર્જર, અમદાવાદ, 1975) વકીલો, ન્યાયાધીશો અને રાજકારણીઓને પ્રેરણા આપે તેવી છે. દરેકે તે વાંચવી જોઈએ. તેમનાં જીવન વિશે વાંચતા મને આનંદ આવ્યો છે અને આ બે લેખ દ્વારા મેં એ આનંદ વ્યક્ત કર્યો છે, આશા છે કે વાચકો તેમની જીવનકથા વાંચવા પ્રેરાશે અને તેમનાં જીવનના ઉત્તમ ગુણો ગ્રહણ કરવા આતુર બનશે.

એક મહાન વ્યક્તિત્વને નમન કરી મારી વાતને પૂરી કરું છું.

**શરદભાઈ શાહ,**
(એડવોકેટ)
મહેસાણા, મો. ૯૪૨૯૭ ૩૬૩૬૫

•

# સૌરાષ્ટ્ર તામિલ સંગમ

**કમલેશ જોશીપુરા**

તાજેતરમાં ભગવાન સોમનાથના સાંનિધ્યમાં ઐતિહાસિક અને અપ્રતિમ એવા સૌરાષ્ટ્ર તામિલ સંગમનું આયોજન કરવામાં આવ્યું છે. ભારત સરકાર તેમજ ગુજરાત સરકાર દ્વારા આયોજિત આ ઉપક્રમ સાચા અર્થમાં એક પ્રકારે ઐતિહાસિક છે તેનું કારણ કે વિશ્વમાં આ એકમાત્ર એવી ઘટના છે જેની અંદર 1200-1300 વર્ષના ગાળા પછી પણ પોતાની એટલે કે પોતાના વતનની ઓળખ જાળવી રાખી અને અન્ય પ્રાંત સાથે સંપૂર્ણ ભળી જઈ અને આટલી મોટી સંખ્યામાં કોઈ એક સમુદાય વસવાટ કરતો હોય, આ સમુદાય એટલે સૌરાષ્ટ્રવાસી સમુદાય કે જે તામિલનાડુના 47 કરતાં વધારે એવા શહેરોમાં અને આજુબાજુના ગ્રામ્ય-વિસ્તારામાં વસે છે. તેમજ તામિલનાડુના સાર્વજનિક જીવનમાં તેમજ જીવનના પ્રત્યેક ક્ષેત્રોમાં આ સમુદાયનું ખૂબ જ ગણનાપાત્ર પ્રદાન છે.

સૌરાષ્ટ્ર તામિલ સંગમની સંપૂર્ણ સંકલ્પના શ્રી નરેન્દ્ર મોદીજીની છે અને એ ખૂબ જ અગત્યની બાબતે એટલે તેઓની ઘણા સમય પહેલા ઇચ્છા હતી કે સોમનાથ ખાતે આ સમુદાયને એકત્ર કરી અને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે અને ખાસ કરીને સૌરાષ્ટ્રવાસી સમુદાય સાથે સંપર્ક એ શ્રી નરેન્દ્ર મોદીજીનો એક અભ્યાસુ તરીકેનો પણ પ્રિય વિષય રહ્યો છે.

તામિલનાડુ સ્થિત સૌરાષ્ટ્રવાસી સમુદાય સાથે સંપર્ક પ્રસ્થાપિત કરવા 2005 પહેલાં પણ પ્રયત્નો થયા હતા, પરંતુ તેમાં સફળતા મળી ન હતી. કેવા સંજોગોમાં આ સમુદાય સાથે સંપર્ક થયો તેની નાની પણ રસપ્રદ ઘટના અત્રે યાદ કરવી પ્રસ્તુત બની રહેશે, કારણ કે ખાસ કરીને આ સમુદાયને આટલાં વર્ષો પછી પણ પોતાના મૂળ એટલે કે પોતાના મૂળ વતન સાથેના નાતાની મહત્તા અને મહત્ત્વ ખૂબ જ છે અને માટે સૌરાષ્ટ્ર સાથેની ઓળખ અને સૌરાષ્ટ્ર સાથેનો તંત એ તેમના માટે અત્યંત અગત્યની બાબત છે.

તામિલનાડુથી ભાષાશાસ્ત્રી શ્રી દામોદરન, અમેરિકામાં સ્થાયી થયેલા સૌરાષ્ટ્રવાસી મહિલા અગ્રણી શ્રીમતી રાધા પરશુરામન તેમજ સંસ્કૃતના પ્રકાંડ પંડિત સરોજિનીજી અને સંગીતકાર શ્રી ઠાકોર સુબ્રહ્મણ્યમજી અહીંયાં કોઈનો સંપર્ક થાય તે આશાએ રાજકોટના બાબા ગેસ્ટ હાઉસમાં ઊતર્યા અને બાબા ગેસ્ટ હાઉસમાં કોઈએ તેમને વાત કરી કે અમારે ત્યાં જે મેયર ભાવનાબેન હતા તેના વર શ્રી કમલેશભાઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલપતિ છે, પણ હું તમને ભાવનાબેનનો સંપર્ક કરાવી આપું, પરંતુ બાકી તમે તમારી રીતે મળી લેજો અને તે દિવસે સાંજે એટલે કે સમી સાંજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઉપર આ પ્રતિનિધિ મંડળ આવ્યું અને પ્રથમ વાર મુલાકાત થઈ. કેવા સંજોગોમાં આ સમુદાય અહીંથી હિજરત કરી અને ગયો તેમજ સાથોસાથ આ સમુદાય તામિલનાડુમાં કેવી રીતે વસે છે તેની પૂરી વિગતની આપ-લે થઈ. તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબના ધ્યાન ઉપર પણ આ વાત તુરંત મૂકવામાં આવી અને શ્રી મોદીજીએ પણ ખૂબ જ પ્રોત્સાહક એવી પ્રેરણા આપી.

આ પ્રતિનિધિમંડળ રાજકોટની મુલાકાતે આવેલું હતું તેની વિગત તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આપવામાં આવી અને તેઓ તેમના પ્રચારક જીવન દરમિયાન તામિલનાડુના પ્રવાસ દરમિયાન આ સમુદાય સાથે સંપર્કમાં આવેલા અને આ સમુદાયની ખાસિયતો અંગે પરિચિત હતા અને તેમણે તુરંત જ ઊંડી દિલચસ્પી દાખવી સાથોસાથ તેમણે એટલે કે તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શ્રી કમલેશ જોષીપુરા અને શ્રી કલ્પક ત્રિવેદીને તથા અન્ય અગ્રણીઓને ગાંધીનગર બોલાવી આ સમુદાય સાથે આદાન-પ્રદાનના કાર્યક્રમો શરૂ કરવા અર્થે ખાસ હિમાયત કરી. શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની ખાસ ઇચ્છા રહી કે આ સમુદાય સાથે કોઈ ને કોઈ સ્વરૂપના આદાન-પ્રદાન કાર્યક્રમો ચાલતા રહેવા જોઈએ, એટલું જ નહીં, પરંતુ સૌરાષ્ટ્ર વિસ્તારના યુવાનોને પણ તામિલનાડુના પ્રવાસે લઈ જવા જોઈએ. અને આ માટે જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઇતિહાસભવનના વિદ્યાર્થીઓના જૂથોનો પ્રવાસ મદુરાઈ ખાતે રહેલો છે અને મદુરાઈ સ્થિત સૌરાષ્ટ્રવાસી પરિવારોમાં આ વિદ્યાર્થીઓએ નિવાસ કરી અને ખાસ સૌરાષ્ટ્ર સમુદાય સાથે ઓતપ્રોત થવાનો એક સરસ મજાનો પ્રયત્ન કર્યો છે.

તુરંત જ 2006ની સાલમાં તામિલનાડુ સૌરાષ્ટ્ર ચેમ્બર ઑફ કૉમર્સના ઑડિટોરિયમમાં સૌરાષ્ટ્ર ચેમ્બર ઑફ કૉમર્સ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપક્રમે સંયુક્ત કાર્યક્રમનું આયોજન થયું અને તેમાં શ્રી કમલેશ જોષીપુરા શ્રી કલ્પક ત્રિવેદી ઉપરાંત જાણીતા સાહિત્યકાર અને પૂર્વ કુલપતિ શ્રી

બળવંતભાઈ જાની પણ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમમાં બંને સમુદાય વચ્ચે વ્યવસ્થિત રીતે આદાન-પ્રદાન અર્થેની એક યોજના ઘડી કાઢવામાં આવી. સૌરાષ્ટ્ર ચેમ્બર ઑફ કૉમર્સના ઑડિટોરિયમમાં આયોજિત આ કાર્યક્રમમાં તામિલનાડુ ભણનાર અને ખાસ કરીને વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત અગ્રણીઓ ઉપસ્થિત હતા અને પોતાના મૂળ વતન સૌરાષ્ટ્ર ગુજરાત સાથે અવિરત અને સાતત્ય સભર નાતો બાંધવા અર્થેની સંકલ્પના કરવામાં આવી. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્રવાસી સમુદાયના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની સાથે શિક્ષણવિદો, સાહિત્યકારો, સંગીતકારો પણ હાજર હતા અને સવિશેષ રીતે ભાષાશાસ્ત્રીઓ પણ હાજર હતા અને વર્તમાન ગુજરાતી ભાષા તેમજ તામિલનાડુના સૌરાષ્ટ્રવાસીઓ જે ભાષા બોલે છે એ સૌરાષ્ટ્ર ભાષામાં સમાનાર્થી શબ્દો કયા પ્રકારના છે. તેમજ વ્યાકરણ રચના કઈ પ્રકારની છે, વગેરે તમામ બાબતો ઉપર તત્કાલ સંશોધનાત્મક પ્રકલ્પો હાથ ધરવાનું સુનિશ્ચિત થયું અને સાથોસાથ સારામાં સારા ઉપયોગી એવા પ્રકાશનો કરવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો.

તુરંત જ રામાયણના જાણીતા લોકકથાકાર પૂજ્ય મોરારિબાપુની નિશ્રામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સેનેટ હૉલમાં રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સૌરાષ્ટ્ર હેરિટેજ RISHIની સ્થાપના કરવામાં આવી અને સાથોસાથ સૌરાષ્ટ્ર ચેરની પણ સ્થાપના કરવામાં આવી. આ ચેર અંતર્ગત તેમજ સંશોધન સંસ્થા અંતર્ગત ખાસ કરીને અત્યારની આપણી ગુજરાતી ભાષા તેમજ સૌરાષ્ટ્ર ભાષાના કયા સમાનાર્થી શબ્દો છે તેમજ વ્યાકરણની દૃષ્ટિએ કેવી રીતે સંરચના છે. આ સહિતની બાબતો અંગે ખૂબ જ આધારભૂત એવાં ત્રણ પુસ્તકો પણ પ્રકાશિત કરવામાં આવ્યાં. ખાસ કરીને ભાષાના ક્ષેત્રમાં ઘણીબધી કાર્યશાળાઓનું આયોજન નિયમિત રીતે થતું આવ્યું છે અને વર્તમાન સમયમાં પણ શ્રી રવિસિંહ ઝાલા કે જેઓ અંગ્રેજીભવનના પ્રાધ્યાપક છે. તેઓ ભાષા સંદર્ભેના સંયુક્ત પ્રકલ્પોમાં અગ્રેસર રીતે કાર્યરત છે.

તાજેતરમાં કાશી ખાતે જે કાશી તામિલ સંગમનું આયોજન થયું તે સંગમ વખતે પણ તામિલનાડુના વિખ્યાત સંત તીરુવલ્લવુર દ્વારા પ્રયોજાયેલા બોધ કુરુલ ગ્રંથ કે જે વિવિધ ભાષાઓમાં ભાષાંતરિત થયો તેમાં સૌરાષ્ટ્ર ભાષામાં પણ ભાષાંતરિત થયેલ પુસ્તક પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વરદ્ હસ્તે લોકાર્પિત થયું. આમ સૌરાષ્ટ્ર સમુદાયની સૌરાષ્ટ્ર ભાષાને પણ ઉચિત સન્માન મળ્યું છે.

અત્રે એ બાબતનો પણ ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે એક સમયના ગુજરાતી ભાષા સાહિત્યભવનના અધ્યક્ષ શ્રી ઈશ્વરભાઈ દવે સૌરાષ્ટ્ર સમુદાય અંગે ખૂબ જ વિષદ છણાવટભર્યું સંશોધન કર્યું છે અને તેના આધાર ઉપર તેઓએ એક સુંદર મજાનું આ વિષય ઉપરનું સરસ પ્રકાશન પણ બહાર પાડ્યું છે.

તામિલનાડુમાં સૌરાષ્ટ્ર ચેમ્બર ઑફ કૉમર્સ ખૂબ જ સક્રિય અને આગળ પડતું સંગઠન છે અને દર વર્ષે તેની સીટકોણ કૉન્ફરન્સમાં સૌરાષ્ટ્રના ઉદ્યોગપતિઓ ખૂબ જ મોટા પ્રમાણમાં ભાગ લે છે અને ગુજરાત સરકારના મંત્રીશ્રીને પણ શ્રી કમલેશ જોશીપુરાએ નિમંત્રિત કરીને સંબોધન કરાવેલ છે. સંશોધન સંસ્થાના ઉપક્રમે ખાસ કરીને વિશ્વવિખ્યાત થાજાપુર પેઇન્ટિંગ કે જે ખૂબ જ લોકપ્રિય છે તેના વર્ગો પણ સૌરાષ્ટ્રમાં ચાલ્યા છે અને ખૂબ જ સફળતા તેમાં મળી છે, હિન્દુ દેવી-દેવતાઓની જે શ્રેષ્ઠ તસવીરો વિશ્વભરમાં સુવિદિત છે તે અનેક થાજાવર પેઇન્ટિંગની બનેલી છે.

સંશોધન-સંસ્થાના ઉપક્રમે ખાસ કરીને તામિલનાડુ ખાતે પણ આપણા વિદ્યાર્થીઓને લઈ જઈને ત્યાંના સમાજ સાથે ખાસ કરીને સૌરાષ્ટ્રવાસી સમાજના ઘરોમાં રાખી અને એક પારિવારિક દૃષ્ટિથી નાતો બંધાય તેવા એક વિશેષ પ્રયત્ન થયા છે.

મદુરાઈ ખાતે 120 વર્ષ જૂની ખાસ કરીને સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ અને સૌરાષ્ટ્ર કૉલેજ આવેલી છે અને આ બંને સંસ્થાઓમાં પણ ખાસ કરીને શૈક્ષણિક આદાન-પ્રદાનના કાર્યક્રમો થતા આવ્યા છે.

2005થી સદનસીબે આ લેખના લેખકનો તામિલનાડુના વિવિધ વિસ્તારોમાં જીવંત સંપર્ક રહ્યો છે અને સવિશેષ રીતે ખાસ ઉલ્લેખનીય બાબતે એટલે માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી પદની જવાબદારી લીધી ત્યાર પછી પણ સૌરાષ્ટ્રવાસી સમુદાયના અગ્રણીઓને પાંચથી છ વખત વ્યક્તિગત મુલાકાતો આપી છે એટલું જ નહીં, પરંતુ સૌરાષ્ટ્ર ગુજરાત સાથે આદાન-પ્રદાનના કાર્યક્રમો વિશેષ પ્રમાણમાં આયોજિત કરવા અર્થે પ્રેરણા પણ આપી છે.

સૌરાષ્ટ્રવાસી સમુદાયની જીવનપદ્ધતિ તેમજ સૌરાષ્ટ્રની રહેન-સહેન કેવી રીતે જાળવી રાખી છે તથા સાથોસાથ વણાટકામમાં કયા પ્રકારનું વૈવિધ્ય આ સમુદાય ધરાવે છે અને ખાસ તો તામિલનાડુના ફિલ્મ સંગીતના ક્ષેત્રે પણ સૌરાષ્ટ્રવાસી સમુદાયના સંગીતકારોનું ખૂબ જ મોટું પ્રદાન છે. આ બધી વિગતો પણ ક્યારેક આપણે અહીં રસપ્રદ માહિતી સાથે ચર્ચીશું.

**પ્રૉ. કમલેશ જોષીપુરા**
પૂર્વ-કુલપતિ અને પ્રોફેસર, કાયદાકીય વિભાગ
મો. ૯૮૨૪૨૧૨૦૦૩

•

# શિક્ષક માટે સફળતાની સપ્તપદી

**તુલસીભાઈ પટેલ**

સફળતા કોને નથી ગમતી ? દરેક વ્યક્તિ પોતપોતાનાં ક્ષેત્રમાં સફળતાનાં સર્વોચ્ચ શિખર સર કરવાની ઝંખના સેવતી હોય છે. શિક્ષક પણ પોતાના વ્યવસાયમાં સફળ થવા ઇચ્છે છે, તે સ્વાભાવિક છે, પરંતુ એવો કોઈ ઇલમ નથી કે આપમેળે સફળતા આપણા ખોળામાં આવી પડે ! એ માટે આપણે યુક્તિપૂર્વક પરિશ્રમ કરવો પડે છે. શિક્ષક તરીકે સફળ થવા માટે નીચેનાં સાતપદ હૃદયમાં રાખવા જેવાં છે.

### (૧) આનંદ

શિક્ષકને પોતાના કામમાં આનંદ અને રસ હોવો જોઈએ. પોતાના વ્યવસાય પ્રત્યે આદર હોવો જોઈએ. ભણવા અને ભણાવવાના કામથી અને હાર્દિક સંતોષ પ્રાપ્ત થવો જોઈએ. તમે તમારા વ્યવસાયને પ્રેમ કરો. જે પોતાના જ વ્યવસાયને પ્રેમ કરતો નથી, એનું જીવન એક વૈતરું બની જાય છે. એનું કાર્ય વેઠરૂપ બની જાય છે. આ રીતે તો જીવન જિવાય નહીં. એના કરતાં તો રાજીનામું આપીને બીજા ધંધામાં જોડાઈ જવું સારું ! રસપૂર્વક કામ કરવું એ જ 'ભક્તિ' છે. કામમાંથી રસની બાદબાકી એ વેઠ છે. અધ્યાપનના કામમાં કુદરતી રસ હોય તો ઉત્તમ; નહીંતર નીચેનું સૂત્ર અત્યંત ઉપયોગી થઈ શકશે :

जिसमें रस हो, ऐसा काम कीजिए,
अथवा अपने काम में रस लीजिए ।

રસ ન હોય તો સંકલ્પપૂર્વક રસ લેવાથી, આખરે રસ પ્રાપ્ત થવા લાગે છે. કહ્યું છે ને કે : बनते बनते बन जाय ! હવે તો શિક્ષકનાં વેતન પણ સારા થયાં છે, એટલે આર્થિક દલીલ કરી શકાય તેમ નથી. જીવનમાં સફળ થવા માટે અને આનંદપૂર્વક જીવવા માટે વ્યવસાય-સંતોષ (Job Satisfaction) અતિ મહત્ત્વપૂર્ણ બાબત છે. શ્રી ગુણવંત શાહ સાચું જ કહે છે : વેઠ ઉતારનાર અને રસપૂર્વક કામ કરનાર, બંનેને પગાર તો સરખો જ મળે છે, પરંતુ રસપૂર્વક કામ કરનારને વધારામાં આનંદ છે!

### (૨) આવડત

આ મુદ્દો તમામ ક્ષેત્રની વ્યક્તિઓને લાગુ પડે છે. આપણે જે ક્ષેત્ર સાથે સંકળાયેલા હોઈએ એના વિશે આપણને પૂરેપૂરી માહિતી હોવી ઘટે. આજે દુનિયા અતિ ઝડપથી આગળ વધી રહી છે. વિજ્ઞાન ક્ષેત્રે અદ્‌ભુત શોધો થઈ રહી છે. એનો લાભ લઈને દરેક ક્ષેત્ર ખૂબ ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે એનાં સાથે આપણે કદમ મિલાવવા જોઈએ. એમ નહીં કરીએ તો દુનિયા આગળ નીકળી જશે અને આપણે પાછળ રહી જઈશું. શિક્ષક તો જ્ઞાનના આદાન-પ્રદાન સાથે સીધો સંકળાયેલો છે. જ્ઞાનની ક્ષિતિજો સદા વિસ્તરતી રહે છે. આજે માહિતી અને જ્ઞાનનો ભારે વિસ્ફોટ થઈ રહ્યો છે. શિક્ષકે એના સંપર્કમાં રહેવું જોઈએ. એણે નિત્ય નૂતન રહેવું જોઈએ. એ માટે એણે અદ્યતન સંદર્ભ-ગ્રંથો અને સામયિકો સાથે મૈત્રી કેળવવી ઘટે. યાદ રાખા : સાચો શિક્ષક આજીવન વિદ્યાર્થી હોય છે. એ સ્વાધ્યાય દ્વારા પોતાની આવડત વધારતો રહે છે; ને જ્ઞાન-ગિરિનાં ઊંચાં શિખરો પર આરોહણ કરતો રહે છે. દરેક વ્યવસાયમાં સફળ થવા માટે અદ્યતન ઓજારોનો ઉપયોગ કરવો જોઈએ. શિક્ષક માટે તો 'જ્ઞાન' એ જ સૌથી મોટું ઓજાર છે !

### (૩) આવર્તન

આવર્તન એટલે પુનરાવર્તન. પોતે અગાઉ જે ભણી ગયા એનું યોગ્ય અંતરે પુનરાવર્તન કરતા રહો; નહીંતર ભણેલું ભૂલી જશો. 'અભ્યાસ' શબ્દનો અર્થ જ Practice થાય છે. અર્થાત્ એક ક્રિયા વારંવાર કરતા રહેવું, એનું નામ અભ્યાસ. કેટલાક શિક્ષક એક વાર ડિગ્રી અને નોકરી મળી ગયા પછી પુસ્તકો અભરાઈએ ચડાવી દે છે ! એ રીતે તો ભવિષ્યમાં આપણે ભણેલું બધું જ ભૂલી જઈએ ! એક કહેવત છે કે : 'તરવું, તાંતરવું અને તસ્કરવું એક વાર શીખ્યા પછી કદી ભૂલી જવાતું નથી.' પરંતુ આ વાત જ્ઞાન-પ્રક્રિયાને લાગુ પડતી નથી. આજે જે યાદ કર્યું, તે થોડા દિવસો પછી ભૂલી જઈએ

છીએ, એવો આપણો સહુનો અનુભવ છે. હિન્દીના કવિ અમીર ખુસરોએ કહ્યું છે :

थोडा अडा क्यों ? फेरा नहीं था ।
पान सडा क्यों ? फेरा नहीं था ।

એ જ રીતે જ્ઞાન-માહિતીનું પણ જો પુનરાવર્તન કરતા નહીં રહીએ, તો તે સડી જશે; ભુલાઈ જશે. દિમાગનો પણ ઉપયોગ કરતા રહો; નહીંતર એ કટાઈ જશે, પૈસા વાપરવાથી ઘટે છે; પરંતુ દિમાગ વાપરવાથી વધે છે ! વિજ્ઞાને પુરવાર કર્યું છે કે જે અવયવોનો આપણે ઉપયોગ કરતા નથી, તે અવયવો કાળક્રમે નાશ પામે છે. અંગ્રેજીમાં સરસ સૂત્ર છે : Use it or loose it.

### (૪) આત્મવિશ્વાસ

આત્મવિશ્વાસ એ પાયાનો ગુણ છે; જેના ઉપર સફળતાની આલીશાન ઇમારત રચી શકાય છે, પરંતુ આવડત અને આત્મવિશ્વાસને સીધો સંબંધ છે. જેમ જેમ આવડત વધે, તેમ તેમ આત્મવિશ્વાસ વધતો જાય છે; ને જો રસ હોય તો આવડત વધારવાનું કુદરતી રીતે જ બને છે. આમ રસ આવડત અને આત્મવિશ્વાસ એ ક્રમશઃ સોપાન છે, પરસ્પર સંકળાયેલાં છે.

આત્મવિશ્વાસનો પાયો બાળવયમાં જ નંખાય છે. નાની નાની સફળતા વખતે બાળકને પ્રોત્સાહન આપતા રહેવાથી અને ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધતાં જાય છે. બાળકને ઉતારી પાડવાથી એનો આત્મવિશ્વાસનો પાયો ડગમગી જાય છે. બાળવયમાં આપણા આત્મવિશ્વાસનો પાયો સંગીન બન્યો હોય તો ઉત્તમ. નહીંતર કાંઈ નિરાશ કે નાસીપાસ થવાની જરૂર નથી. ત્યાર બાદ આપણે સંકલ્પપૂર્વક આપણો આત્મવિશ્વાસ વધારી શકીએ છીએ. ક્યારેક નિષ્ફળતા મળે તોપણ, એનાં યથાર્થ કારણો શોધી કાઢી, એ કારણો નિર્મૂળ કરીને સફળતાની દિશામાં પ્રસ્થાન કરી શકીએ છીએ. માટે નિષ્ફળતા, આત્મવિશ્વાસ તોડનારી ન બની જાય એ વિશે સતર્ક રહેવાનું છે. વળી, પ્રેક્ટિસ વડે આત્મવિશ્વાસ કેળવી શકાય છે. વર્ક્તૃત્વ-સ્પર્ધામાં ભાગ લેનારને એનો બરાબર અનુભવ હોય છે. જ્ઞાન- આવડત હશે, છતાં આત્મવિશ્વાસ નહીં હોય તો જ્ઞાનનો પૂરેપૂરો લાભ મેળવી શકશો નહીં. એથી ઊલટું જ્ઞાન થોડું ઓછું હશે, પણ આત્મવિશ્વાસ જો મજબૂત હશે તો સડસડાટ આગળ નીકળી જશો. માટે કોઈ વિદ્વાને માર્મિક વિધાન કર્યું છે કે **'મૂરખાઓનો આત્મવિશ્વાસ કદી ડગતો નથી અન ડાહ્યાઓ દ્વિધામાંથી કદી બહાર આવતા નથી.'** સમાજમાં ઉઘાડી નજરે જોશો તો ખ્યાલ આવશે કે વધુ ભણેલા કરતાં ઓછું ભણેલા આગળ નીકળી ગયેલા જોવા મળે છે. એનું રહસ્ય આત્મવિશ્વાસના ગુણમાં રહેલું છે. આત્મવિશ્વાસ વિનાની વ્યક્તિ કોઈ નવા કામનો આરંભ કરી શકતી નથી કે નેતૃત્વ લઈ શકતી નથી. આમ જ્ઞાન હોવા છતાં આત્મવિશ્વાસના અભાવે ઘણું ગુમાવવું પડે છે. આત્મવિશ્વાસનું મહત્ત્વ સમજાવતાં શ્રી 'દર્શક' સાચું જ કહે છે કે : 'આત્મવિશ્વાસની વ્યક્તિ, એ હવા વગરના ફુગ્ગા જેવી છે.' હવે એ કહેવાની જરૂર ખરી કે સફળતા ઝંખતા શિક્ષકની અંદર છલોછલ આત્મવિશ્વાસ હોવો જોઈએ.

### (૫) આચરણ

શિક્ષક માટે સંસ્કૃત અને હિન્દીમાં 'આચાર્ય' શબ્દ છે અને 'આચાર્યની વ્યુત્પત્તિ છે; જે આચરે તે આચાર્ય. આ દષ્ટિએ શિક્ષક માટે આચરણનું ખૂબ જ મહત્ત્વ છે. શિક્ષકનું આચરણ દષ્ટાંતરૂપ (demonstration) હોવું જોઈએ. આચરણ એ જ ઉત્તમ ઉપદેશ છે. આચાર્ય વિનોબાજી કહેતા કે : **'આચાર એ જ શ્રેષ્ઠ પ્રચાર છે.'** ગાંધીજીએ ખૂબ સરસ વાત કરી કે : **'મારું જીવન એ જ મારો સંદેશ.'** વ્યક્તિ શું માને છે કે શું નથી માનતી : એ વિશે એણે પ્રત્યક્ષ કશું કહેવાની જરૂર નથી એના આચરણમાંથી જ ફલિત થતું હોય છે કે એ શું માને છે.

અન્ય વ્યવસાયીઓ કરતાં, શિક્ષક માટે આચરણનું સવિશેષ મહત્ત્વ છે. કેમ કે એ કુમળાં નિર્દોષ બાળકોનાં સીધા પરિચયમાં આવે છે. કુમળાં બાળકો ખૂબ જ ગ્રહણશીલ અને અનુકરણશીલ હોય છે. એ પોતાના શિક્ષકને ખૂબ શ્રદ્ધાથી જોતો હોય છે. શિક્ષકના આચાર-વિચારનું એ નિરીક્ષણ અને અનુકરણ કરે છે. આ દષ્ટિએ શિક્ષકે પોતાના આચરણની બાબતમાં ખૂબ સતર્ક રહેવું ઘટે. શિક્ષકે બીજા વ્યવસાયીઓના વાદ નહીં લેવા જોઈએ. શરાબી શેઠ પણ ઇચ્છા રાખે છે કે પોતાનો ડ્રાઇવર શરાબી ન હોય. શિક્ષકની ભૂમિકા જ વિશિષ્ટ છે. એ સમાજનો ડ્રાઇવર છે. એના આચરણની અસર સેંકડો કુમળાં બાળકો ઉપર થાય છે; જે ભવિષ્યના નાગરિકો છે. આ દષ્ટિએ કોઠારી કમિશનનું આ વિધાન

અત્યંત માર્મિક છે કે : 'ભારતના ભાવિનું નિર્માણ શાળાના વર્ગખંડોમાં થાય છે.'

શિક્ષકનું આચરણ જો વિરોધાભાસી હશે; તો વિદ્યાર્થી શરૂઆતમાં મૂંઝાશે. પછી એને સમજ પડશે ત્યારે એના પર શિક્ષકના ઉપદેશની કોઈ અસર પડશે નહીં. ને આખરે વિદ્યાર્થી એવા શિક્ષકની અવહેલના કરશે, એટલે વિદ્યાથીના હૃદયમાં સ્થાન મેળવવા માટે પણ શિક્ષકનું આચરણ નમૂનેદાર હોવું જોઈએ.

### (૬) આત્મીયતા

શિક્ષક માટે આત્મીયતાનો ગુણ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. શાળામાં શિક્ષક, પોતાના વિદ્યાર્થીના માતા-પિતાને સ્થાને છે. માટે માતાને સંતાન પ્રત્યે હોય એવો પ્રેમ, શિક્ષકને પોતાના વિદ્યાર્થી પ્રત્યે હોવો ઘટે. શિક્ષકમાં કદાચ બુદ્ધિ થોડી ઓછી હશે તો ચાલશે, પરંતુ વિદ્યાર્થી પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધા ઓછાં હશે, તે નહીં ચાલી શકે. વિશ્વપ્રસિદ્ધ ચિંતક જે. કૃષ્ણમૂર્તિ કહે છે કે : **'પ્રેમની પાછળ બાકીની બધી બાબતો આવી રહેશે.' જ્યાં પ્રેમ છે, ત્યાં બધું શક્ય છે.** વિદ્યાર્થી ભલે વયમાં નાનો હોય, પરંતુ એ પૂર્ણ વ્યક્તિ છે. એ આત્મસ્વીકૃતિ અને વહાલની ઝંખના કરતો હોય છે. મીરાંબાઈએ સાચું જ કહ્યું છે : 'सबसे ऊँची प्रेमसगाई ।'

પ્રેમ અને નફરતનું આદાન-પ્રદાન સમ-પ્રમાણમાં થતું હોય છે. જો શિક્ષક વિદ્યાર્થીને પ્રેમ આપશે, તો બદલામાં એ વિદ્યાર્થીનો પ્રેમ પામશે. શિક્ષકે, વિદ્યાર્થીની અંદર પોતાના સંતાનની કલ્પના કરવી જોઈએ. તો એના માટે વિદ્યાર્થીને પ્રેમ કરવાનું સહજ થઈ શકશે. વિનોબાજી તો કહેતા હતા કે, પ્રાથમિક શાળામાં તો બહેનોએ જ શિક્ષણ-કાર્ય કરવું જોઈએ. બહેનોમાં માતૃત્વનો કુદરતી ગુણ હોય છે, તેથી તેઓ બાલમંદિર અને પ્રાથમિક શાળામાં સફળતાપૂર્વક કામ કરી શકે, પરંતુ આ વાતને આગળના શિક્ષણ માટે પણ લંબાવી શકાય.

શિક્ષણના કેન્દ્રમાં વિદ્યાર્થી છે. એટલે વિદ્યાર્થીને નિર્વ્યાજ રીતે પ્રેમ કર્યા સિવાય સફળ શિક્ષક થઈ શકાય નહીં. કુદરતી રીતે જ શિક્ષકના હૃદયમાં પ્રેમનું ઝરણું વહેવું જોઈએ. શિક્ષક પોતાના વ્યવસાયને તથા પોતાના વિદ્યાર્થીને હૃદયપૂર્વક ચાહવાં જોઈએ. જે શિક્ષક પોતાના વિદ્યાર્થીને ચાહી શકતો નથી; એ કેટલું બધું નુકસાન કરી રહ્યો છે, એની એને ખબર નથી. અરે ! સાથે સાથે એ પોતાની જાતને પણ પારાવાર નુકસાન કરતો હોય છે. ઈશુ પ્રભુના ઉપદેશને થોડા ફેરફાર સાથે કહી શકાય કે : Love thy student as thy self.

### (૭) આત્મ-મૂલ્યાંકન

જે વ્યક્તિ સતત આગળ વધવા માગે છે, એણે અવારનવાર આંતરદર્શન કરતા રહેવું જોઈએ. પોતે ક્યાં હતા, કેટલે આવ્યા અને હવે ક્યાં પહોંચવું છે ? એ વિશે યોગ્ય અંતરે ચિંતન કરવું ઘટે. એ માટે આત્મ-મૂલ્યાંકન (self-assesment) અત્યંત આવશ્યક છે. આત્મ-મૂલ્યાંકન ન કરનારને ખબર પડતી નથી કે પોતે કેટલી ઉન્નતિ-અવગતિ કરી; અને હવે આગળ શું કરવું ઘટે. વેપારી જેમ વર્ષાન્તે નફા-નુકસાનનું સરવૈયું કાઢે છે, એમ શિક્ષકે પણ વરસમાં એકાદ વાર પોતાની ઉપલબ્ધિઓ વિશે તટસ્થ રીતે વિચારવું જોઈએ. સૌથી વિશેષ તો એને શિક્ષકના વ્યવસાય માટે આત્મ-ગૌરવ હોવું જોઈએ. શિક્ષકના વ્યવસાયને કેટલાક વ્યવસાયીઓ નીચી નજરે જુએ છે; એ તો ઠીક; પરંતુ શિક્ષક પોતે જ પોતાના વ્યવસાયને હીન માનવા લાગે; પોતે જ પોતાની નજરમાંથી ઊતરી જાય. એ તો ભારે ચિંતાજનક કહેવાય ! એ રીતે તો જીવી શકાય નહીં. આપણને પોતાને જ આપણા વ્યવસાય માટે ગૌરવ ન હોય તો પછી બીજાઓને તો ન જ હોય, એમાં શું આશ્ચર્ય. આપણા ગૌરવના રક્ષક આપણે !

સફળતા સતત જાગૃતિની અપેક્ષા રાખે છે. માત્ર શિક્ષકનો જ વ્યવસાય એવો છે કે જેમાં જીવતાં-જાગતાં ગુલાબની કળીઓ જેવાં નિર્દોષ ભૂલકાં સાથે કામ કરવાનો લહાવો મળે છે. બીજા ધંધાદારીઓને વ્યવસાય ઉપરાંત આનંદ માટે કોઈક અન્ય હૉબીની જરૂર પડતી હોય છે; જ્યારે શિક્ષક માટે તો વ્યવસાય એ જ હૉબી બની શકે છે. એક દિવસ શાળામાં જવાનું ન મળે ત્યારે જેને દુઃખ થાય એ જ સાચો શિક્ષક.

શ્રી 'દર્શક' સાચું જ કહે છે કે વિદ્યાર્થીને પાસ-નાપાસ કરતાં પહેલાં શિક્ષકે પોતે વિદ્યાર્થીની નજરમાં પાસ થવાની જરૂર છે.

**તુલસીભાઈ પટેલ**
B/૨૦૬, વ્રજભૂમિ એપાર્ટમેન્ટ,
ફાલ્ગુન સોસાયટીની પાછળ, સેટેલાઇટ, અમદાવાદ
મો. ૯૯૯૮૦૮૯૬૩૩

●

## વિશ્વસાહિત્યની અટારીએથી :

# કાઝી નઝરુલ ઈસ્લામ : 1899-1976 (ભારત અને બાંગ્લાદેશ)

ડૉ. મનીષ વ્યાસ



કવિ, લેખક, ફિલસૂફ, સંગીતકાર, સ્વાતંત્ર્ય સેનાની અને બાંગ્લાદેશના રાષ્ટ્રીય કવિ એવા કાઝી નઝરુલ ઇસ્લામ (Kazi Nazrul Islam) નો જન્મ 24 મે, 1899ના રોજ તત્કાલીન ભારતના પશ્ચિમ બંગાળ રાજ્યના બર્ધમાન જિલ્લાના આસનસોલ નજીકના ચુરુલિયા ગામમાં ગરીબ મુસ્લિમ પરિવારમાં થયો હતો. તેઓ ફક્ત બાંગ્લાદેશના જ નહીં, પરંતુ બાંગ્લા ભાષાના શ્રેષ્ઠ સાહિત્યકાર છે, જેમની કવિતા અને ગીતો પશ્ચિમ-બંગાળ અને બાંગ્લાદેશ બંનેમાં સમાન રીતે સન્માનિત છે. તેમના પિતા કાઝી ફકીર અહમદ ઈમામ હતા, આથી ઘરનું વાતાવરણ સંપૂર્ણપણે ધાર્મિક હતું. નઝરુલનું પ્રારંભિક શિક્ષણ મસ્જિદ દ્વારા સંચાલિત મદરેસામાં થયું હતું, જ્યાં તેમણે કુરાન, હદીસ અને ઇસ્લામિક ફિલોસૉફી વાંચી. 1908માં માત્ર 10 વર્ષની વયે તેમના પિતાનું અવસાન થતાં પરિવારના ભરણપોષણ માટે નઝરુલે પિતાની જગ્યાએ મસ્જિદમાં રખેવાળ તરીકે કામ કરવાનું શરૂ કર્યું. અઝાન અદા કરવાની જવાબદારી (જેને મુઆઝ્ઝીન કહેવામાં આવે છે) પણ તેમણે નિભાવી હતી. આ દરમિયાન તેમણે પોતાની શૈક્ષણિક તાલીમ પણ ચાલુ રાખી. ફોક થિયેટર તરફ આકર્ષાઈને નઝરુલ તેમના કાકા ફઝલે કરીમ દ્વારા ચલાવવામાં આવતા 'લેટોર ડોલ' નામથી ચાલતા ટ્રાવેલિંગ થિયેટ્રિકલ ગ્રૂપ (ગુજરાતમાં જેને 'ભવાઈ' તરીકે ઓળખવામાં આવે છે)માં જોડાયા. આ નાટ્ય સમૂહમાં કામ કરતાં-કરતાં તેઓ અભિનય શીખ્યા, તેમજ નાટકો માટે ગીતો અને કવિતાઓ લખી. આમ ખૂબ નાની વયથી જ નઝરુલને એક યા અન્ય કારણસર સાહિત્યના વિવિધ પ્રકારો (ગીતો, નાટકો, કવિતાઓ વિ.)નો પરિચય થતો રહ્યો અને આ અનુભવ આગળ જતાં સાહિત્યની રચનાઓમાં ફળીભૂત થતો રહ્યો. આ નાટ્ય સમૂહના અનુભવે તેમણે બંગાળી અને સંસ્કૃત સાહિત્ય, હિન્દુ પુરાણ કથાઓ અને મહાકાવ્યોનો પણ રસાસ્વાદ કરાવ્યો. સમયાન્તરે નઝરુલે આ ટ્રાવેલિંગ થિયેટ્રિકલ ગ્રૂપ માટે લોક-નાટકો પણ રચ્યા, જેમાં 'ખેડૂતનું નાટક' અને મહાભારતનાં પાત્રો વિશેના નાટકો જેમાં 'શેકુનીબોધ' (શકુનિની હત્યા), 'રાજા યુધિષ્ઠિરેર શોંગ' (રાજા યુધિષ્ઠિર), 'દાતા કોર્ણો' (પરોપકારી કર્ણ), 'કોબી કાલિદાસ' (કવિ કાલિદાસ), 'બિધ્યાન હુતુમ' (વિદ્વાન ઘુવડ) નોંધપાત્ર છે.

1910માં નઝરુલે થિયેટ્રિકલ ગ્રૂપ છોડીને રાણીગંજની સીરસોલ રાજ હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. શાળામાં તેઓ તેમના શિક્ષક નિબારણ ચંદ્ર ઘટકથી પ્રભાવિત થયા હતા. અહીંથી જ તેમની મિત્રતા સહાધ્યાયી અને સાથી લેખક શૈલજાનંદ મુખોપાધ્યાય સાથે શરૂ થઈ હતી. બાદમાં તેઓ હેડમાસ્ટર અને કવિ કુમુદ રંજન મુલિકની નીચે અભ્યાસ કરતા માથરુન હાઈ અંગ્રેજી શાળામાં પ્રવેશ મેળવ્યો, પરંતુ શાળાની ફી ભરવામાં અસમર્થ હોવાથી નઝરુલે શાળા છોડી દીધી અને બેકરી, મીઠાઈ અને ચાની દુકાન ઉપર છૂટક નોકરી પણ કરી હતી. 1914માં નઝરુલે મેમનસિંહ જિલ્લાના ત્રિશાલમાં આવેલી દરીરામપુર સ્કૂલમાં અભ્યાસ કર્યો. અહીં તેમણે બાંગ્લા ભાષાની સાથે-સાથે સંસ્કૃત, અરબી, ફારસી સાહિત્ય અને હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતનો પણ અભ્યાસ કર્યો. અહીં તેમના સમર્પણ અને કૌશલ્યથી તેમના શિક્ષકો ખૂબ જ પ્રભાવિત થયા હતા. નઝરુલે ધોરણ 10 સુધીનો અભ્યાસ કર્યો, પરંતુ મૅટ્રિકની પૂર્વ કસોટીની પરીક્ષા આપી ન હતી. તેના બદલે 1917માં તેઓ અઢાર વર્ષની ઉંમરે બ્રિટિશ ઇન્ડિયન આર્મીમાં જોડાયા. બ્રિટિશ ઇન્ડિયન આર્મીમાં જોડાવાની તેમની બે પ્રાથમિક પ્રેરણાઓ હતી : પ્રથમ – એક નવજુવાન તરીકે સાહસની ઇચ્છા અને બીજી – તે સમયના રાજકારણ પ્રત્યે અભિરુચિ. 49મી બંગાળ રેજિમેન્ટ સાથે જોડાયેલા હોવાથી તેમને કરાચી છાવણી ખાતે ફરજ ઉપર મૂકવામાં આવ્યા, જ્યાં તેમણે તેમનું પ્રથમ ગદ્ય અને કવિતા લખી. અલબત્ત, તેમણે ક્યારેય સક્રિય રીતે કોઈ લડાઈમાં ભાગ લીધો નહોતો, તેમ છતાં તેમણે કોર્પોરલથી લઈને હવાલદાર (સાર્જન્ટ) સુધીનો દરજ્જો મેળવ્યો હતો અને બટાલિયન માટે ક્વાર્ટરમાસ્ટર તરીકે સેવા આપી હતી. કરાચી

છાવણી ખાતેની તેમની ફરજનો એક બહુ મોટો લાભ એ હતો કે તેમની પાસે ક્યારેય સમયનો અભાવ નહોતો. આ સમયનો ઉપયોગ તેમણે પોતાની સાહિત્યિક ઝંખનાને પોષવા માટે કર્યો. આ સમયગાળા દરમિયાન નઝરુલે રવીદ્રનાથ ટાગોર અને શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય તેમજ ફારસી કવિઓ હાફિઝ, ઓમર ખય્યામ અને રૂમીની રચનાઓનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. એટલું જ નહી તેમણે રેજિમેન્ટના પંજાબી મૌલવી પાસેથી પર્શિયન કવિતા પણ  શીખી, સંગીતનો અભ્યાસ કર્યો અને આમ તેમની સાહિત્યિક રુચિઓ આગળ ધપાવી. આ બધી પ્રવૃતિઓના ફળસ્વરૂપ તેમની પ્રથમ ગદ્ય કૃતિ 'બાઉન્ડુલર આત્મકાહિની' (રખડુની આત્મકથા) મે, 1919માં પ્રકાશિત થઈ હતી અને તેમની કવિતા 'મુક્તિ' બંગાળી મુસ્લિમ સાહિત્યિક જર્નલ દ્વારા આ જ વર્ષે પ્રકાશિત કરવામાં આવી હતી.

કરાચીથી પાછા ફર્યાના બે વર્ષ પછી એટલે કે 1922માં તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'અગ્નિવીણા' (કવિવર ટાગોરના ગીતમાંથી આ શબ્દની પ્રેરણા લીધી હતી) પ્રકાશિત થયો જેમાં 22 કવિતાઓ છે, જે પૈકી 'બિદ્રોહી' (વિદ્રોહી) તેમની સૌથી પ્રખ્યાત કવિતા છે. આ  કાવ્યસંગ્રહની કવિતાઓ  સ્વતંત્રતા, સમાનતા અને શૌર્યનો સંદેશો આપે છે. 'વિદ્રોહી' કવિતાએ અંગ્રેજોના મનમાં ડર ભરી દીધો, જેના પરિણામસ્વરૂપ અંગ્રેજોએ નઝરુલને સાચા-ખોટા આરોપો હેઠળ સતાવવાનું શરૂ કર્યું. 'વિદ્રોહી' કવિતા થકી જ તેઓ જીવનપર્યંત 'બળવાખોર કવિ' તરીકે સ્થાપિત થયા. આ કાવ્યસંગ્રહ પ્રગટ થયો તે સમયે ગાંધીજીનું અસહકારનું તેમજ ખિલાફતનું એમ બંને આંદોલનો પુરવેગમાં ચાલતાં હતાં. એ વાતાવરણમાં આ સંગ્રહનાં ભાવવિભોર સૂરાવલિમાં ગવાતાં ગીતો બંગાળમાં ખૂબ જ લોકપ્રિય બનેલાં અને કાવ્યસંગ્રહને ઉષ્માભર્યો આવકાર મળેલો. 'અગ્નિવીણા' કાવ્યસંગ્રહે નઝરુલને તેમની ખ્યાતિના શિખરે પહોંચાડ્યા. તેમના વિદ્રોહના વર્ણન માટે ભારતના સાહિત્યિક સમાજની પ્રશંસાના તેઓ હક્કદાર બન્યા. નઝરુલે 12 ઑગસ્ટ 1922ના રોજ 'ધૂમકેતુ' નામનું દ્વિ-સાપ્તાહિક સામાયિક શરૂ કર્યું, જે બ્રિટિશ સામ્રાજ્યનું પ્રખર ટીકાકાર હતું. 'બળવાખોર કવિ'નો ઉપનામ મેળવતાં નઝરુલે બ્રિટિશ રાજ સત્તાવાળાઓની નજરમાં આવી જતાં સપ્ટેમ્બર 1922માં પોલીસે 'ધૂમકેતુ'ની ઑફિસ પર દરોડા પાડ્યા હતા. નઝરુલની 23 જાન્યુઆરી, 1923ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો હતો. પોતાના બચાવમાં તેમણે કૉર્ટમાં લાંબી દલીલ રજૂ કરી જેનો મુખ્ય ભાવાર્થ આ મુજબ છે :

''મારા પર રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો છે... મારા માટે દલીલ કરવા માટે, બધા રાજાઓના રાજા, બધા ન્યાયાધીશોના ન્યાયાધીશ, સનાતન સત્ય ઈશ્વર છે... હું કવિ છું; મને ઈશ્વર દ્વારા અવ્યક્તને વ્યક્ત કરવા અને અસ્પષ્ટનું ચિત્રણ કરવા મોકલવામાં આવ્યો છે. કવિના અવાજ દ્વારા ઈશ્વર સિવાય અન્ય કોણ પ્રકટ થાય છે?  ... હું ઈશ્વરનું સાધન છું. સાધન અતૂટ નથી, પણ ઈશ્વરને તોડનાર કોણ છે?''

નઝરુલે તેમના જેલવાસના સમયગાળા દરમિયાન અસંખ્ય કવિતાઓ અને ગીતોની રચના કરી હતી. 1920ના દાયકામાં બ્રિટિશ ભારત સરકારે તેમના ઘણા લખાણો પર પ્રતિબંધ મૂક્યો હતો. રવીન્દ્રનાથ ટાગોરે 1923માં તેમનું નાટક 'બસંતા' (વસંત) નઝરુલને સમર્પિત કર્યું હતું. તો બીજી તરફ ટાગોરનો આભાર માનતાં નઝરુલે 'અજ સૃષ્ટિ શુખેર ઉલ્લાસે' કવિતા લખી હતી. ઑગસ્ટ 1924માં પ્રકાશિત તેમના પુસ્તક 'બિશેર બંશી' ('ધ ફ્લુટ ઑફ પૉઇઝન') પર બ્રિટિશ રાજ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. નઝરુલના સાહિત્યે લોકોને બ્રિટિશ શાસન સામે બંડ પોકારવા માટે પ્રોત્સાહિત કર્યા. 16 ડિસેમ્બર 1925ના રોજ નઝરુલે 'લંગલ' ('પ્લો') નામનું સાપ્તાહિક પ્રકાશિત કરવાનું શરૂ કર્યું અને તેના મુખ્ય સંપાદક તરીકે સેવા આપી. 1921માં તેમની કોમિલાની (ઢાકાથી દક્ષિણ-પૂર્વે આવેલો એક જિલ્લો) મુલાકાત દરમિયાન નઝરુલ એક યુવાન બંગાળી હિંદુ મહિલા પ્રમિલા દેવીને મળ્યા, જેની સાથે તેઓ પ્રેમમાં પડ્યા અને તેઓએ 25 એપ્રિલ 1924ના રોજ લગ્ન કર્યા. બ્રહ્મસમાજે મુસ્લિમ સાથે લગ્ન કરવા બદલ બ્રહ્મસમાજની સભ્ય પ્રમિલાની ટીકા કરી. તો બીજી તરફ મુસ્લિમ ધર્મગુરુઓએ હિંદુ સ્ત્રી સાથેના લગ્ન માટે નઝરુલની ટીકા કરી હતી. વિવાદથી ઘેરાયેલા હોવા છતાં કવિ તરીકેની નઝરુલની લોકપ્રિયતા અને પ્રતિષ્ઠામાં તસુભાર પણ ઘટાડો થયો નહી.

ભારતની સ્વતંત્રતા ચળવળને વેગ આપતાં લખાણોની સાથે-સાથે નઝરુલે બાંગ્લા સાહિત્યને ગઝલ તેમજ હિન્દુ અને ઇસ્લામ ધર્મને લગતા કાવ્યોના સ્વરૂપમાં નાવીન્યતા પણ બક્ષી. નઝરુલનું ઇસ્લામિક ગીતોનું રેકોર્ડિંગ વ્યાપારીક રીતે સફળ રહ્યું અને ગ્રામોફોન કંપનીઓમાં તેમની કૃતિઓ પ્રકાશિત કરવા અંગે રસ પેદા થયો. બંગાળમાં નઝરુલના કાર્યની નોંધપાત્ર અસર એ હતી કે તેણે બંગાળી મુસલમાનોમાં  બંગાળી કળા અને સાહિત્ય માટે રસ પેદા કર્યો. આજે પણ બાંગ્લાદેશમાં રમઝાન દરમિયાન તેમના ઇસ્લામિક ગીતો લોકપ્રિય છે. તેમણે હિન્દુ દેવી કાલી ઉપર

પણ ભક્તિ ગીતો લખ્યાં હતાં. નઝરુલે હિંદુ ભક્તિ સંગીતને જોડીને સંખ્યાબંધ નોંધપાત્ર શ્યામસંગીત, ભજન અને કીર્તનની રચના પણ કરી હતી. 1928માં નઝરુલે હિઝ માસ્ટર વૉઇસ (HMV) ગ્રામોફોન કંપની માટે ગીતકાર, સંગીતકાર અને સંગીત નિર્દેશક તરીકે કામ કરવાનું શરૂ કર્યું. તેમના દ્વારા લખવામાં આવેલ ગીતો અને સંગીત ભારતીય બ્રોડકાસ્ટિંગ કંપની સહિત સમગ્ર ભારતમાં રેડિયો સ્ટેશનો પર પ્રસારિત કરવામાં આવ્યાં હતાં. નઝરુલની સાહિત્યિક સંવેદનાનું અન્ય એક મહત્ત્વનું પાસું હતું – સ્ત્રીસ્વતંત્રતા; જે તેમની એક દીર્ઘ કવિતા 'નારી'માં જોવા મળી આવે છે. નઝરુલની સ્ત્રી-કેન્દ્રી કવિતાઓમાં સ્ત્રી અને પુરુષ બંને જાતિની ભૂમિકાઓના સંગમ અને જીવનમાં તેમના સમાન મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમની કવિતા 'બરંગાના' (વેશ્યા)એ તત્કાલીન સમાજને હતપ્રભ કરી નાખ્યો હતો, જેમાં વેશ્યાઓને કવિ 'મા' તરીકે સંબોધે છે. કવિની નજરમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઈ ભેદભાવ નથી. તેમની અન્ય એક કવિતાનો અંગ્રેજી તરજુમો જોઈએ :

**Every great victory, every great adventure**
**has been ennobled by sacrifices**
**made by mothers, sisters and wives.**
**History records the names of men**
**who have been killed in wars,**
**but not the women who have been widowed.**
**Does anybody inscribe on a hero's monu-**
**ment**
**all the mothers who sacrificed their hearts,**
**all the sisters who offered their services?**
**Never in history has man's sword**
**earned victory all by itself.**
**inspiration and strength**
**have come from the goddess of victory-a**
**woman!**

**(Huda, Muhammad Nurul (ed.) (2000). Poetry of Kazi Nazrul Islam, Dhaka, Nazrul Institute, p. 289)**

કવિ નઝરુલ ધાર્મિક કટ્ટરતાના પ્રખર વિરોધી હતા. નઝરુલ કૃષ્ણના પણ ભક્ત હતા. તેમણે કૃષ્ણની ભક્તિમાં ઘણી કવિતાઓ રચી જે ખૂબ જ લોકપ્રિય બની. અન્ય કોઈ બાંગ્લા કવિએ કૃષ્ણની ભક્તિમાં કૃષ્ણને સમર્પિત એવી કવિતાઓ લખી નથી, જેવી રચના નઝરુલ દ્વારા કરવામાં આવી હતી. પ્રસ્તુત છે કૃષ્ણ પર લખેલી લોકપ્રિય કવિતા -

अगर तुम राधा होते श्याम ।
मेरी तरह बस आठों पहर तुम, रटते श्याम का नाम।।
वन-फूल की माला निराली
वन जाति नागन काली
कृष्ण प्रेम की भीख मांगने
आते लाख जनम ।
तुम, आते इस बृजधाम ।।
चुपके चुपके तुमरे हिरदय में
बपसता बंसीवाला,
और, धीरे धारे उसकी धून से
बढ़ती मन की ज्वाला ।
पनघट में नैन बिछाए तुम,
रहते आस लगाए
और, काले केसंग प्रीत लगाकर
हो जाते बदनाम ।।

તેમના મત પ્રમાણે મનુષ્ય જ્યારે નાત-જાતના વાડામાંથી બહાર આવશે ત્યારે જ સાચી એકતા અને બંધુત્વ સ્થપાશે. તેઓ કહેતા કે, કોઈ પયગમ્બરે એવું નથી કહ્યું કે હું માત્ર મુસ્લિમ કે હિંદુ કે ખ્રિસ્તી માટે આવ્યો છું. તેણે કહ્યું, ''હું પ્રકાશની જેમ સમગ્ર માનવતા માટે આવ્યો છું.'' પરંતુ કૃષ્ણના ભક્તો કહે છે કે કૃષ્ણ હિન્દુઓના છે. મુહમ્મદના અનુયાયીઓ કહે છે કે મુહમ્મદ માત્ર મુસ્લિમો માટે છે. એ જ રીતે, ખ્રિસ્તીઓ ઈસુ ખ્રિસ્ત પર અધિકારનો દાવો કરે છે. કૃષ્ણ-મુહમ્મદ-ઈસુ ખ્રિસ્તને રાષ્ટ્રીય સંપત્તિ બનાવવામાં આવી છે. આ બધી સમસ્યાઓનું મૂળ છે. લોકો પ્રકાશ માટે અવાજ નથી કરી રહ્યા, પરંતુ માલિકીના અધિકાર માટે લડી રહ્યા છે.''

કાઝી નઝરુલ ઇસ્લામે લગભગ 3000 ગીતો રચ્યાં અને તેમાંથી મોટા ભાગનાં ગીતો માટે અવાજ આપ્યો. તેમનાં ગીતો 'નઝરુલ સંગીત' અથવા 'નઝરુલ ગીતી' તરીકે ઓળખાય છે. 1945માં કલકત્તા યુનિવર્સિટીએ તેમને બંગાળી સાહિત્યમાં નોંધપાત્ર યોગદાન માટે 'જગત્તારીણી સ્વર્ણ પદક'થી સન્માનિત કર્યા. આઝાદી પછી સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે તેમના યોગદાન માટે વર્ષ 1960માં ભારત સરકારે તેમને 'પદ્મ ભૂષણ'થી સન્માનિત કર્યા હતા, જ્યારે બાંગ્લાદેશ સરકારે તેમને 'રાષ્ટ્રીય કવિ' તરીકે સ્થાપિત કર્યા. તેમની કવિતા સાચા અર્થમાં બિન-સાંપ્રદાયિક છે. નઝરુલનો અલ્લાહ પરંપરાગત ઇસ્લામનો અલ્લાહ નથી. તે રબ્બ-ઉલ-મુસ્લિમીન

નથી, એટલે કે માત્ર મુસ્લિમોના ઈશ્વર છે, પરંતુ તે રબ્બુલ-આલમીન એટલે કે બ્રહ્માંડના ઈશ્વર છે. તે કહેતા હતા કે ઈશ્વર મારા માટે એક વિચાર છે, એક સાર્વત્રિક રહસ્યવાદ છે. મુસ્લિમોના એક સમુદાયે હિન્દુ ભક્તિ કાવ્યો લખવા બદલ તેમની ટીકા કરી હતી અને તેમને કાફિર જાહેર કર્યા. બીજી તરફ, હિંદુ દેવીઓ વિશે ભક્તિ ગીતો લખવા બદલ હિંદુ સમુદાય પણ તેમનાથી નારાજ થયો, કારણ કે તેઓ મુસ્લિમ હતા. નઝરુલની કવિતાએ શક્તિની (દેવીની) ઉત્કટતા અને સર્જનાત્મકતાને આત્મસાત કરી છે, જેને બ્રહ્મ તરીકે ઓળખવામાં આવે છે, જે આદિકાળની ઊર્જાનું અવતાર છે. તેમણે ભગવાન શિવ અને દેવી લક્ષ્મી અને સરસ્વતી અને રાધા અને કૃષ્ણના પ્રેમ પર આહ્વાનના ઘણાં ગીતો પણ રચ્યાં (તેમના એક પુત્રનું નામ કૃષ્ણ મોહમ્મદ હતું). 1931 પછી તેમના પુત્રોના અકાળે થયેલા અવસાને તેમને એકાકી સ્વભાવના બનાવી દીધા હતા અને તેમની રચનાઓ પણ વધુ ને વધુ આધ્યાત્મિક બનતી ગઈ. 1933માં નઝરુલે 'બર્તોમાન બિશ્વ સાહિત્યો' (આધુનિક વિશ્વ સાહિત્ય) નામના નિબંધોનો સંગ્રહ પ્રકાશિત કર્યો, જેમાં તેમણે સાહિત્યની વિવિધ શૈલીઓ અને વિષયોનું વિશ્લેષણ કર્યું. 1928થી 1935ની વચ્ચે તેમણે 800 ગીતો ધરાવતા 10 ખંડ પ્રકાશિત કર્યા જેમાંથી 600 કરતાં વધુ ગીતો શાસ્ત્રીય રાગો પર આધારિત હતા. નઝરુલની સફળતાએ તેમને ટૂંક સમયમાં જ ભારતીય રંગભૂમિ અને તત્કાલીન ફિલ્મઉદ્યોગમાં પ્રવેશ અપાવ્યો. દિગ્દર્શક તરીકે તેમની પ્રથમ ફિલ્મ 'ધ્રુવ ભક્ત' હતી, જેણે તેમને બંગાળી ફિલ્મના પ્રથમ મુસ્લિમ નિર્દેશક બનાવ્યા હતા. 1936માં તેમના રેકોર્ડ કરેલા નાટકના આધારે ફિલ્મ 'વિદ્યાપતિ' બનાવવામાં આવી હતી, જ્યારે ટાગોરની નવલકથા 'ગોરા'ના ફિલ્મ રૂપાંતરણ માટે નઝરુલે સંગીત નિર્દેશક તરીકે પણ સેવા આપી હતી. 1941માં કવિવર ટાગોરના નિધન ઉપર શ્રદ્ધાંજલિ આપતાં બે કાવ્યોની રચના કરી હતી, જે પૈકી 'રબીહારા' નામના કાવ્યને ઑલ ઇન્ડિયા રેડિયો ઉપર પ્રસારિત કરવામાં આવ્યું હતું. 1941થી લઈને 1976 સુધીનો સમય કવિ નઝરુલ માટે અસાધ્ય માનસિક બીમારી અને ડિપ્રેશનનો ગણી શકાય. તેમની તબિયત સતત નાદુરસ્ત રહેવા લાગી. તેમને રાંચી અને ત્યાર બાદ લંડન અને વિએના ખાતે પણ સારવાર માટે લઈ જવામાં આવ્યા. 1972માં ભારત સરકારની મંજૂરીથી તેમને સ્વતંત્ર બાંગ્લાદેશ ખાતે લઈ જવામાં આવ્યા અને 1976માં તેમને બાંગ્લાદેશનું નાગરિકત્વ આપવામાં આવ્યું. 29 ઑગસ્ટ, 1976ના રોજ ઢાકા ખાતે આ વિરલ કવિ અને સ્વાતંત્ર્ય સૈનિકનું અવસાન થયું હતું, જેમના માનમાં ભારતની સંસદે એક મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ આપી હતી.

**Further Reading**

કાઝી નઝરુલ ઇસ્લામ દ્વારા રચિત કૃતિઓ મુખ્યત્વે બાંગ્લા અને ઉર્દૂ ભાષામાં જ ઉપલબ્ધ છે. આ કૃતિઓ પૈકી બહુ જ અલ્પ કૃતિઓનો સત્તાવાર રીતે અંગ્રેજી કે અન્ય ભાષામાં તરજૂમો જોવા મળે છે. નીચે દર્શાવેલી ભાષાંતરિત કૃતિઓ અને તેમના ભાષાંતરકારોની માહિતી https://www.icnazrul.com/nazrul-s-work/poems/36-poetry-lyrics ઉપરથી લેવામાં આવી છે.

Chowdhury, Kabir. The Rebel [In Bangla:].
- Beware My Captain [In Bangla: Kandarihushiar].
- At My Gaze No Longer Laughs the Rose. Poverty.
- The Ecstasy of Destruction (Original: Proloyollash).
- The Comet (Original: Dhumketu). Kemal Pasha (Original: Kemal Pasha). The War Drum (Original: Rono-bheri).

Hakim, Abdul. Song of the Do-Nothing.

Kamal, Sajed. Those Iron Gates of Prison.
- The Rebel. Shirazi, Zakeria. Promise. The Poet's Queen [Kabi Rani].
- God [Ishshwar].
- My Distant Friend [Durer bondhu].
- Evening Star [Shandya tara].
- Day's End [Bela sheshe].

Mitra, Priti Kumar.The Dissent of Nazrul Islam:
- Poetry and History. New Delhi: Oxford University Press, 2009.

Munir, Mustofa.Sanchita: Selected Poems and Lyrics of Poet Kazi Nazrul Islam. Outskirts Press, 2015.

**ડૉ. મનીષ વ્યાસ**
એલ.ડી.આર.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી &
રિસર્ચ, ગાંધીનગર
9428047463

●

# પુણ્યભૂમિ ભારત

**નરેશ વેદ**

સોનાની લંકા ઉપર વિજય મેળવ્યા પછી લક્ષ્મણે લંકામાં ઠરીઠામ થવાનો ઈરાદો વ્યક્ત કર્યો ત્યારે શ્રી રામચંદ્રજીએ એનો ઇન્કાર કરતાં કહ્યું હતું કે, માતા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતાં છે (जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी।) ભલે માતા અને પિતાએ દેશવટો અને વનવાસ આપ્યાં હતાં, ભલે ભરેલી લંકા સોનાની હોય, ભલે આપણે એના ઉપર વિજય મેળવ્યો હોય, પરંતુ આપણે આપણી માતા અને માતૃભૂમિનાં ચરણ અને શરણમાં જ વસવાટ કરવો જોઈએ. કેમ કે સ્વર્ગના સુખ કરતાં પણ એ શ્રેષ્ઠતર છે. માટે આપણે આપણી માતૃભૂમિ અયોધ્યામાં જઈ વસવાટ કરીશું. એનું કારણ શું? માતાનો મહિમા તો સમજાય પણ માતૃભૂમિનો આટલો બધો મહિમા કરવાનું કારણ શું? જે ધરતીની અંદર આપણે જન્મ્યા હોઈએ, જેની માટીના કણથી આપણો દેહ ઘડાયો અને શુદ્ધ થયો હોય, જ્યાંનાં જલવાયુથી આપણા ચિત્તકોષ અને બુદ્ધિકોષ પરિપોષાયો હોય, જ્યાંની માટીમાં જ આપણા અવમૃત શરીરના અંશો ભળી અને ઓગળી જવાના હોય – એ માતૃભૂમિનું આપણી ઉપર માતા જેટલું જ ઋણ હોય છે. માટે એનો આટલો મહિમા કરવામાં અને ગાવામાં આવે છે. નોકરી, ધંધા, શિક્ષણ કે સજાને કારણે પોતાની માતૃભૂમિ અને માદરે વતનથી વિખૂટ પડેલા લોકોનો એમના માટેનો વલવલાટ અને ઝૂરાપો કેવો તીવ્ર હોય છે! વતનની દિશામાંથી આવતો વાયરો પણ એમને વહાલો લાગતો હોય છે. જનમભોમકા તરફનું ખેંચાણ એ પણ ગુરુત્વાકર્ષણ જ છે.

ભારત આપણી જન્મભૂમિ છે. આપણે તેને હિંદમાતા તરીકે નવાજીએ છીએ અને ભજીએ છીએ, કારણ કે તે આપણને જનમ દેનારી માતા જેટલી જ પ્યારી છે. આપણા દેશના અનેક કવિઓએ એનાં રૂપ અને ગુણનો મહિમા થાક્યા વિના ગાયો છે. ગુજરાતનાં એક મૂર્ધન્ય કવિ મણિશંકર રત્નજી ભટ્ટ ઉર્ફે 'કાન્ત' એમાંના એક છે. એમણે ગાયું હતું :

**'ઓ હિંદ દેવભૂમિ! અમે સંતાન સૌ તમારાં,**
**કરીએ મળીને વંદન, સ્વીકારજો અમારા.'**

કવિઓ ઉપરાંત આપણા ઋષિમુનિઓ અને આપણા પૂર્વજોએ પણ આપણા દેશની ભૂમિને દેવભૂમિ કે પુણ્યભૂમિ કહીને ઓળખાવી છે. એ સૌએ આપણી માતૃભૂમિ માટે આવી ઓળખાણ શા માટે આપી છે? એનો વિચાર કરીએ.

સૌ પ્રથમ તો આપણા દેશની ભૂમિને દેવભૂમિ અને પુણ્યભૂમિ એટલા માટે કહે છે; કેમ કે આપણી ભૂમિમાં ઈશ્વરે અવતારો લીધા છે. ભગવાન વિષ્ણુને ભારતીય પ્રજા ઈશ્વર તરીકે માને છે. એણે આપણી ભૂમિમાં ચોવીસ વાર આવતાર લીધા છે, એમ આપણા દેશના હિંદુ ધર્મના લોકો માની રહ્યા છે. જૈન ધર્મના લોકો ઈશ્વરની જગ્યાએ તીર્થંકરોમાં માને છે. એ ધર્મદર્શન પણ સ્વીકારે છે કે આપણા દેશમાં ચોવીસ તીર્થંકરો થયા છે. દુનિયાના કયા દેશની ભૂમિ એવી છે કે જ્યાં ઈશ્વરે મનુષ્યનો અવતાર ધારણ કરીને પ્રગટવાનું પસંદ કર્યું હોય? પરદેશોની પ્રજા પોતાને ત્યાં ઈશ્વરના પુત્રે, પયગંબરે કે મસીહાએ અવતાર લીધાની માન્યતા ધરાવે છે, પરંતુ ઈશ્વરે ખુદ અવતારો ધારણ કર્યા હોય એવો દાવો ભારત સિવાય અન્ય કોઈ દેશ કરી શક્યો નથી. જે ચોવીસ અવતારની આપણી પ્રજા વાત કરે છે, એમાંથી એમના દશ અવતારો વિશે તો ભારતીય પ્રજા બહુ સારી રીતે અવગત છે. એ છે મત્સ્યાવતાર, કૂર્માવતાર, વરાહઅવતાર, નૃસિંહાવતાર, વામનાવતાર, પરશુરામ, રામચંદ્ર, શ્રીકૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ અવતાર.. જ્યારે જ્યારે આપણા દેશમાં ધર્મની ગ્લાનિ થઈ છે અને અધર્મનું સામ્રાજ્ય વિસ્તર્યું છે ત્યારે ધર્મની પુનઃ સંસ્થાપના માટે ઈશ્વરે આ ભૂમિમાં અવતાર લીધો છે. જ્યારે જ્યારે સજ્જનો, સંતો અને ભક્તોની પ્રતારણા થઈ છે ત્યારે એમના રક્ષણ અને ઉદ્ધાર માટે

પણ ઈશ્વરે અવતારો લીધા છે. ઈશ્વરને પણ વારંવાર જ્યાં જન્મ લેવાનું ગમ્યું હોય તેવી ભૂમિ આપણા દેશની છે. જ્યાં ઈશ્વરે આ રીતે અવારનવાર અવતરણ કર્યું હોય એ ભૂમિને આપણે દેવભૂમિ કે પુણ્યભૂમિ ન કહીએ તો બીજું શું કહીને ઓળખાવીએ?

જેમ આપણા દેશની ભૂમિ ઈશ્વરપ્રસુતા છે તેમ ધર્મોની જન્મદાત્રી પણ છે. દુનિયામાં મુખ્ય ધર્મો બાર છે. તેમાંથી ખ્રિસ્તી, ઈસ્લામ, જરથોસ્ત્રી, યહૂદી, તાઓ, શિન્તો, કન્ફ્યુશિયસ અને ઝેનબુદ્ધિઝમ – જેવા આઠ ધર્મો દુનિયાના જુદા જુદા દેશમાં ઉદ્ભવ્યા છે, પરંતુ આપણા દેશમાં એક નહીં ચાર ધર્મો ઉદ્ભવ્યા અને વિકસ્યા છે. એ છે સનાતન હિંદુ ધર્મ, જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ, અને શીખ ધર્મ. એટલું જ નહીં આપણા દેશ ઉપરાંત વિદેશોમાં પણ પ્રચાર અને પ્રસાર પામ્યા છે. વિદેશોની કોઈ ભૂમિમાં એક તો બીજી ભૂમિમાં બીજો ધર્મ ઉદ્ભવ્યો છે, પરંતુ ભારત સિવાય એકેય દેશની ભૂમિ એવી નથી કે જ્યાં એક નહીં ચાર ધર્મો ઉદ્ભવ્યા છે. આ કારણે ભારતીય પ્રજા ધર્મપ્રિય આસ્તિક પ્રજા છે. જો આ ચારેય ધર્મોનો આપણે અભ્યાસ કરીએ તો આપણને ખ્યાલ આવે છે કે જગતભરના તમામ ધર્મોના મહત્ત્વના બધા સિદ્ધાંતોનો આ ધર્મદર્શનોમાં સમાવેશ થઈ ગયેલો છે. વાત આટલી જ નથી. ઈશ્વરે જાણે એ દેશની ભૂમિને ધર્મોની પ્રયોગશાળા બનાવવા ધાર્યું છે. કેમ કે, જગતના બારેય મુખ્ય ધર્મો આ દેશમાં છે અને એમના અનુયાયીઓ એમનું પાલન કરી રહ્યા છે. ભારતીય પ્રજા ધર્મપ્રિય આસ્તિક તો છે, પણ સાથોસાથ સહિષ્ણુ પણ છે, તેનો પુરાવો આ બધા વિશ્વ ધર્મોની આપણા દેશમાં ઉપસ્થિત છે. પોતપોતાના ધર્મમાં ઊંડી આસ્થા અને અન્ય સર્વ ધર્મો તરફ સમભાવ ભારતીય પ્રજા એટલે ધરાવે છે કે ભારત ધર્મોથી રળિયાત પુણ્યભૂમિ છે.

ભારત પુણ્યભૂમિ છે એનું ત્રીજું કારણ એ છે કે અહીંની પ્રજાની ધર્મનિષ્ઠાને કારણે આ ભૂમિની આઠેય દિશાઓમાં ધર્મનાં તીર્થસ્થાનો આવેલાં છે. પૂર્વમાં જગન્નાથપુરી, પશ્ચિમમાં દ્વારિકાપુરી, ઉત્તરમાં કાશીપુરી અને દક્ષિણ દિશામાં રામેશ્વરપુરી. ઉપરાંત અહીં અયોધ્યાપુરી, મથુરાપુરી અને હરિદ્વારપુરી પણ છે. આ ભૂમિમાં ઈશ્વરના અંશાવતાર, પૂર્ણાવતાર, કલાવતાર – એમ બધાં અવતારો પૈકી શ્રી રામચંદ્રજી, શ્રીકૃષ્ણ, ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ અને ભગવાન કલ્કિનાં મંદિરો છે. અહીં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં મંદિરો છે, તેમ મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાલિનાં મંદિરો પણ છે. પંચાયતના પાંચ દેવ-દેવીઓ : ગણપતિ, વિષ્ણુ, આદિત્ય, ભગવતીચિતી પરામ્બિકા અને મહેશનાં મંદિરો છે, તેમ મા દુર્ગાનાં નવરૂપનાં મંદિરો પણ છે. અહીં વિષ્ણુનાં શ્રીનાથજી, તિરુપતિ બાલાજી, પદ્મનાભ અને વિઠ્ઠલા જેવાં અન્ય રૂપોનાં મંદિરો પણ છે. અહીં સૂર્યનાં આદિત્યનારાયણ, સવિતાનારાયણ, યજ્ઞનારાયણ, માંડવરાય જેવાં જુદાં જુદાં રૂપોનાં મંદિરો છે. આ ભૂમિમાં પદ્માવતી અને નાગમતિનાં મંદિરો છે. પ્રભુના પ્રિય સેવકો હનુમાનજી અને ઘંટાકર્ણજીનાં પણ મંદિરો છે, તો અહીં શિરડીના સાંઈ, સત્ય સાંઈ અને પ્રેમસાંઈનાં મંદિરો પણ છે. તેમ બશેશ્વર, સંતરામ, જલારામ, કબીર, નરસિંહ, મીરાં, ગૌરંગ જેવા કેટલાય સંતોનાં પણ મંદિરો છે. આ ઉપરાંત દેશમાં વૈષ્ણવ, શક્તિ, શૈવ સંપ્રદાયોનાં પણ અનેક મંદિરો છે. જૈન ધર્મના, બૌદ્ધ ધર્મના, શીખ ધર્મના, ઈસ્લામ ધર્મની મસ્જિદો, ખ્રિસ્તી ધર્મ, યહૂદી ધર્મ, જરથોસ્ત્રી ધર્મનાં પણ અનેક મંદિરો છે. આપણી આ ભૂમિમાં મંદિરો, દેવળો, સિનેગૉગ, અગિયારીઓ અને ગુરુદ્વારાઓ ગણી ન શકાય એટલી સંખ્યામાં છે. ભારતીય લોકો – જો હિંદુ હોય તો મંદિરોની પરિક્રમા કરે છે. એ ઉપરાંત ગિરનાર જેવા પર્વતની, નર્મદા જેવી નદીની, વડ જેવા વૃક્ષની પણ પરિક્રમા કરે છે ચોરાશી કોશની વ્રજ પરિક્રમા કરે છે. પરિક્રમાની જેમ દેવદેવીનાં મંદિરોનાં દર્શનાર્થે યાત્રાપ્રવાસ અને તીર્થાટન પણ એટલા જ કરે છે. બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, વૈષ્ણવોદેવી, યલ્લમાદેવી, કામાખ્યાદેવી જેવાં તીર્થો ઉપરાંત સોમનાથ, શ્રીશૈલમ્, ઉજ્જયિની, મમલેશ્વર, પરલ્યાં, આણંદી, રામેશ્વર, દારુકાવન, વારાણસી, હિમાલયતટ અને ગોમતી તટે આવેલાં દ્વાદશ જ્યોતિર્લિંગનાં દર્શનાર્થે તીર્થાટન કરે છે. જૈન લોકો શત્રુંજય અને સમતેશિખરજીની યાત્રા કરે છે. બૌદ્ધો સારનાથ અને લુમ્બિનીની યાત્રા કરે છે. જે દેશની ભૂમિ ઉપર આટઆટલાં ધર્મો, સંપ્રદાયો, પંથો અને મતોનાં સ્થાનકો હોય જ્યાંની પ્રજા ઊંડી આસ્થા અડગ શ્રદ્ધાથી સેવા ધરમના આ બધાં ધામો અર્થે સતત યાત્રાપ્રવાસો અને પરિક્રમાઓ કરતાં હોય, તેને આપણે દેવભૂમિ કે પુણ્યભૂમિ ન કહીએ તો શું કહીએ?

ભારતભૂમિ પુણ્યભૂમિ એ કારણે પણ છે કે અહીં કેટલાય ઋષિમુનિઓ અવતર્યા હતા. જે તપ, યજ્ઞ અને સ્વાધ્યાય વડે સત્ અને ઋતના સ્વરૂપ અને કાર્યને ઓળખે અને ઓળખાવે તે ઋષિ તથા જે શાસ્ત્રવચનો અને ગુરુવચનોનું મનન કરે તે મુનિ. કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ, વશિષ્ઠ, વાલ્મીકિ, વિશ્વામિત્ર, યાજ્ઞવલ્ક્ય, અત્રિ, ગૌતમ, કણાદ, ભારદ્વાજ, ઉપરાંત સત્યર્ષિ, સત્યકામ, બ્રહ્મર્ષિ સયુગ્વા રકૈવ, દેવર્ષિ વરુણ, શ્રુતર્ષિ ઉદાલક, રાજર્ષિજનક, પ્રવાહણ, ગાર્ગાયન જેવા ઋષિઓ, માંડૂક્ય, પિપ્લાદ વગેરે જેવા મુનિઓએ આપણી પ્રજાને બ્રહ્મ અને બ્રહ્માંડનાં વ્યષ્ટિ અને સમષ્ટિનાં ઉદ્ભવ, સ્વરૂપ અને કાર્યનાં રહસ્યો પ્રગટ કરી આપ્યાં છે. આ ઋષિમુનિઓએ ચૌદ તત્ત્વદર્શનો આપણે ત્યાં વિકસાવ્યાં છે. એમાંના છ દર્શનો : સાંખ્યદર્શન, યોગદર્શન, ન્યાયદર્શન, વૈશેષિકદર્શન, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા – એ વિચારની સૂક્ષ્મતા અને ગહનતા સાથે જે તત્ત્વચિંતન કર્યું છે તેને ઇમેન્યૂઅલ કાન્ટ, મેક્સમૂલર, શૉપનહૉવર, આલ્બર્ટ આઇન્સ્ટાઇન વગેરે અનેક વિદેશી વિદ્વાનોએ માનવજાતના અમૂલ્ય વારસારૂપ ગણાવ્યું છે. આ ઋષિમુનિઓએ સ્મૃતિ, શ્રુતિ અને સંહિતા ગ્રંથોની સાથોસાથ બ્રહ્મસૂત્ર, ધર્મસૂત્ર, અર્થસૂત્ર, કામસૂત્ર, મોક્ષસૂત્ર, આગમસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, કલ્પસૂત્ર, લોગસ્સસૂત્ર, તત્ત્વાર્થધિગમસૂત્ર જેવા સૂત્રગ્રંથો, વિદુરનીતિ, ચાણક્યનીતિ જેવા નીતિગ્રંથો, 'રામાયણ' અને 'મહાભારત' જેવાં ઇતિહાસગ્રંથો, 'બ્રહ્મવૈવર્ત', 'વિષ્ણુ', 'ગરુડ', 'અગ્નિ', 'શ્રીમદ્ભાગવત' જેવા અઢાર પુરાણો અને અનેક ઉપપુરાણો સર્જ્યાં હતાં. બ્રાહ્મણગ્રંથો, આરણ્યકગ્રંથો અને ઉપનિષદગ્રંથોમાં કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડ રચી આપણી પ્રજાનું માર્ગદર્શન કર્યું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષને જીવનના ચાર પુરુષાર્થો ગણાવી એમનું જ્ઞાન આપતાં અનેક ગ્રંથો આપ્યાં છે. એમાં એમણે મનુષ્યે આ જગતમાં જન્મ ધારણ કર્યા બાદ કયા ધર્મ અને કર્મ બજાવવાના હોય છે એની પૂર્ણ સમજ આપી છે. સમગ્ર વિશ્વમાં એક ભારતની પ્રજા એવી સહભાગી છે, જ્યાં એના પૂર્વજોએ એમનાં સંતાનોને માટે જીવનનું આખું વ્યાકરણ રચી આપ્યું છે. આ દૃષ્ટાંત વિરલ છે. જગતમાં એનો જોટો જડે એમ નથી.

ઋષિમુનિઓની તાત્ત્વિક અને ગૂઢ વાતોને આ દેશના ખૂણે ખૂણેથી આવેલા સૂરદાસ, તુલસીદાસ, રૈદાસ, કબીર, ધરમદાસ, મલૂકદાસ, એકનાથ, તુકારામ, જ્ઞાનેશ્વર, રજ્જબ, નાનક, દાદુ, નરસિંહ, મીરાં, આનંદઘનજી, રસખાન, શંકર, ભીમ, વેમન, બસેશ્વર, લલ્લેશ્વરી, કાન્હોમાત્ર, અંડાળ જેવા અનેક ભક્ત અને સંત કવિઓએ સાદી સરળ વાણીમાં આમજનતાને પહોંચાડી છે. ગોરખનાથ, મત્સ્યેન્દ્રનાથ જેવા નવ નાથો, બાબાજી, લાહિડીમહાશય, યુક્તેશ્વેરગીરી, યોગાનંદજી, જેવા યોગીઓ, સ્વામી રામતીર્થ, સ્વામી તૈલંગજી, સ્વામી દયાનંદ સરસ્વતીજી, સ્વામી યોગાનંદજી, સ્વામી નિગમાનંદજી જેવા સેંકડો સ્વામીઓએ, રમણ મહર્ષિ, મહર્ષિ અરવિંદ, રામકૃષ્ણ પરમહંસ અને આનંદમયી તથા અમૃતાનંદમયી જેવા વિરલ અધ્યાત્મસાધકોએ તેમજ લોકપંથ, મહાપંથ અને ભક્તિપંથના અનેક મહાત્માઓએ આ ભૂમિને પોતાની કર્મ, જ્ઞાન, ભક્તિ અને યોગસાધનાથી પવિત્ર કરેલી છે. શંકરાચાર્ય, રામનુજાચાર્ય, માધવાચાર્ય, નિમ્બાકાચાર્ય અને વલ્લભાચાર્ય જેવા અનેક આચાર્યોએ અનેક વિદેશી અને વિધર્મી શાસકોના શાસનમાં મંદ થતી જતી ચૈતન્યવાટને સંકોરીને પ્રજ્વલિત રાખી છે. આ આચાર્યો, સંતો અને મહાત્માઓ આપણા દેશમાં સતત ઘૂમતા રહ્યા હતા અને પ્રજાને ન્યાય, ધર્મ અને અધ્યાત્મનો બોધ કરતા રહ્યા હતા. આ સૌ ભારતીય સંસ્કૃતિના જંગમ પતંગિયાઓ હતા. તેમણે પ્રાંત, ભાષા, ખાનપાન, પહેરવેશ, પરંપરા, રીતરિવાજ અને માન્યતાઓની અનેક વિવિધતાઓ ધરાવતી આ પ્રજાને એકસૂત્રે બાંધી આપી છે. ઋષિમુનિઓના તપ, સંતો, મહંતો, અવધૂતો, ફકીરો અને ઓલિયાઓના સત તથા ધ્રુવ, પ્રહ્લાદ, ગાંધી, વિનોબા જેવાના વ્રતથી આ દેશની ભૂમિ રળિયાત થયેલી છે.

આ દેશની ભૂમિ ઘણી પુણ્યશાળી છે. કેમ કે, અહીં ગંગા, યમુના, ગોમતી, ગોદાવરી, કાવેરી, સરસ્વતી, બ્રહ્મપુત્રા, નર્મદા અને જેમલ જેવી અનેક લોકમાતાઓએ એનું સિંચન કર્યું છે. અહીં જે કોઈ નગરો અને શહેરોનો વિકાસ થયો છે એ આ સરિતા કિનારે જ થયો છે. આ લોકમાતાઓએ આ દેશની પ્રજા માટે શું શું કર્યું છે ? એમણે એને પયપાન કરાવ્યું છે એનાં ધનધાન્યને ઉછેર્યાં છે, એનાં મન અને પાપને ધોયાં છે. પ્રભુએ અનહદ કૃપા કરીને નાનાં ગામોથી માંડી મહાનગરોમાં અનેક નાની-

મોટી નદીઓ આ ધરતી ઉપર વહેતી કરી છે. ગંગા અને યમુના નદીઓને તો આ દેશની પ્રજા એટલી પવિત્ર માને છે કે હર ઘરમાં એની કમ સે કમ એક લોટી ભરેલી સાચવી રખાય છે. પ્રત્યેક હિંદુને જીવનમાં એક વાર ગંગા-યમુનાના જળનું પાન અને એમાં સ્નાન કરવાની ઇચ્છા હોય છે. પોતાનો ભવફેરો સફળ થાય અને જન્મારો એળે ન જાય એ માટે મરણની છેલ્લી ઘડીએ પોતાનાં મોંમાં એનું પાન કરવાની ભાવના રાખે છે. આવી પુણ્યસલિલાઓ દ્વારા જે ભૂમિ રમણીય અને રળિયાત થઈ હોય એ ભૂમિને પુણ્યભૂમિ ન કહીએ તો બીજું શું કહીએ?

આવી પુણ્યયા સરિતાઓ ઉપરાંત આ દેશમાં અસંખ્ય વાવ, કૂવાઓ, તળાવો અને સરોવરો છે. આ બધા જળસ્રોતોએ જમીનના તળને સમૃદ્ધ રાખ્યું છે અને દેશ ઉષ્ણકટિબંધવાળો હોવા છતાં એને અતિશય તપ્ત અને તૃષાતુર રહેવા દીધો નથી. આ ભૂમિખંડના વાતાવરણને સમશિતોષ્ણ રાખ્યું છે અને વસંત, ગ્રીષ્મ વર્ષા, શરદ, હેમંત અને શિશિર જેવી છ ઋતુઓનો વૈભવ આપણને સંપડાવ્યો છે. આ દેશ ઘણો સદ્‌ભાગી છે. એક ઉત્તર દિશાને બાદ કરતાં એના પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારની સીમાઓ અખૂટ જળભંડારવાળા સમંદરોવાળી છે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના કિનારે એટલે તો કેટલાં બધાં બંદરોનો વિકાસ આપણી પ્રજાએ કર્યો છે! મુંબઈ, ગોવા, કાલિકટ, કોચીન, મદ્રાસ વિશાખાપટ્ટમ્ જેવા બંદરો મુખ્ય છે. તો 1600 કિ.મી. જેટલો લાંબો દરિયાકિનારો ધરાવતા ગુજરાતમાં જ દીવ, દમણ, દ્વારકા, ચોરવાડ, વેરાવળ, પોરબંદર, તીથલ, વગેરે કેટલાં બંદરો હતા. ઉપરાંત, કચ્છ અને ખંભાતના અખાત વિસ્તારો પણ ખરા. પશ્ચિમ સમુદ્ર તટને કોંકણ અને મલબાર તથા પૂર્વીતટને તમિળનાડુ અને આંધ્ર-ઓરિસ્સા તટ કહીને ઓળખાવાયા છે. આમાંના ઘણા બંદરોથી આપણી પ્રજાએ વિદેશો સાથે વ્યાપાર કર્યો છે. એટલું જ નહિ, ચીન, જાપાન, જાવા, સુમાત્રા, ઈરાન, અરબસ્તાન તથા ગલ્ફ ખાડીનાં રાષ્ટ્રો સાથે વેપાર-વાણિજ્યના સંબંધો ઉપરાંત ધાર્મિક-સાંસ્કૃતિક સંબંધો પણ વિકસાવ્યા છે. કોમ, ધર્મ, ભાષાના, ખાનપાન, પહેરવેશ, રીતરિવાજો વગેરેમાં ઘણી ભિન્નતા ધરાવતી ગણી સભ્યતાઓ અને સંસ્કૃતિઓને આવી દરિયાદિલી દાખવીને જ આ ભૂમિએ સમાશ્રય આપ્યો છે. ઉત્તર દિશામાં ભલે કોઈ મહાસાગર નથી, પરંતુ ઉત્તુંગ હિમાલય અને પુણ્યસલિલાનું પિયર, અનેક સાધકોની સાધનાભૂમિ અનેક વૃક્ષો, વેલીઓથી ખચિત વનસ્પતિઓ અને ઔષધોનો આગાર બનીને ઊભો છે. ત્યાં અને દેશના અનેક ભાગોમાં ઈશ્વરે જે પ્રાકૃતિક સંપદાની આ ભૂમિને લહાણી કરી છે, તેનાથી જ આ ભૂમિ માટે કવિવર રવીન્દ્રનાથ ટાગોર વડે આ ભૂમિ માટે શબ્દો સ્રવ્યા છે.

**વંદે માતરમ્**
**સુજલામ્, સુફલામ્, મલયજશીતલામ્**
**સસ્યશ્યામલામ્ માતરમ્**
**શુભ્રજ્યોત્સ્ના પુલક્તિયામિનીમ્**
**ફુલકુસુમિત દ્રુમદલશોભિનીમ્**
**સુહાસિનીમ્ સુમધુરભાષિણીમ્**

**સુખદામ્ વરદામ્ માતરમ્**
**કોટિ કોટિ કંઠ કલકલનિનાદ કરાલે**
**કોટિ કોટિ ભુજૈધૃતખરકરવાલે**
**અબલા કેનો મા એતો બલે**
**બહુબલધારિણીમ્ નમામિ તારિણીમ્**
**રિપુદલવારિણીમ્ માતરમ્**

**તુમિ વિદ્યા તુમિ ધર્મ, તુમિહ્દિ તુમિ મર્મ**
**ત્વં હિ પ્રાણાઃ શરીરે**
**બાહુ તે તુમિ મા શક્તિ હૃદયે તુમિ મા ભક્તિ**
**તોમારઇ પ્રતિમા ગડિ મંદિરે મંદિરે માતરમ્**

**ત્વં હિ દુર્ગા દશપ્રહરણધારિણી**
**કમલા કમલદલ વિહારિણી**
**વાણી વિદ્યાદાયિની**
**નમામિ ત્વાં નમામિ કમલામ્ અમલામ્અતુલામ્**
**સુજલામ્ સુફલામ્ માતરમ્**

**શ્યામલામ્ સરલામ્ સુસ્મિતામ્ ભૂષિતામ્**
**ધરણીમ્ ભરણીમ્ માતરમ્**
**વંદે માતરમ્**

'કદમ્બ બંગલો' ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા
બજાર, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૯.
મો. ૯૭૨૭૩૩૩૦૦૦
(સૌજન્ય : વિ. વિદ્યાનગર,
જાન્યુઆરી ૨૦૨૧, પૃ. ૧૧-૧૪)

●

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**ડૉ. ભારતીબેન શેલતના કેટલાક સંગૃહીત લેખો (Some Selective Articles of Dr. Bharati Shelat)/ સંપા. ડૉ. કીર્તિ શેલત.** અમદાવાદ : ગુજરાત રિસર્ચ સોસાયટી; પ્રણવ પ્રકાશન (9, સ્નેહબંધન, ચંદ્રનગર, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-380007), 2022. 104+790 પૃ. કિં. રૂ. 1000

પૂજ્ય મોરારિબાપુ પ્રદત્ત 'ભામતી-પુરસ્કાર', 'મુનિ પુણ્યવિજયજી સુવર્ણચંદ્રક', 'ડૉ. મુગટલાલ બાવીસી સુવર્ણચંદ્રક' વગેરે બહુવિધ વિદ્વત્ત પુરસ્કારોથી અલંકૃત ડૉ. ભારતીબહેન શેલત (1939-2018) ગુજરાતનાં ઇતિહાસ અને સંસ્કૃતિ, અભિલેખવિદ્યા, હસ્તપ્રતવિદ્યા, સિક્કાશાસ્ત્ર, લિપિવિજ્ઞાન, કાલગણના, ખતપત્ર, સંસ્કૃત સાહિત્ય, સંસ્કૃત કોશવિજ્ઞાન વગેરે વિદ્યાક્ષેત્રોનાં ગુજરાતનાં પ્રતિભાસંપન્ન વિદુષી તરીકે ખ્યાતિપ્રાપ્ત હતાં. તેમણે પૌર્વાત્યવિદ્યાના પ્રકાંડ પંડિતો એવા પોતાના ગુરુજનો સર્વ શ્રી રસિકલાલ પરીખ અને હરિપ્રસાદ શાસ્ત્રીનું શિષ્યત્વ સાચા અર્થમાં દીપાવ્યું છે. તેઓશ્રી વિવિધ લિપિઓનાં જ્ઞાતા - હોવાની સાથે સંસ્કૃત ભાષા-સાહિત્યનાં તેમજ ભારત અને સવિશેષતઃ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનાં પ્રબુદ્ધ અભ્યાસી હોવાથી અભિલેખોનું સરળતાથી વાંચન અને અર્થઘટન કરી શકતાં હતાં. જેની પ્રતીતિ તેમણે ઉકેલેલા ઘણા અભિલેખો, ઉપરાંત તેમનાં 11 મૌલિક પ્રકાશનો, જેમ કે, 'લિપિ', 'ગુજરાતના અભિલેખો : સ્વાધ્યાય અને સમીક્ષા', 'Chronological Systems of Gujarat', Inscriptions and Coins of Gujarat' વગેરે પુસ્તકો, 18 સંપાદિત ગ્રંથો અને 200 જેટલા લેખોના પ્રકાશન થકી થાય છે. આ ઉપરાંત 'શ્રીમદ્ ભાગવતપુરાણ'ની ચિકિત્સક આવૃત્તિના સંપાદનમાં પણ તેમનો બહુમૂલ્ય ફાળો રહ્યો છે. આ સાથે જ તેમના વ્યક્તિત્વની આગવી વિશેષતાએ હતી કે તેઓશ્રી મુખર થયા સિવાય માનવીય સંવેદનશીલતા સાથે પોતાની જાતને ઓગાળીને હળવાંફૂલ થઈને પોતાનાં કાર્યો સંપન્ન કરતાં રહ્યાં હતાં. તેમની સાલસ અને નિરભિમાની પ્રકૃતિ સ્પર્શી જાય તેટલી ઉત્કટ હતી. અને ખાસ તો જ્ઞાનના ભારથી મુકત બની સદાય હસતાં જ જોવા મળતાં.

સમીક્ષિત ગ્રંથમાં ડૉ. ભારતીબહેન શેલતના અ.નં. 1 થી 67 લેખો કે જે આ પૂર્વે 'પથિક', 'વિદ્યાપીઠ', 'સંબોધી', 'સ્વાધ્યાય', 'Journal of Oriental Institute', 'સામીપ્ય' અને Journal of Gujarat Research Society'માં પ્રકાશિત થયા હતા અને અં. નં. 68થી 91 તથા Gujarati Stone Inscriptions from Socotra' (p. 60-76) અન્યત્ર પ્રકાશિત કે અપ્રકાશિત (?) લેખો સમાવિષ્ટ છે. વધુમાં, સંપાદક ડૉ. કીર્તિ શેલતે પોતાના ડૉક્ટરી વ્યવસાય સંબંધી 2 સંસ્મરણાત્મક લેખો (અં.નં. 92-93, પૃ. 763-790) અહીં સમાવિષ્ટ કર્યા છે. આ બધા લેખો આગળ ઉપર નિર્દેશિત 7 જર્નલ્સ / સામયિકો સાદ્યંત તપાસી જઈને ક્રમાનુસાર તેના મૂળ પ્રકાશનના સંદર્ભના ઉલ્લેખ સાથે સંપાદકશ્રીએ સુલભ કરાવી આપ્યા છે. આ ઉપરાંત ડૉ. ભારતીબહેનને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાની સાથે જ તેમના વિદ્વત્તાપૂર્ણ પ્રદાનની મૂલવણી કરતા આ વિદ્યાક્ષેત્રનાં વિદ્વત્વરેણ્યો - સર્વ શ્રી ડૉ. પી. સી. પરીખ, ડૉ. થોમસ પરમાર, ડૉ. મકરન્દ મહેતા અને ડૉ. સુમન પંડ્યાના તથા દિલીપ વૈદ્ય અને હેતલ વાઘેલાના લેખો, તેમજ ડૉ. ભારતીબહેનનો વિસ્તૃત બાયોડેટા, ડૉ. ભારતીબહેન અને તેમના પરિવાર વિશે - વંશાવળી સહિત સંપાદકશ્રી ડૉ. કીર્તિ શેલતનો અભ્યાસસપૂત વિસ્તૃત લેખ, ગુજરાત રિસર્ચ સોસાયટી વિશે તેમજ તેના દૂરંદેશિતાશીલ પ્રમુખશ્રીઓનો ફોટા સાથે પરિચય, ડૉ. ભારતીબહેનને અર્પણ કરવામાં આવેલાં પારિતોષિકો/સન્માનપત્રોની ફોટો કૉપીઓ વગેરે સુલભ કરાવી આપીને વ્યવસાયે મેડિકલ ડૉક્ટર એવા

સંપાદક ડૉ. કીર્તિ શેલતે વિદુષી પત્ની ડૉ. ભારતીબહેનનું સાચું તર્પણ કર્યું છે. આ તર્પણની સાથે જ ડૉ. શેલતનાં ભારતીયવિદ્યા ક્ષેત્રમાં નિષ્ઠા અને રસ-રુચિનાં સહજમાં દર્શન થાય છે.

પ્રસ્તુત ગ્રંથમાં ડૉ. ભારતીબહેનના ગ્રંથસ્થ 92 લેખો પૈકી અભિલેખવિદ્યા (શિલાલેખો અને તામ્રપત્રો) - 39, ઇતિહાસ અને સંસ્કૃતિ-7, ચરિત્રચિત્રણ-7, સિક્કાશાત્ર-6, હસ્તપ્રતવિદ્યા-6, લિપિ-5, સંસ્કૃત સાહિત્ય-5, સંસ્કૃત કોશ-4, જૈનધર્મ-3, ધર્મ-2, ખતપત્ર-2, પુરાતત્વ-2 અને સ્ત્રીઓ, પારસી ધર્મ, શિલ્પ, પાળિયા વગેરે વિશેના 1-1 લેખો સમાવિષ્ટ છે. આ પૈકી 72 લેખો ગુજરાતી, 19 લેખો અંગ્રેજી અને 1 લેખ હિન્દી ભાષામાં અને ૯૨ પૈકી 13 લેખો ડૉ. પી. સી. પરીખ, ડૉ. હરિપ્રસાદ શાત્રી વગેરેના સહકર્તૃત્વમાં રચાયા છે. આ લેખોનું વાંચન કરતાં તેમની મૌલિક પ્રતિભા તથા ઉદ્‌ભાવનાઓ અને સંશોધકીય અભિગમ સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે. અને ખાસ ધ્યાનાર્હ બાબત એ બની રહે છે કે પોતાનું મૂળભૂત વિષયક્ષેત્ર સંસ્કૃત અધ્યયન અને પ્રારંભમાં એસ.વી. કૉલેજમાં સંસ્કૃતનું અધ્યાપન રહ્યું હોવા છતાં સમયાન્તરે આગળ ઉપર દર્શાવેલા ભારતીયવિદ્યાના અનેકવિધ વિષયક્ષેત્રોમાં વિદ્યાસાધના અને રસરુચિ કેળવીને કરવામાં આવેલું તેમનું મૂલ્યવાન પ્રદાન લબ્ધપ્રતિષ્ઠ વિદુષીનું દ્યોતક બની રહે છે. સામાન્યતઃ આટલા બધા વ્યાપક વિષયક્ષેત્રોમાં રસ-રુચિ, અધ્યયન-સંશોધન - પ્રદાન ખૂબ જ ઓછી વ્યક્તિઓમાં જોવા મળે છે. તેમની સંશોધન અને ઇતિહાસ-નિષ્ઠા તો ઊડીને આંખે વળગે છે. તેમણે સાચે જ મલ્લિનાથી સૂત્ર **'ના મૂલમં લિખ્યતે કિંચિત'** કે 19મી સદીના વિખ્યાત જર્મન ઇતિહાસકાર લિઓનાલ્ડ વૉન રેન્ક પ્રદત્ત સૂત્ર 'No Document No History'ને આત્મસાત કર્યું છે, જેની પ્રતીતિ ગ્રંથસ્થ લેખો પૈકી 59 લેખોમાં આપવામાં આવેલ કુલ મળીને 1400થી અધિક સંદર્ભો અને 280+ દસ્તાવેજી ફોટાઓના માધ્યમથી થાય છે.

ડૉ. ભારતીબહેન બ્રાહ્મી અને દેવનાગરીનાં પ્રબુદ્ધ જ્ઞાતા હોવા ઉપરાંત ભારતના જુદા-જુદા પ્રાન્તોની લિપિઓ, જેમ કે, શારદા, બંગાળી, નેવારી, ઓડિયા, ગ્રંથ, કન્નડ, તેલુગુ, મલયાલય અને નન્દીનાગરી લિપિઓના ઉકેલમાં પાવરધાં હતાં, જેની પ્રતીતિ લિપિ વિશેના લેખો થકી થાય છે. આ સાથે જ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓનાં વિશેષ જ્ઞાતા હોવાના કારણે ભારતના વિવિધ પ્રદેશોમાં અને અલગ-અલગ સમયગાળામાં લખાયેલા શિલાલેખો, દાનશાસનપત્રો વગેરેનું સહજતાથી તેનું વાંચન અને અર્થઘટન કરવાની ક્ષમતા ધરાવતાં હતાં. અભિલેખના વાંચનની સાથે જ તેના લેખક તેમજ અભિલેખ ઉત્કીર્ણ કરનારની ભાષાકીય ભૂલો, લિપિ મરોડ, લિપિની ખાસિયતો વગેરે પણ દર્શાવી આપવાનું રાખતાં. ભારતની કાલગણનામાં વૈદુષ્ય પ્રાપ્ત કરેલ હોવાથી આ સાથે જ વિવિધ અભિલેખોમાં પ્રયોજવામાં આવેલ વિવિધ સંવતોનું તેમાં નિર્દેશિત મિતિના આધારે ઈ.સ.માં ચોક્કસ તારીખ સાથે પરિવર્તિત કરીને દર્શાવતાં હતાં. અને ખાસ તો ભારતના ઇતિહાસ અને સંસ્કૃતિ અને સવિશેષતઃ ગુજરાતના ઇતિહાસનાં અભ્યાસી અને જ્ઞાતા હોવાથી કોઈ અભિલેખના વાંચન અને અનુવાદથી અટકી ન જતાં તેના સમસામયિક રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસને ઉજાગર કરી આપવાની સાથે તેમાં ઉલ્લેખિત સ્થળો વર્તમાનમાં કયાં આવેલાં છે અને તેનાં સંભવિત નામો તેમજ તે નામોમાં કેવા–કેવાં પરિવર્તનો થયાં છે તે ઓળખ આપતાં રહેતાં. તેમની આ બધી આગવી લાક્ષણિકતાઓ સંદર્ભે તેમણે ઉકેલી આપેલ કેટલાક અભિલેખો ઉદાહરણ તરીકે જોઈએ : 'Gujarati Stone Inscriptions From Socotra' (P. 60-76) માં પૂર્વ આફ્રિકામાં સ્થિત Socotra (SUQUTRA) ટાપુ ઉપર સ્થિત 17મી 18 મી સદીના 5 શિલાલેખો કે જે વર્ષ 2004માં શોધવામાં આવેલા છે તેના વાંચનની સાથે જ પ્રાચીન સમયથી 20મી સદી સુધીના ગુજરાતના દરિયાઈમાર્ગના વેપારની - વહાણવટાની સુરેખ રૂપરેખા દર્શાવી છે. આ હેતુ ધોળાવીરા, લોથલ વગેરેના ઉત્ખનનથી પ્રાપ્ત આધારભૂત માહિતી, સોલંકીકાળ અને ત્યાર બાદની કૃતિઓ, જેમ કે, कीर्तिकौमुदी, द्वयाश्रय, नाभिनन्दनजिनोद्धार, जगडुचरित, विमलप्रबंध વગેરે ઉપરાંત વાસ્કોડીગામાને રસ્તો બનાવનાર કાનજી

માલમ, કચ્છના ભાટિયાઓ વગેરેનો આધાર લીધો છે. આ ઉપરાંત આ અભિલેખોની લિપિની લાક્ષણિકતાઓ તેમજ ભાષાકીય ભૂલો દર્શાવી આપવાની સાથે ગુજરાતના દરિયાઈ વેપાર સંબંધી તેમનું અવલોકન : 'Thus the Gujarati diaspora in East African countries, since early historic period upto 20th century was from different communities, castes, ethnic groups and geographical region. Among the Hindu communities the earliest migration to East Africa from Gujarat in the 19th century were the Bhatiyas of Kutch with the Patidaras of central Gujarat and Visa Oswal Jains of the Halar region of West Saurashtra' ગહન અભ્યાસનું પ્રતીતિકારક બની રહે છે. મૈત્રક રાજા ધ્રુવસેન - 2જાનું જેસર દાનશાસન (પૃ. 106) ની વાચના તૈયાર કરવાની સાથે ધ્રુવસેન 2-જાનાં પ્રાપ્ત કુલ 11 દાનશાસનોનાં પ્રાપ્તિસ્થાન અને વલભી સંવત સાથે યાદી આપવામાં આવી છે. ઈ.સ. 1063-64ના અમરેશ્વર શિવમંદિરના શિલાલેખ (પૃ. 518-)માં ઉત્કીર્ણ શિવમહિમ્નસ્તોત્રમાં 31 શ્લોકોનો પાઠ આપવામાં આવ્યો છે. આ સંદર્ભે ડૉ. ભારતીબહેને લિપિની વિશેષતાઓ તારવી આપવાની સાથે 'શિવમહિમ્નસ્તોત્ર'ની હાલમાં ઉપલબ્ધ મુખ્ય 13 આવૃત્તિઓમાં 36થી 43 શ્લોકોની પ્રાપ્તિ સંદર્ભે વિગતે વિચારવિમર્શ કર્યો છે, જેમાં તેમના સંશોધકીય અભિગમનાં દર્શન થાય છે. આ ઉપરાંત ગુજરાતનાં સાંસ્કૃતિક ઇતિહાસનો એક મહત્ત્વપૂર્ણ સ્રોત, 'પાળિયા' કે જે પ્રાયઃ ઉપેક્ષિત રહ્યો છે તે વિશેના વિશદ અને રસપ્રદ લેખમાં તેના વિવિધ પ્રકારો, પ્રત્યેકની ખાસિયતો, રહસ્ય વગેરે વર્ણવીને ઈ.સ.ની બીજી સદીથી આજદિન સુધીના મહત્ત્વપૂર્ણ પાળિયાઓની ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં રૂપરેખા દર્શાવી છે.

અભિલેખોના વાંચન, અર્થઘટન અને અનુવાદ ઉપરાંત કોઈ એક પ્રદેશ તેમજ કોઈ વિષયક્ષેત્રના અભિલેખોના અભ્યાસો, જેમ કે, કચ્છના અભિલેખો (પૃ. 10-18), કચ્છના અભિલેખોમાંથી પ્રાપ્ત થતો કચ્છનો ઇતિહાસ (પૃ. 86-99), કુષાણ કનિષ્કના અભિલેખો (પૃ. 222-227), ઇન્ડોનેશિયાના સંસ્કૃત અભિલેખો (પૃ. 235-239), ગુજરાતનાં જળાશયોના શિલાલેખ (પૃ. 337-362), Recent Researches in the Epigraphy of Gujarat (પૃ. 709-725) વગેરેમાં તેમની સ્વાધ્યાયનિષ્ઠા અને ઐતિહાસિક તથ્યોની તારવણી – સારવણીનું સામર્થ્ય ઉદાહરણસ્વરૂપ બની રહે છે. આ લેખો પૈકી 'ગુજરાતનાં જળાશયોના શિલાલેખ' એ એક સ્વતંત્ર monograph સમાન છે, જેમાં તેમનો વિદ્યાકીય પુરુષાર્થ, સંશોધકીય પ્રતિભા અને વિષયક્ષેત્રનું જ્ઞાન સ્પષ્ટ ઉપસી આવે છે. શિલાલેખોમાં નિર્દેશિત તથ્યોની તારવણી સામે જ જળાશયોના નિર્માણ માટે વાસ્તુશાસ્ત્રના વિવિધ ગ્રંથોનો અભ્યાસ અને તેમાં ઉલ્લેખિત રચના વિધાન, જેમ કે, વાવના 4 પ્રકારો - 'નંદા', 'ભદ્રા', 'જયા' અને 'વિજયા'-ના આધારે જે તે વાવની ઓળખ કરાવવી, વિવિધ પ્રકારનાં જળાશયો સંબંધી આનુષંગિક માહિતીની પ્રસ્તુતિ, જળાશયો અને તેમાં ઉપલબ્ધ શિલાલેખોની શોધ (પ્રાથમિક કે ગૌણ સ્રોતોના આધારે), શિલાલેખોનાં વર્ણનો અને કાવ્યતત્ત્વ, વગેરે સંબંધી વિગતો ઉજાગર કરી આપવાની સાથે ગુજરાતનાં વિવિધ પ્રકારનાં જળાશયોનો રસપ્રદ પરિચય કરાવીને ઐતિહાસિક વિકાસરેખા દર્શાવી આપી છે. 'કચ્છના અભિલેખોમાંથી પ્રાપ્ત થતો કચ્છનો ઇતિહાસ'માં અભિલેખોની સાથે જ કચ્છમાંથી ઉપલબ્ધ વિવિધ સિક્કાઓના આધારે કચ્છના નિર્દેશનો પ્રાચીનતમ પુરાવો મહાક્ષત્રપ રુદ્રદામાના સમયના (શક) વર્ષ 72 (ઈ.સ. 150)ના જુનાગઢના શૈલલેખથી શરૂ કરીને કચ્છનું સંસ્કૃત નામ, પુરાવશેષો, ક્ષત્રપોનું કચ્છ ઉપર શાસન, આભીરો, ગુપ્તકાળ, મૈત્રક અને અનુમૈત્રકકાળ, રાષ્ટ્રકૂટોના તાબામાં કચ્છ, સોલંકી-વાઘેલા યુગ, કચ્છના સ્થાનિક રાજવંશો કચ્છમાં પ્રચલિત સંવતો વગેરે વિશે કચ્છનો સાધાર ઇતિહાસ નિરૂપિત કર્યો છે. 'Recent Researches in Epigraphy of Gujarat'માં છેલ્લા 25 વર્ષમાં વિવિધ કાળખંડોના વિવિધ સ્થળોએથી મળી આવેલા અભિલેખો અને આ સંબંધી સંશોધનોનો

દૃષ્ટિપૂત પરિચય કરાવતાં નોંધેલ અવલોકન ‘In the field of epigraphy in Gujarat some Qualitative research work has been done, but the onomastic studies is an untouched area. The young scholars who are interested in these areas of research have enormous scope... in reconstructing the history of Gujarat’ (પૃ. 719) પ્રસ્તુત વિષય સાથેના લગાવ અને અધ્યયનની સાતત્યતાનું પ્રતિકારક બની રહે છે.

અભિલેખોના ઉકેલ અને અર્થઘટનમાં પ્રાવીણ્યતા હાંસલ કરવાની સાથે બનાવટી દાનશાસનપત્રો અસલી કે નકલી છે ? તેની ઓળખ પણ સહજતાથી કરી શકતાં, જેની પ્રતીતિ તેમણે પી. સી. પરીખસાહેબના સહયોગમાં ‘સહસ્ત્રાર્જુન (કાતવીર્ય)નું બનાવટી આગરવા દાનશાસન’ (પૃ. 189-193) મથાળા હેઠળના લેખમાં સહસ્ત્રાર્જુનનું આગરવા દાનશાસનપત્ર રાજકીય ઇતિહાસ અને કાલગણનાની દૃષ્ટિએ કેટલીક ગંભીર અસંગતિઓ ધરાવતું હોઈ તે ક્ષતિઓ ઉજાગર કરી આપીને તેને બનાવટી દાનશાસન પત્ર તરીકે ઓળખી બતાવ્યું છે. તેમણે દર્શાવી આપેલ ક્ષતિઓ, જેમ કે, લિપિના મરોડના આધારે ઈ.સ. ૭મી સદીના મધ્યકાલનું હોવાનું જણાવું, ઉલ્લેખિત દાતા ત્રેતાયુગના (આદ્ય ઐતિહાસિક કાળના) હોવા અને ત્રેતાયુગના સહસ્ત્રાર્જુનને જ દાતા ગણાવવા, આદ્ય ઐતિહાસિક યુગમાં દાનશાસનપત્રો કોતરવાની પ્રથાનો અભાવ, ઈ.સ. પૂ. બીજી સદીના અંત સુધીનાં દાનશાસનપત્રો ઉપલબ્ધ ન થવાં, સંવતનું નામ કે વર્ષનો અભાવ, સામાન્યતઃ રાજાના હસ્તાક્ષર પછી દાનશાસનમાં કોઈ લખાણ લખવામાં આવતું નથી જ્યારે અહીં કેટલુંક અસ્પષ્ટ અને સંદિગ્ધ લખાણ હોવું, ત્રેતાયુગનો કોઈ પણ લેખિત પુરાવો ન મળવો, વગેરેના આધારે તારવ્યું છે કે ‘આ બનાવટી દાનશાસનમાં જુદાં-જુદાં ગોત્રોના બ્રાહ્મણોએ એમના લાભાર્થે તે ઉપજાવી કાઢેલું પ્રતીત થાય છે. આમ ત્રેતાયુગના સહસ્ત્રાર્જુનના નામે લખાયેલું, સંવત અને વર્ષ વિનાનું આ દાનશાસન ઈ.સ.ની ૭મી સદીના મધ્યભાગમાં ઉપજાવેલું બનાવટી દાનશાસન હોવાનું સિદ્ધ થાય છે’ (પૃ. 192). આ એક ઉદાહરણ જ તેમણે લિપિવિદ્યા અને અભિલેખવિદ્યા ક્ષેત્રે મેળવેલ અસધારણ જ્ઞાનનું દ્યોતક બની રહે છે.

અહીં ગ્રંથસ્થ સિક્કાશાસ્ત્ર સંબંધી 6 લેખો અને આ પૈકી ગુજરાતના પ્રાચીન, મધ્યકાલીન અને આ પૈકી ‘ગુજરાતના પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન સિક્કાઓ’ (પૃ. 621-644) સિક્કાશાત્ર સંબંધી શાસ્ત્રીય માહિતી અને ભારતના પરિપ્રેક્ષ્યમાં ગુજરાતના ઉપલબ્ધ સિક્કાઓ ઉપરાંત સાહિત્યિક અને આભિલેખિક સાધનોમાં ઉલ્લેખિત સિક્કાઓના સંદર્ભ સાથે અસ્ખલિત ઇતિહાસ ઉજાગર કરી આપવાની સાથે સિક્કાઓનો અભ્યાસ રાજકીય, આર્થિક, ધાર્મિક, કલારુચિ, ભાષા-લિપિ, કાલગણના વગેરેની દૃષ્ટિએ કેટલો મહત્ત્વનો છે તે પણ સમજાવ્યું છે. વધુમાં ગુજરાતના સિક્કાઓ વિશે રજૂ કરવામાં આવેલાં કેટલાંક તારણો આ ક્ષેત્રનાં એક આધિકારિક વિદુષી તરીકે તેમને પ્રસ્થાપિત કરે છે, જેમ કે, ક્ષત્રપોના ચાંદી, પૉટન અને સીસાના સિક્કાઓ ઉપર વર્ષ આપવાની વિશિષ્ટ અને અભિનવ પ્રથા સહુ પ્રથમ વાર જોવા મળવી, બ્રાહ્મી અંકોમાં વર્ષ સૂચવતી સંખ્યા આપવાની આ અનોખી પદ્ધતિને લીધે આ રાજાઓની સળંગ સાલવારી તૈયાર થઈ શકે, આ પૂર્વે ભારતીય સિક્કાઓમાં ક્યાંય વર્ષ આપવાની પ્રથા જોવા ન મળવી, સહુ પ્રથમ વાર રુદ્રસિંહ 1લાના સિક્કા ઉપર વર્ષ સંખ્યા જોવા મળવી (પૃ. 625), ચૌલુક્ય રાજ્યના સિક્કા પૂરતા પ્રમાણમાં મળતા નથી, એનો એક સંભવ એ કલ્પી શકાય કે વાઘેલા સોલંકી રાજ્યના અંત પછી એ સમયના જૂના સિક્કાઓને નવા રાજ્યે અમાન્ય કર્યા હોય કે... પરિણામે આ રાજ્યના સિક્કાઓ લુપ્ત થઈ ગયા હોય. છતાં.... આ કાલ દરમ્યાન નિશ્ચિત પ્રકારનું નાણું પ્રચલિત હતું એમ કહી શકાય’ વગેરે. સદર લેખમાં પ્રાચીનકાળથી આઝાદી પૂર્વે ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતાં વિવિધ રાજ્યોના સિક્કાઓ અને તેની ખાસિયતો, ટંકશાળાઓ, પ્રાપ્ત સિક્કાનિધિઓ વગેરેનો આધિકારિક પરિચય કરાવ્યા બાદ પ્રજાસત્તાક ભારતના સિક્કા વિશે પણ માહિતી આપી છે.

હસ્તપ્રતવિદ્યા વિશે ગ્રંથસ્થ લેખો અંતર્ગત 'ગુજરાતનાં પ્રસિદ્ધ હસ્તપ્રત સંગ્રહાલયો'માં જેમ કે, પાટણ, ગુજરાતના અગ્રણી હસ્તપ્રત ભંડારો, ખંભાત, છાણી, વડોદરા, લુણાવાડા, ભો. જે., એલ. ડી. અને પ્રાચ્યવિદ્યા મંદિરની હસ્તપ્રત સ્મૃદ્ધિ ઉજાગર કરી આપી છે. બાકીના લેખોમાં જૈન હસ્તપ્રતોની લિપિ અને જૈન હસ્તપ્રતોની આગવી વિશેષતાઓ તારવી આપવા ઉપરાંત ઉપલબ્ધ પ્રાચીનતમ હસ્તપ્રતો, સચિત્ર હસ્તપ્રતો, પુષ્પિકાઓ અને પ્રશસ્તિઓ, વિજ્ઞપ્તિપત્રો અને ફરમાનો વગેરે ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિને ઉજાગર કરવામાં તેમનું મૂલ્ય સમજાવ્યું છે. 'રામાયણ, મહાભારત અને પુરાણોને અનુલક્ષીનો સમીક્ષાત્મક ગ્રંથસંપાદન' (પૃ. 554-559), શ્રીમદ્‌ભાગવતની સમીક્ષિત આવૃત્તિ (પૃ. 582-596) શીર્ષક હેઠળના લેખો અને કે. કા. શાસ્ત્રીનું શ્રીમદ્‌ભાગવતની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવામાં પ્રદાન વિશેના બે લેખોમાં ડૉ. ભારતીબહેને પાઠ સંપાદનકળામાં હાંસલ કરેલ જ્ઞાન અને પ્રત્યક્ષ અનુભવનાં સહજમાં દર્શન થાય છે. આ લેખો આ ક્ષેત્રમાં રસ ધરાવતા સૌ કોઈ માટે પથપ્રદર્શક બની રહે છે. સંસ્કૃત સાહિત્ય અને વિવિધ સંસ્કૃત શબ્દકોશો વિશેના કુલ મળીને 10 લેખો, જેમ કે, 'ગુજરાતમાં રચાયેલ શબ્દકોશો, 'Mahabharat and its study in Gujarat' વગેરેમાં તેમની વ્યાપક અધ્યયનનિષ્ઠા જોવા મળે છે. 'ગુજરાતમાં રચાયેલા સંસ્કૃત શબ્દકોશો'માં શબ્દકોશોની રચનાની વિવિધ પદ્ધતિઓના આધારે શબ્દકોશોના મુખ્ય 3 પ્રકારો – એકાર્થવાચક, અનેકાર્થવાચક અને મિશ્રકોશની વિશેષતાઓ અને મર્યાદાઓ બતાવીને ગુજરાતમાં સંસ્કૃત શબ્દકોશક્ષેત્રે થયેલ નોંધપાત્ર પ્રદાનને તારવી આપ્યું છે, જેમાં હેમચંદ્રાચાર્ય ઉપરાંત મહેન્દ્રસૂરિ, રૂપચંદ્ર, અમરચંદ્ર, સુધાકલશ, પ્રહ્‌લાદનપુરના કાલિદાસ વ્યાસ વગેરેના શબ્દકોશોની ચર્ચા કરવામાં આવી છે.

પોતાના શ્રદ્ધેય ગુરુજનો સર્વશ્રી કે. કા. શાસ્ત્રી, રસિકલાલ પરીખ અને ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના ચરિત્રલેખોમાં પોતાના ગુરુઓ પ્રતિ અસાધારણ શ્રદ્ધા-ભક્તિની સાથે બહુવિધ વિષયક્ષેત્રોમાં તેમના બહુશ્રુત પ્રદાનની મૂલવણી કરવામાં ડૉ. ભારતીબહેનનો વિશુદ્ધ વિવેચકીય અભિગમ ધ્યાનાર્હ બની રહે છે.

અહીં ગ્રંથસ્થ લેખોની પ્રસ્તુતિ સંદર્ભે નોંધવું રહ્યું કે આગળ ઉપર ક્રમાનુસાર દર્શાવેલાં 7 સામયિકોમાં પ્રગટ થયેલા લેખો જે તે સામયિકના મથાળા હેઠળ તેમાં પ્રકાશનના કાળક્રમમાં ગોઠવીને રજૂ કરવામાં આવ્યા છે, પરંતુ આ બધા લેખો મુખ્ય વિષય મથાળા (આગળ ઉપર દર્શાવેલા વિષયો, જેમ કે અભિલેખવિદ્યા, હસ્તપ્રતવિદ્યા, સિક્કાશાત્ર, વગેરે) હેઠળ વર્ગીકૃત કરીને રજૂ કરવામાં આવ્યા હોત તો તે ઉપયોગકર્તા માટે તેમજ ડૉ. ભારતીબહેનના વિવિધ વિષયક્ષેત્રોમાં તેમના બહુશ્રુત પ્રદાનની મૂલવણી કરવા માટે વિશેષ અનુકૂળતા બની રહેત. વધુમાં, Miscellenious Articles હેઠળ અં.નં. 69 થી 91 તેમજ સરોત્રાનો લેખ આ પૂર્વે અન્યત્ર પ્રકાશિત થયા હોય તો તેની માહિતી દર્શાવી હોત તો તે તથા 'અનુક્રમ' માં નિર્દેશ કર્યા મુજબ જે તે સંયુકત કર્તૃત્વના લેખો (ફક્ત 13 લેખો)ના સહકર્તાનો ઉલ્લેખ સંબંધિત લેખના મથાળે કે લેખના અંતમાં કરવામાં આવ્યો હોત તો તે આવકાર્ય બની રહેત ? અસ્તુ.

ભારતીયવિદ્યાક્ષેત્રના વિદ્વાનોને પરિતોષ આપે તેવા વિદ્વત્ત લેખો અથવા બીજા શબ્દોમાં ડૉ. ભારતીબહેનનો પ્રતિભાપૂંજ સુલભ કરાવી આપવા માટે ભારતીયવિદ્યાજગત ડૉ. કીર્તિ શેલતનું ઋણી બની રહેશે. સંપાદક ડૉ. શેલતનું આ વિદ્યાકીય શ્રમસાધ્ય કાર્ય અભિનંદનીય બની રહે છે. ડૉ. ભારતીબહેન શેલતનું બહુઆયામી અને બહુશ્રુત પ્રદાન તેમને અસાધારણ પ્રતિભાસંપન્ન વિદુષી તરીકે પ્રસ્થાપિત કરતું હોવા છતાં ભારે વ્યથા સાથે નોંધ કરવી પડે છે કે રાષ્ટ્રપતિ પુરસ્કાર માટેની ચયન સમિતિ સાચા અર્થમાં તેમના વિદ્વત પ્રદાનની મૂલવણી ન કરી શકી. જો કે આમેય 1958થી શરૂ કરવામાં આવેલ આ યોજના અન્વયે સમગ્ર દેશમાંથી 900 + જેટલા સંસ્કૃત વિદ્વાનો પૈકી ગુજરાતના ફક્ત ૨૫ વિદ્વાનો આ પુરસ્કાર મેળવવા યશભાગી થયા છે. એટલે ડૉ. ભારતીબહેનની સાથે જ ગુજરાતના સંસ્કૃત વિદ્યાજગતની આ એ એક વિડમ્બના જ ગણવી રહી.

**મણિભાઈ પ્રજાપતિ**

**શ્રીમદ્ ભગવદ્ રામાનુજાચાર્ય વિરચિત શ્રીમદ્-ભગવદ્-ગીતા-ભાષ્ય (મૂળ સંસ્કૃત ભાષ્ય, ગુજરાતી ભાષાંતર, પ્રસ્તાવના સહિત) / અનુવાદક : ગૌતમ પટેલ.** અમદાવાદ : લકુલીશ યોગ યુનિવર્સિટી – email : lakulishyogauniversity@yahoo.com, 2022. 28.5x22.5 cm. 8+512 પૃ. ISBN : 978-81-957398-0-6 કિં. રૂ. 750.

લકુલીશ યોગ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ અને ખાસ તો ફિલસૂફીના આંકઠ આરાધક, voracious reader તથા ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો અંગત વિશાળ સમૃદ્ધ ગ્રંથસંગ્રહ ધરાવનાર પ્રો. પ્રશાંત ર. દવેએ પ્રસ્તુત ગ્રંથના **'પુરોવાક્'**માં મૂઠ્ઠીભર શબ્દોમાં રજૂ કરેલ સારગર્ભિત મંતવ્ય : 'શ્રી ગૌતમભાઈનું આ એક ઋષિ કર્મ છે. તેઓ વિશ્વના જ્ઞાનચોકમાં પાંખાયેલા સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન છે. તેમનું વ્યકિતત્વ અસ્ખલિત જ્ઞાનસાધના અને નિર્વ્યાજ પ્રેમના રસાયણથી રસાયેલું છે.' પ્રસ્તુત ગ્રંથનું સ્વસ્થચિત્ત સાદ્યંત અધ્યયન કરતાં અને તેમના બહુશ્રુત પ્રદાન ઉપર દૃષ્ટિપાત કરતાં સહજમાં સ્વીકાર્ય બની જાય છે.

પ્રસ્તુત ગ્રંથના શીર્ષકના શબ્દો વાંચતાં સામાન્ય ધારણા બની રહે છે કે અહીં ભગવદ્ગીતાનો મૂળ પાઠ અને તેના ઉપરના ભગવદ્ રામાનુજાચાર્યકૃત ગીતાભાષ્યનો અનુવાદ, પ્રસ્તાવના સાથે આપવામાં આવ્યો હશે. પ્રથમ દૃષ્ટિએ આ વાત સાચી જણાય, પરંતુ અંદર ડોકિયું કરતાં સમજાશે કે આ ગ્રંથ અનુવાદ સુધી સીમિત રહ્યો નથી. તેની વિશદ પ્રસ્તાવના આ ભાષ્યને સમજવા ઉપકારક બની રહે તેટલી અધ્યયનશીલ છે. આ ઉપરાંત ધ્યાને લેવું રહ્યું કે બ્રહ્મસૂત્રના ભાષ્યકાર ભગવદ્ રામાનુજાચાર્યકૃત ગીતાભાષ્યને પચાવીને ગુજરાતી ભાષામાં અવતરણ કરાવવાનું કાર્ય સરળ હોત તો આજદિન સુધીના કોઈ ગૂર્જર સંસ્કૃત વિદ્વાને તેમ કર્યું જ હોત. પરંતુ તેમ થયું નથી. આ એ એક હકીકત ધ્યાને રાખવી રહી. ભારતીય ચિંતનપરંપરાની મહાન વિભૂતિ એવા રામાનુજાચાર્ય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તના પુરસ્કર્તા રહ્યા છે. તેમણે આર્ષગ્રંથ 'શ્રીમદ્ ભગવદ્ગીતા'ને ભક્તિપ્રધાન ગ્રંથ તરીકે પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. તેઓશ્રીની ભક્તિમાર્ગના પ્રથમ આચાર્ય તરીકે ગણના કરવામાં આવે છે.

શંકરાચાર્ય ગ્રંથાવલી એટલે ભારતીય પ્રજ્ઞાનો અણમોલ ખજાનો. પ્રસ્તુત ગ્રંથાવલીને ગુજરાતી ભાષામાં અવતરણ કરાવીને વેદપંડિત ડૉ. ગૌતમભાઈ પટેલે ઋષિકર્મ સંપન્ન કર્યું છે. અહીંથી ન અટકતાં તેમણે રામાનુજાચાર્યકૃત 'ગીતાભાષ્ય'ની ભાષા અને આચાર્યશ્રીને અભિપ્રેત એવા અર્થને વિદ્યાકીય પુરુષાર્થ થકી આત્મસાત કરીને તેને ગુજરાતી ભાષામાં અનુવાદિત કરીને સાચા અર્થમાં ભગીરથકાર્ય કર્યું છે. તેમના આ ઋષિકર્મથી ગુજરાતી ભાષા ધન્ય થઈ છે. આ અનુવાદ કરતાં તેમને જ્યાં-જ્યાં દ્વિધા પેદા થઈ ત્યાં ત્યાં તેના તજજ્ઞો પાસે શિષ્યભાવે જઈને સમાધાન મેળવ્યું છે અને તેનો ઋણસ્વીકાર પણ કરતા રહ્યા છે. આ સંદર્ભે તેમણે 'મારી યાત્રા' [પ્રસ્તાવના]માં એકરાર કરતાં નોંધ્યું છે કે 'મેં પાણિનિના વ્યાકરણનો અભ્યાસ કર્યો નથી. આથી જ્યાં-જ્યાં તકલીફ પડી ત્યાં તરત 'સંકટ સમયની સાંકળ'ની જેમ પૂજ્ય શ્રી શ્રુતિપ્રકાશજી (સંતશ્રી, અક્ષરધામ, ગાંધીનગર)નું શરણું શોધ્યું અને મને આનંદપૂર્વક તેઓશ્રીએ સહાય કરી. ગ્રંથમાં તેની નોંધ પણ લીધી છે.'

અને આમેય, લૌકિક સાહિત્ય કે રામાયણ - મહાભારત જેવા આર્ષગ્રંથોની તુલનાએ દાર્શનિક ગ્રંથો અને તેમની સૂત્રશૈલી તથા ગૂઢાર્થને સમજવો અને તેને અન્ય ભાષામાં પ્રવાહિત કરવો એ આર્ષદૃષ્ટિ અને તપઃપૂત સાધના માગી લે તેવું કાર્ય છે. આ ક્ષમતા ડૉ. ગૌતમભાઈએ પુરવાર કરી આપી છે.

ભક્તિમાર્ગ/ભક્તિસંપ્રદાયના પ્રવર્તક આચાર્ય રામાનુજે 'શ્રીમદ્ ભગગવદ્ગીતા'ને ભક્તિપ્રધાન ગ્રંથ તરીકે પ્રસ્થાપિત કર્યો હોઈ તેમના 'ગીતાભાષ્ય'ના અનુવાદ-ગ્રંથ એવા પ્રસ્તુત ગ્રંથના પ્રારંભમાં ડૉ. ગૌતમભાઈએ પ્રસ્તાવનામાં ભક્તિરસની સારગર્ભિત મીમાંસા થકી જે ભૂમિકા બાંધી આપી છે તે અને ગીતાના અઢારેય અધ્યાયોનું હાર્દ અનેકવિધ આચાર્યો અને વિદ્વાનોના મતમતાંતરોનું દોહન કરીને સમજાવ્યું છે તે ડૉ ગૌતમભાઈની પ્રબુદ્ધ વૈચારિક ચેતનાનું - પરિપક્વ પ્રજ્ઞાનું સુફળ છે.

'ભક્તિરસ'ની ચર્ચાના પ્રારંભમાં તેમણે ભક્તિનો આરંભ છેક વેદકાળથી ગણાવીને એની એક શાસ્ત્ર તરીકે ચર્ચા શાંડિલ્ય અને નારદનાં ભક્તિસૂત્રો, તેમ જ પંચરાત્ર સિદ્ધાંતમાં 'ષડ્વિધા શરણાગતિ' અને તેનો રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય તથા વલ્લભાચાર્ય દ્વારા સ્વીકાર અને ભક્તિના બે પ્રકારો : સાધન અને સાધ્ય – વિશે સંક્ષેપમાં વિમર્શ કર્યો છે. આ ચર્ચા બાદ મધુસૂદન સરસ્વતી અને આચાર્ય રૂપગોસ્વામી દ્વારા ભક્તિની 10મા રસ-ભક્તિરસ તરીકે પ્રસ્થાપના અને ભક્તિના 6 પ્રકારો વિશે સમજાવ્યું છે. અહીં, ડૉ. ગૌતમભાઈએ ભક્તિશાસ્ત્રના આચાર્યો અને ભરતમુનિના રસની વિભાવનાનાં લક્ષ્ય કઈ રીતે જુદાં પડે છે તે તારવી આપતાં નોંધ્યું છે કે 'ભક્તિશાસ્ત્રના આચાર્યોને મન જીવગત આનંદ અહીં સાધ્ય નથી. એમનું લક્ષ્ય તો ભગવદ્ગત – ભગવાનમાં રહેલ શાશ્વત આનંદનું છે, જ્યારે ભરતમુનિનું લક્ષ્ય જીવમાં રહેલ આનંદનું આસ્વાદન કરાવવાનું છે.' આ ઉપરાંત તેમના અભ્યાસનું અન્ય એક તારણ એ રહ્યું છે કે ભક્તિસંપ્રદાયના આચાર્યો કે અનુયાયીઓ દ્વારા ભક્તિસાહિત્યનું સ્તોત્ર, લહરી, કાવ્ય, મહાકાવ્ય વગેરે સ્વરૂપોમાં અઢળક સર્જન કરવામાં આવ્યું હોવા છતાં આ સાહિત્ય કે તેમાં અભિવ્યકત રસ પ્રતિ કોઈએ ધ્યાન આપ્યું નથી. શંકરાચાર્યના સ્તોત્રોમાં અનેક રસો મળી શકે છે, છતાં એક પણ કાવ્યશાસ્ત્રીએ નોંધ પણ લીધી હતી. શ્રીમદ્ ભાગવત 'રસનો આલય' કહેવાયા છતાં તેમાંથી કે પુરાણસાહિત્યમાંથી કોઈ એક ઉદાહરણ પણ કાવ્યશાસ્ત્રના વિવેચનમાં સ્થાન પામ્યું નથી. 'શ્રીમદ્ ભાગવત રસનો કેવો સમૃદ્ધ આલય છે તેના એકાદ ઉદાહરણ (10.43.17) દ્વારા સમજૂતી આપી છે. ત્યાર બાદ સંસ્કૃત ભક્તિસાહિત્યના વિવિધ ગ્રંથોમાંથી ભક્તિનાં વિવિધ સ્વરૂપો સબંધી વિવિધ ઉદાહરણો ઉદ્ધૃત કરીને ભક્તિરસની ગંગા વહાવી દીધી છે. નાસ્તિક વાચક પણ આ વાંચીને ધન્યતા અનુભવે તેવું ભક્તિનું સંતર્પક ભાથું પીરસ્યું છે. આ વાંચતાં જ ડૉ. ગૌતમભાઈ અસ્ખલિત ધારાપ્રવાહથી આપણને ઉદ્બોધન કરી રહ્યા છે તેવી સહજમાં અનુભૂતિ થાય છે. તેમણે આ બધાં ઉદાહરણો શંકરાચાર્ય, ચૈતન્ય મહાપ્રભુ, જયદેવ, જગન્નાથ, લીલાંશુક, નરસિંહ મહેતા, ગુરુ ગંગેશ્વરાનંદજી વગેરે ઉપરાંત અન્ય કૃતિઓમાંથી ટાંક્યાં છે. વધુમાં આ ક્ષેત્રમાં ચમત્કૃતિ સર્જવા વિવિધ સર્જકોએ ભાષાનો કેવો અદ્ભુત ઉપયોગ કર્યો છે તેનાં બે ઉદાહરણો પણ આપ્યાં છે. પરંતુ ભક્તિના રંગે રંગાઈ જતાં તેના સ્રોતોનો ચોક્કસ સંદર્ભ ટાંકવાનું ચૂકી ગયા છે. આ છે ભક્તિનો પ્રભાવ. ભક્તિરસનું સમાપન કરતાં રામ વનમાં જતાં પૂર્વે માતા કૌશલ્યાની પાયવંદના કરીને અનુમતિ માગે છે તે પ્રસંગે માતા કૌશલ્યાના શબ્દો ઉદ્ધૃત કર્યા છે, જેમાં માતૃહૃદય અને પ્રભુભક્તિનો ચરમોત્કર્ષ અનુભવાય છે. આ રહ્યો તે શ્લોક :

**તાતાજ્ઞયા તાત વનં પ્રયાહિ વ્યાજેન બાલ ક્ષણમાત્ર તિષ્ઠ ।**
**પન્થાનમાવેદિતું મદીયાઃ પ્રાણા બહિર્ભૂવ પુરઃ સરન્તુ ॥**

(બેટા પિતાની આજ્ઞાથી તું વનમાં જા, પણ કોઈક બહાનું કાઢીને ફક્ત એક ક્ષણ માટે રોકાઈ જા. તને રસ્તો બતાવવા માટે મારા પ્રાણ મારા દેહમાંથી બહાર આવીને તારી આગળ આગળ જાય (જેથી તને તારો માર્ગ શોધવામાં સરળતા રહે, તકલીફ ન પડે).

છેલ્લે કરેલ નોંધ 'મિત્રો, કૃષ્ણ જેનો સ્થાયીભાવ છે એ ભક્તિરસ પણ દેખાડી ન શકાય, અનુભવી શકાય. જે અનુભવે છે એ હૃદય પાસે શબ્દો નથી અને જે જીભ બિચારી વર્ણવી શકે છે, એને આ રસ માણવાની શક્તિ જ નથી.' વાચકને વિચાર કરતા મૂકી દે છે.

ભક્તિરસની રસલ્હાણ કરાવ્યા બાદ ભક્તિમાર્ગના પ્રવર્તક રામાનુજાચાર્યનો પરિચય કરાવતાં તેઓશ્રી બાલ્યવયથી જ અસાધારણ પ્રતિભાસંપન્ન હતા, તે સંબંધી પ્રચલિત બે કથાઓ – પોતાના ગુરુ યાદવ પ્રકાશજી સાથે ઉપનિષદ વાક્યના શાસ્ત્રસંમત અર્થની ચર્ચા વિશેની અને વિદ્યાભ્યાસ દરમિયાન કોઈક વિદ્વાન સાથેના શાત્રાર્થમાં થયેલ વિજય વિશેની – રજૂ કરી છે. ત્યાર બાદ રામાનુજાચાર્યની પ્રચલિત 9 કૃતિઓ – **'श्रीभाष्य', 'वेदान्तदीप', 'वेदान्तसार', 'वेदार्थसंग्रह', 'श्रीमद् भगवद् गीता भाष्य', 'श्रीशरणागतिगधम्', 'श्रीरंगगद्यम', 'श्रीवैकुंठगद्यम्', 'नित्यग्रंथ'**નો સંક્ષેપમાં છતાં સારગર્ભિત પરિચય કરાવ્યો છે. ત્યાર બાદ આચાર્ય પરંપરા અને તેમના દ્વારા પ્રચલિત સિદ્ધાંતો, રામાનુજાચાર્ય દ્વારા ગીતાને ભક્તિપ્રધાન ગ્રંથ તરીકે ઓળખાવવો, પ્રત્યેક વર્ણની વ્યક્તિને ભક્તિનો અધિકાર બક્ષવો, અનેક મંદિરોનું નિર્માણ વગેરે થકી ભક્તિ સંપ્રદાયને વેગવંતો

બનાવતાં ભક્તિમાર્ગના આદ્ય આચાર્યનું સ્થાન પ્રાપ્ત કરવું, ભક્તિને પ્રચલિત કરવામાં મધ્વાચાર્ય, નિમ્બાર્કાચાર્ય, વલ્લભાચાર્ય, ભગવાન સ્વામિનારાયણ વગેરેના પ્રદાનની નોંધ લીધી છે. આ ઉપરાંત આદિ શંકરાચાર્યના મતે જ્ઞાન એ જ ભક્તિ છે અને જ્ઞાન એ જ ભગવદ્‌ગીતાનું તાત્પર્ય છે, અને રામાનુજાચાર્ય અનુસાર ગીતા ભક્તિયોગનો ગ્રંથ છે તે વિશે અહીં રસપ્રદ વિશ્લેષણ રજૂ કરતાં રામાનુજાચાર્યના સમર્થનમાં ડૉ. ગૌતમભાઈનું મંતવ્ય 'પ્રભુની અહેતુકી કૃપાને પરાધીનતાની દ્યોતક માની ન શકાય એવો મારો નમ્ર પણ દૃઢ મત છે. આદિ શંકરાચાર્યજી પ્રત્યે અગાધ માન હોવા છતાં હું અહીં મારી અંગત અસહમતિ દર્શાવવાની છૂટ લઉં છું. વિદ્વાનો માફ કરે.' ધ્યાનાર્હ બની રહે છે.

આ ઉપરાંત 'ભક્તિની પ્રાપ્તિની પૂર્વ શરતો', 'રામાનુજાચાર્યના મતે ઈશ્વર', 'પ્રભુની પાંચ મૂર્તિઓ અને પંચવિધ ઉપાસના', 'શરણાગતિ અથવા પ્રપત્તિ', 'પ્રેમાદ્વૈત અથવા ભકત્યદ્વૈત' અને 'પાપનો પ્રશ્ન અને ભગવદ્‌ગીતા' વિશે બહુવિધ સ્રોતોના આધારે ભક્તિનું હાર્દ સમજાવ્યું છે.

રામાનુજાચાર્યના ગુરુ યામુનાચાર્યજીકૃત 'ગીતાર્થસંગ્રહ એટલે શ્રીમદ્‌ભગ્ગવદ્‌ગીતા'નું સંક્ષિપ્ત ભાષ્ય, જેના આધારે રામાનુજાચાર્યએ વિસ્તૃત 'ગીતાભાષ્ય'ની રચના કરી. ડૉ. ગૌતમભાઈએ આ બંને ભાષ્યોને કેન્દ્રમાં રાખીને શંકારાચાર્ય ઈત્યાદિ વિવિધ આચાર્યો, ટીકાઓ, આર્ષગ્રંથો ઉપરાંત શ્રી અરવિંદ, ટિળક, ગાંધીજી, વિનોબા, ડૉ. રાધાકૃષ્ણન, એડગરટન, પ્રતાપરાય મોદી ઈત્યાદિ 70 જેટલા વિવિધ સ્રોતાના એકથી અધિક વખત ઉદ્ધૃત કરેલાં મતમતાંતરોના તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં ગહન અધ્યયન – અધ્યાપનના આધારે ગીતાનું હાર્દ સમજાવવા પ્રયાસ કર્યો છે. આ હેતુ અહીં પ્રત્યેક અધ્યાયના મુખ્ય વર્ણ્યવિષયો તારવીને, જેમ કે, અધ્યાય-15 પુરુષોત્તમયોગ : 1. સંસારવૃક્ષ અને ભગવદ્‌પ્રાપ્તિના ઉપાય, ૨. જીવાત્મા, 3. પ્રભુનું વર્ણન, અને 4. ક્ષર, અક્ષર અને પુરુષોત્તમ હેઠળ વિભાજિત કરીને વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે. વધુમાં, પ્રત્યેક અધ્યાયના અભ્યાસના અંતમાં જે-તે અધ્યાયનાં અન્ય પ્રચલિત નામોની યાદી પણ આપી છે. પ્રત્યેક અધ્યાયનું આંતરદર્શન કરાવવાની સાથ–સાથે ગીતા વિશેનાં કેટલાંક અવલોકનો તેમના સંશોધકીય અભિગમનાં તેમ જ આત્મસાત કરેલ ગીતા જ્ઞાનનાં દ્યોતક બની રહે છે. આ પૈકી કેટલાંક – અવલોકનો દૃષ્ટવ્ય છે : 1. ગીતા દ્વારા ઉપનિષદોના વિચારો કે શબ્દો કે વાક્યો અવતરિત કરવા – જુઓ ગી. 2.20, 2.55, 15.6 અનુક્રમે કઠ. ઉપ. 1.2.18, 2.6.16, 2.2.15 અને મુંડક ઉ. 2.2.17, 2. कर्मण्येवाधिकारस्ते.... (2.47)નો મોટા ભાગના વિદ્વાનો અનુવાદ કરે છે તે યોગ્ય નથી. માણસ કર્મ કરે અને તેનાં ફળ ઉપર તેનો અધિકાર નથી એ કહેવું અવ્યવહારિક છે. અહીં સંસ્કૃત ભાષાની ખૂબી છે તે ઘણાંને સમજાઈ નથી. नास्ति - નથી, 'मा अस्तु' – ન થાવ. આમ, આ બંનેમાં નિષેધનો અર્થ છે, પણ ભાવ ઘણો જુદો છે... 'मा अस्ति' એમ કહીએ એટલે ફળમાં તારો અધિકાર તો છે પણ ન થાવ... ત્રણેય પદમાં 'मा'નો પ્રયોગ છે અને ચોથા પાદનો अस्तु – ત્રણેય 'मा'ની સાથે જોડવાનો છે. ગીતાના કર્મયોગની આ જ વિશેષતા છે' 3. 'ब्रह्मनिर्वाण' શબ્દ બૌધધર્મનો છે એવી લોકોની ભાવના છે, પરંતુ આ શબ્દ એકાધિક વખત ગીતામાં પ્રયોજાયો છે, 4. 'પ્રારબ્ધ' શબ્દ ગીતામાં વપરાયો નથી. ગીતામાં પ્રારબ્ધનું સ્થાન નથી. અલબત્ત દૈવ શબ્દ એકવાર 'देवं चैवात्र पन्चमम्' (18.14) આવે છે અને તે પણ ગણિતની ભાષામાં પાંચમો ભાગ, 5. न हि कल्याणकृत... (6.40) શ્લોક 'મારા વિનમ્ર મતે ગીતાના ઉત્તમોત્તમ સિદ્ધાંતોમાં અગ્રતાંબુલનો અધિકારી, 6. અધ્યાય-11નો પ્રથમ શ્લોક અનુષ્ટુપ છંદમાં છે, પરંતુ 8ના બદલે 9 અક્ષરો છે જેની એકમાત્ર નોંધ નીલકંઠ સ્વામીએ લઈને આ પ્રયોગને આર્ષપ્રયોગ ગણાવ્યો છે. આ ઉપરાંત (11.44) અને અન્યત્ર આર્ષપ્રયોગો ઓળખી બતાવવા, 7. (11.41)માં પ્રયોજવામાં આવેલ 'सखेति' શબ્દ પ્રયોગને વ્યકરણશાત્રની દૃષ્ટિએ ચર્ચા કરવામાં પોતાની વિનમ્રતાપૂર્વક અનભિજ્ઞતા જણાવીને ષડ્‌દર્શનાચાર્ય પરમ પૂજ્ય શ્રુતિપ્રકાશદાસજી મહારાજ (અક્ષરધામ) પાસે તેનો ઉકેલ મેળવવો, 8. અધ્યાય-13માં કેટલીક પ્રતોમાં ઉપલબ્ધ પ્રથમ શ્લોક 'प्रकृतिं पुरुषं...' પ્રક્ષિપ્ત હોવા વિશે સમર્થન આપવું, 9. कौन्तेय (2.37) तात (6.40) વગેરે શબ્દોના પ્રયોજનનું હાર્દ, 10. ગીતાના અંતિમ શ્લોક 11.78 માં પ્રાપ્ત 'ध्रुवानीतिर्मतिमम्'ના સ્થાને 'ગાંડલગીતા'માં 'ध्रुवाणीति मतिर्मम' પાઠાન્તર મળવું અને

જેની નોંધ બેલવેલેકર દ્વારા તૈયાર કરવામાં આવેલ ચિકિત્સક આવૃત્તિમાં લેવી અને આ સંબંધી ચર્ચા વગેરે સુચિંતનીય બની રહે છે.

ગ્રથાન્તેનાં 5 મૂલ્યવર્ધિત પરિશિષ્ટો અનુક્રમે 1. શ્રી યમુનાચાર્ય વિરચિત ગીતાર્થસંગ્રહ (મૂળપાઠ અને ગુજરાતી અનુવાદ), 2. રામાનુજાચાર્યકૃત શરણાગતિગદ્યમ્, 3. શ્રીમદ્-ભગવદ્ગીતા – એકવિંશતિકા (સ્વામી ગંગેશ્વરાનંદજીના શિષ્ય ગૌતમ પટેલકૃત. સંસ્કૃત પાઠ અને ગુજરાતી અનુવાદ), 4. श्रीरामानुजाचार्य का गीताभाष्य (વર્ષ 2018માં હૈદરાબાદમાં યોજાયેલ રાષ્ટ્રીય પરિસંવાદમાં ડૉ. ગૌતમ પટેલે રજૂ કરેલ પેપર), અને 5. श्रीमद् भगवद्गीता श्लोक प्रतीकानामकारादिवर्णानुक्रमः પ્રસ્તુત ગ્રંથના ઉપયોગ માટે વિશેષ ઉપયોગી બની રહે છે. આ પૈકી ગૌતમ પટેલકૃત શાર્દૂલવિક્રિડિત છંદમાં 21 શ્લોકોમાં ગીતાનું સારદોહન (પરિશિષ્ટ-3) તેમની કવિપ્રતિભા અને આત્મસાત કરેલ ગીતાજ્ઞાનનું દ્યોતક બની રહે છે.

આટલી ગુણસમૃદ્ધિ હોવાની સાથે નોંધ કરવી રહી કે પોતાના મતના સમર્થનમાં જ્યાં-જ્યાં અનેકવિધ શ્લોકો અને સ્રોતોનો ઉલ્લેખ કર્યો છે તેના શાસ્ત્રીય સંદર્ભ, પ્રયોજવામાં આવેલ ટૂંકાક્ષરી શબ્દોનું પૂરું નામ, ગીતા વિશેના અધ્યયન ઈત્યાદિ મહત્ત્વપૂર્ણ ગ્રંથો પૈકીની સંક્ષિપ્ત વાઙ્મયસૂચિ આપવામાં આવ્યાં હોત તો વિશેષ આવકાર્ય બની રહેત

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથરત્નના અનુવાદક 'વેદરત્ન' મહામહોપાધ્યાય ડૉ. ગૌતમ પટેલ ગુજરાતના સંસ્કૃત વિદ્યાજગતનું એક ગૌરવશિખર છે. તેઓશ્રી સંસ્કૃતના પ્રતિભાસંપન્ન અધ્યાપક - સંશોધક - વિવેચક તરીકે રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિપ્રાપ્ત છે. સંસ્કૃત વાઙ્મયના વિવિધ વિષયોને આવરી લેતા તેમના 150 થી અધિક મૌલિક-અનુવાદિત-સંપાદિત ગ્રંથો પ્રકાશિત છે. આ પૈકી મહાકવિ કાલિદાસકૃત 'कुमारसंभवम्'નું શ્રી આનંદદેવાયનિવલ્લભદેવની ટીકા સહિતનું સંપાદન એ તેમની સંશોધકીય પ્રતિભાનો દ્યોતક ગ્રંથ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે તેમની ખ્યાતિ પ્રસરાવવામાં પ્રસ્તુત સંશોધિત સંસ્કરણની અહમ્ ભૂમિકા રહી છે. આદિ શંકરાચાર્યના સમગ્ર કતૃત્વનું સંસ્કૃત પાઠ સાથે ગુજરાતીમાં સૌ પ્રથમ વખત અવતરણ કરાવવાનું શ્રેય તેમના શિરે રહે છે. આ ઉપરાંત કાલિદાસ ગ્રંથાવલી, ભાસનાં નાટકો, તેમજ વિવિધ સાહિત્યસ્વરૂપોની સંસ્કૃતની 25થી અધિક કૃતિઓ (સંપૂર્ણ કે અંશતઃ) ના અનુવાદો તેમણે આપ્યા છે. અને ખાસ તો મહાત્મા ગાંધીના 'અનાસકિતયોગ'નો સંસ્કૃત અનુવાદ તેમણે જ આપ્યો છે. રામાનુજાચાર્યના ગીતા ભાષ્યનું ગુજરાતીમાં સૌ પ્રથમ વખત આ ગ્રંથના માધ્યમથી ભાષાંતર આપવાના શ્રેયના અધિકારી પણ તેઓ જ છે. તેઓશ્રી વેદના પ્રખર અભ્યાસી પણ રહ્યા છે. 'વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ' (1978) કે જે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત છે તેની ચતુર્થ સંશોધિત આવૃત્તિ તાજેતરનાં વર્ષોમાં જ પ્રકાશિત કરવામાં આવી છે.

'ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમી'ના અધ્યક્ષ તરીકે સતત 10 વર્ષ સુધી સેવાઓ આપીને સંસ્કૃતના બહુઆયામી રીતે – સવિશેષતઃ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગ્રંથોનાં પ્રકાશનો તથા વિવિધ પ્રવૃત્તિઓનાં આયોજનો થકી – પ્રચાર-પ્રસારમાં, તેમ જ ગુજરાતમાં સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપનામાં તેમનું બહુમૂલ્ય પ્રદાન રહ્યું છે. તેમની વિદ્વત્પ્રતિભાને ધ્યાને લેતાં ભારત સરકાર દ્વારા વર્ષ 2014માં જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત પ્રો. સત્યવ્રત શાસ્ત્રીના અધ્યક્ષપદે નિયુક્ત કરવામાં આવેલ **'દ્વિતીય સંસ્કૃત કમિશન'**ના વરિષ્ઠ સભ્ય તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી. આશ્ચર્ય સાથે દુઃખ તો એ થયું કે સરકાર બદલાતાં જ આ કમિશનનો અહેવાલ અભરાઈએ ચઢી ગયો ડૉ. ગૌતમભાઈના બહુઆયામી અને બહુશ્રુત પ્રદાનને ધ્યાને લેતાં ગુજરાત અને દેશની વિદ્વત્પરિષદો દ્વારા તેમને બહુવિધ પુરસ્કારોથી અલંકૃત કરવામાં આવ્યા છે. દેશની ત્રણ-ત્રણ સંસ્કૃત યુનિવર્સિટીઓ દ્વારા **D.Litt.**ની માનદ્ ઉપાધિ, તેમ જ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સંસ્કૃતના વિદ્વાન તરીકે **'Certificate of of Honour'**થી વિભૂષિત કરવામાં આવ્યા છે.

આ ગૌરવગ્રંથના પ્રકાશન માટે લકુલીશ યોગ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી ડૉ. દિનેશભાઈ અમીનનાં દૂરંદેશિતા અને સૌજન્ય વિદ્યાજગતમાં સ્મરણીય બની રહેશે.

**- મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ

• એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજના પ્રશિક્ષિણાર્થીઓ માટે Artificial Intelligence વિશે કાર્યશિબિર યોજવામાં આવતાં તજ્જ્ઞ ડૉ. અજયભાઈ રાવલે વિદ્યાર્થીઓને Artificial Intelligence વિષય પર માહિતગાર કરી પોતાના કાર્યમાં કઈ રીતે તેનો ઉપયોગ કરી શકાય તે વિશે સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં બંને કૉલેજોના એચ.ઓ.ડી. તેમ જ અધ્યાપકો હાજર રહ્યા હતા.

### નવી શિક્ષણનીતિ-૨૦૨૦

• એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓને G-20 અંતર્ગત NEP-2020 વિશેની માહિતીથી પરિચિત કરાવવામાં આવ્યા. જેનો મૂળભૂત હેતુ પ્રશિક્ષણાર્થીઓ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2030થી પરિચિત થાય અને પોતાના શિક્ષણકાર્યમાં અમલમાં મૂકી સમાજ માટે શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે તે રહ્યો હતો. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓ ઉપરાંત બંને કૉલેજોનો શૈક્ષણિક પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. આ ઉપરાંત કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### વિશ્વ યોગ દિવસ

• એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજમાં તા. 21/6/23ના રોજ યોગદિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે તજ્જ્ઞ તરીકે ઉપસ્થિત શ્રી ભાવિકભાઈ પંડ્યા એ યોગ એટલે શું ? અને તેના ફાયદા જણાવીને વિવિધ યોગાસનોની પ્રેક્ટિસ કરાવી હતી. આ પ્રસંગે બંને કૉલેજોનો સમગ્ર પરિવાર સહભાગી થયો હતો.

• અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ અને એસ. વી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ દ્વારા નવમા વિશ્વ યોગ દિવસની સંયુક્ત ઉજવણી કરવામાં આવી હતી. આ યોગ દિવસની ઉજવણીમાં કુલ 300 થી અધિક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. યોગ પ્રશિક્ષક તરીકે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ફિઝિકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર ડૉ. રણછોડ રથવીએ સેવાઓ આપી હતી. આ પ્રસંગે ડૉ. વિજ્ઞા ઓઝા, પ્રિ. ડૉ. રૂપેશ વ્યાસ અને પ્રિ. ડૉ. રમાકાન્ત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને યોગ સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.

• 9મા આંતરરાષ્ટ્રીય યોગદિન નિમિત્ત એક પૃથ્વી એક સ્વાસ્થ્ય વિભાવના અંતર્ગત ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના પ્રાંગણમાં તા. 21-6-23ના રોજ યોગદિનની ઉજવણી કરવામાં આવી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. હરિત પટેલના માર્ગદર્શનમાં યોગ માર્ગદર્શક તરીકે ડૉ. પ્રણવ જોશીપુરા અને પ્રા. પાયલબહેન પંડ્યાએ વિદ્યાર્થીઓને યોગનાં વિવિધ આસનો કરાવીને સુસ્વાસ્થ્ય માટે યોગનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ ઉજવણીમાં સમગ્ર કૉલેજ પરિવાર હર્ષોલ્લાસ સાથે જોડાયો હતો.

• સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા શરૂ કરવામાં આવેલ ‘સર્વ યોગ-સાધના કેન્દ્ર અને કૅમ્પસની વિવિધ શાળા-કૉલેજોના સંયુક્ત ઉપક્રમે 9મા ‘વિશ્વ યોગદિવસ’ની ઉજવણી કૅમ્પસમાં સ્થિત ઇન્ડોર સ્ટેડિયમમાં તા. 21 જૂન, 2023ના રોજ કરવામાં આવી. આ ઉજવણીમાં 200થી અધિક વિદ્યાર્થીઓ, અધ્યાપકો, કડીના નગરજનો અને યોગ-સાધના કેન્દ્રના સભ્યોની ઉપસ્થિતમાં ‘વિશ્વ યોગદિવસ’ની માર્ગદર્શિકા અનુસાર સૂક્ષ્મ વ્યાયામ, આસનો, પ્રાણાયામ અને ધ્યાનની વિવિધ ક્રિયાઓ કરવામાં આવી હતી. આ સાથે હાસ્યયોગનો નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. કેમ્પસની બંને બી.એડ. કૉલેજોનો પરિવાર આ કાર્યમાં સહભાગી થવા

ઉપરાંત પ્રાર્થના સમયે તાલીમાર્થીઓને યોગનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

### સર્વ નેતૃત્વ

• સર્વ નેતૃત્વ દ્વારા વડીલ વંદના કાર્યક્રમ તા. 27એ યોજવામાં આવ્યો હતો. સી. એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગના ઑડિટોરિયમ ખાતે જિલ્લાના વિવિધ વૃદ્ધાશ્રમો, જેમ કે, આમ્રપાલી વૃદ્ધાશ્રમ (પિંડારડા), મંગલ જીવન સિનિયર સિટીઝન હોમ (નારદીપુર) અને રાહેલબા વૃદ્ધાશ્રમ, (ભગોડી) ખાતે રહેતા વડીલોને નોતરીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. વડીલોની પૂજા-અર્ચના બાદ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં સંબોધન કરતાં રોટરી ક્લબના અગ્રણી અને રાજ્ય સરકારના નિવૃત્ત ઉચ્ચ અધિકારી જશવંત ગાંધીએ ગમતી પ્રવૃત્તિઓ દ્વારા જીવનને આનંદમય બનાવવાની શીખ આપી હતી. સર્વ નેતૃત્વ ગ્રૂપના સંચાલક પ્રા. ડૉ. ધમેન્દ્ર પટેલે સંસ્થા વતી વડીલોને આવકારીને ગ્રૂપની વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો. મંડળના ચૅરમૅનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે સર્વ વિદ્યાલય એ સમાજની પોતાની સંસ્થા છે અને સમાજહિતના કાર્યક્રમો માટે હંમેશાં તત્પર રહે છે. વડીલ વંદના જેવા ઉપયોગી કાર્યક્રમો પ્રતિમાસ યોજવાની તૈયારી દર્શાવવાની સાથે વડીલોને સંસ્થામાં પધારવા તથા સૂચનો આપવા જણાવ્યું હતું. આ પ્રસંગે હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાએ તળપદી ભાષામાં હળવા કિસ્સાઓ રજૂ કરી સૌને હળવાં કર્યાં હતાં. ત્યાર બાદ અંધશાળા, સેકટર-16ના વિદ્યાર્થીઓ દ્વારા ભજન અને ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. રાજ્ય સરકારની માન્યતા પ્રાપ્ત કલાકાર, અને પત્રકાર કુંતલ નિમાવત દ્વારા લિખિત-દિગ્દર્શિત નાટક 'જીવનસંધ્યાનો આનંદ'ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

• કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સંચાલિત સર્વ નેતૃત્વની પાંચ દિવસ નિવાસી તાલીમ શિબિરમાં ભાગ લેનાર સર્વ વિદ્યાલયની વિવિધ કૉલેજોના પસંદગીના 47 વિદ્યાર્થીઓ માટે મનાલી (હિમાચલ પ્રદેશ)માં એડવાન્સ લેવલનો આઉટ બાઉંડ ટેનિંગ કાર્યક્રમ યોજાયો, જેનો ઉદ્દેશ યુવાનોમાં સાહસિકતા, નૈતિકતા, ભાવનાત્મકતા અને આધ્યાત્મિકતાના વિકાસ થાય તે રહ્યો હતો. 10 દિવસના કાર્યક્રમમાં એકિઝક્યુટિવ કોચ હરેશભાઈ પટેલ અને માઉન્ટેનિયર દીપકભાઈ ગોહિલ દ્વારા વિવિધ રચનાત્મક રમતો, લીડરશિપ સેશન્સ અને અનેક સાહસિક પ્રવૃત્તિઓના માધ્યમથી યુવાનોને જીવન ઉપયોગી મૂલ્યોની તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન તમામ વિદ્યાર્થીઓએ નહેરુકુંડ, વશિષ્ઠકુંડ, મહર્ષિ, ટેમ્પલ, મનુ ટેમ્પલ, હિડંબાવન, જોગીની વૉટરફૉલ અને ભૃગુ લેકની મુલાકાત લીધી હતી. કાર્યક્રમ દરમિયાન કૅમ્પ સાઇટની બાજુમાં ગૌશલ ગામની શાળાના બાળકોને તાલીમાર્થીઓ દ્વારા નાસ્તાનું વિતરણ કરી ખુશીઓની વહેંચણી કરી હતી. દર વર્ષે પાંચ દિવસની તાલીમ લીધેલ યુવાનોને સર્વ વિદ્યાલય દ્વારા અનુભવોના આધારે શીખવાની એક એડવાન્સ લેવલે તક આપવામાં આવે છે જેથી તેઓ વ્યક્તિગત, સામાજિક અને વ્યાવસાયિક જીવનમાં ઉપયોગ કરી સફળ જીવન જીવી શકે. કાર્યક્રમનું સંચાલન અને સંકલન ડૉ. ધર્મેન્દ્ર પટેલ વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું.

• વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ગીર ફાઉન્ડેશન દ્વારા એક દિવસીય પર્યાવરણ અને પ્રકૃતિલક્ષી સેમિનારનું આયોજન કરવામાં આવતાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની સર્વ નેતૃત્વ ટીમ અને ગાંધીનગરની વિવિધ કૉલેજોમાંથી 25 યુવાનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને પર્યાવરણની સુરક્ષા અને જાળવણી માટે કટિબદ્ધતા દર્શાવી હતી. આ પ્રસંગે યુવાનોને વન્ય પ્રાણીઓ-પક્ષીઓથી લઈ વિવિધ વનસ્પતિઓ, પર્યાવરણને કઈ રીતે જાળવણી કરી શકાય તે વિશે, તેમ જ ગીર ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવતી કામગીરીની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે યુવાનોને ઇન્દ્રોડા નેચરપાર્કની મુલાકાત કરાવી હતી અને દરેક વિદ્યાર્થીને પર્યાવરણ પ્રકૃતિલક્ષી સાહિત્ય અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં ગીર ફાઉન્ડેશનના ડાયરેક્ટર આર. કે. સુગુર, શ્રી ભાવેશભાઈ ત્રિવેદી, શ્રી આલાપભાઈ પંડિત, શ્રી શુક્લ વગેરેએ ઉપસ્થિત રહી યુવાનોને પ્રેરણા પૂરી પાડી હતી.

### સર્વ યોગ સાધના કેન્દ્ર

• સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં 'સર્વ યોગ-સાધના કેન્દ્ર'ની તા. 1 માર્ચ, 2013ના રોજ સ્થાપના કરવામાં આવી હતી,

જેનો દશાબ્દી મહોત્સવ તાજેતરમાં ઊજવવામાં આવ્યો. આ યોગકેન્દ્ર પ્રાતઃ 5 કલાકથી શરૂ કરવામાં આવતાં કડીના નગરજનો, સર્વ વિદ્યાલય પરિવાર વગેરે તેનો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. આ કેન્દ્રની પ્રશંસનીય ઉપલબ્ધિ એ કે આ કેન્દ્ર થકી આશરે 3000 જેટલા વ્યક્તિઓએ ડાયાબિટિસ, બ્લડપ્રેશર, કમરદર્દ, સાંધાનાં દર્દ, પાચનતંત્ર, માનસિક તાણ વગેરેમાંથી મુક્તિ મેળવી છે. આ યોગકેન્દ્ર નિઃશુલ્ક ચલાવવામાં આવે છે. આ ઉજવણી પ્રસંગે આ દશ વર્ષો દરમિયાન જેમને પણ યોગના માધ્યમથી લાભ થયો હોય તેઓનાં અભિપ્રાયો રજૂ કરવામાં આવ્યા હતા. સર્વ વિદ્યાલયના સેવાનિવૃત્ત આચાર્યશ્રી ફુલજીભાઈ પટેલે પ્રસંગોચિત ઉદ્બોધનમાં આ કેન્દ્રની સેવાઓની સરાહના કરી હતી. આ ઉજવણીના મુખ્ય મહેમાન ઈ ઍન્ડ ટી સર્જન ડૉ. પ્રશાંત ખમારે યોગ-સાધના કેન્દ્રને શુભેચ્છાઓ પાઠવી યોગકેન્દ્ર વધુ ને વધુ પ્રગતિ કરે અને ખાસ તો યુવાવર્ગ આ નિઃશુલ્ક યોગ કેન્દ્રનો વધુમાં વધુ માત્રામાં લાભ મેળવે તેવી અપીલ કરી હતી. યોગ કેન્દ્રના સંચાલક અને સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીની કૉમર્સ કૉલેજના પ્રિન્સિપાલ શ્રી કપિલભાઈ ત્રિવેદીનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં યોગ કેન્દ્ર સાથે જોડાયેલા નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## શાળા વિભાગ

### પિતૃદિન

• શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી શાળામાં તા. 17 જૂનના રોજ પિતૃદિન (ફાધર્સ-ડે)ની ઉજવણીના ઉપક્રમે ધો. 7 અને 8ના વિદ્યાર્થીઓએ પિતા વિશેનાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં. પોતાના જીવનમાં પિતાનું કેટલું મહત્ત્વ છે તે જણાવવાની સાથે પિતા સાથેના અનુભવો વર્ણવ્યા હતા. આ પ્રસંગે શિક્ષિકા શ્રી અર્ચનાબહેને ‘ફાધર-ડે’ની ઉજવણી ક્યારે અને ક્યારથી કરવામાં આવે છે તેની માહિતી આપીને બાળકોએ માતાપિતાનું માન સન્માન જાળવવું તથા તેમનો આદર સત્કાર કરવો અને શ્રવણની જેમ સેવા કરવા સૂચવ્યું હતું.

### પ્રવેશોત્સવ

• એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં નવા સત્રની શરૂઆત થતાં ધોરણ-1 અને ૨ના વિદ્યાર્થીઓ માટે શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાનાં ભૂલકાંઓને કુમકુમ અક્ષતથી ચાંલ્લા કરી ઢોલ-નગારાં સાથે હર્ષોલ્લાસથી શાળાપ્રવેશ કરાવ્યો હતો. તેમ જ 5 જૂન પર્યાવરણ દિન નિમિત્ત વૃક્ષારોપણ કાર્યક્રમનું તેમ જ ધોરણ-૫થી 8ના વિદ્યાર્થીઓ માટે બુલેટિનબોર્ડ સુશોભન અને આત્મપરિચય પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

• શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. 13/6/23ના રોજ ધોરણ-1ના બાળકોનો પ્રવેશોત્સવ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાળકોએ શંકર, કૃષ્ણ, બ્રહ્માજી, પોલીસ, ટ્રાફિકપોલીસ, આર્મી વગેરે જેવાં પાત્રો સંબંધિત વેશભૂષામાં ભજવ્યાં હતાં. આચાર્યા શ્રી નીવાબેન પટેલે કુમકુમ તિલક કરી બાળકોને પ્રવેશ કરાવીને આનંદ અને ઉત્સાહભેર આવકાર્યાં હતાં. બાળકોએ શાળા કૅમ્પસની મુલાકાત દરમિયાન ‘ચલો ચલે સ્કૂલ ચલે’ના નારા સાથે જયઘોષ કર્યો હતો.

• શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં તા. 19 જૂનના રોજ પ્રવેશોત્સવ ઊજવવામાં આવ્યો. જેમાં શિક્ષિકાબહેન શ્રી આશાબહેનના હસ્તે બાળકોને કુમકુમ તિલક કરી બાળકોને પ્રવેશોત્સવ કરાવ્યો. વિદ્યાર્થીઓને આચાર્યશ્રીના હસ્તે શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. બાળકોએ બાળગીતો તેમ જ મ્યુઝિક ઉપર નૃત્ય-મસ્તીનો આનંદ પણ લીધો.

### પ્રાથમિક સારવાર

• એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમિક પ્રાથમિક શાળામાં ધોરણ-૫થી 8ના વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવારમાં ઉપયોગી ઘરેલુ ચીજવસ્તુની સમજણ આપી first aid kit બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

### રથયાત્રા

• શ્રી વી.એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરમાં રથયાત્રાની ઉજવણી કરવામાં આવી. જેમાં નાના-નાના બાળકો જગન્નાથ,

બલરામ, બહેનસુભદ્રા ઉપરાંત હનુમાનજી, સાધુસંતો, મહંતો અને ભજનમંડળીમાં સજ્જ થઈને 'જય રણછોડ માખણ ચોર'ના જયઘોષથી શાળાનું કૅમ્પસ ગુંજી ઊઠ્યું હતું. પ્રિ. પ્રાયમરી સ્કૂલના ડાયરેક્ટર શ્રીમતી કિરણબહેન પટેલ અને આર. જી. કન્યા વિદ્યાલયના શ્રીમતી કિરણબહેન પટેલે ભગવાનને આંખે બાંધેલા પાટા છોડીને પૂજન કરીને રથની દોરી ખેંચીને મંગલ શુભારંભ કરાવ્યો હતો. કૅમ્પસની સંસ્થાઓના આચાર્યશ્રીઓ હોદ્દેદારો પણ બાળકોની રથયાત્રામાં જોડાયાં હતાં. આ ઉપરાંત શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ તથા શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. 20/6/23ના રોજ રથયાત્રાની ઉજવણી કરવામાં આવી હતી.

### રોલર સ્કેટિંગ

• આર. એન. લલિતકલા એકેડેમી અંતર્ગત મમતા સ્પોર્ટસ સેન્ટર દ્વારા નૉન-સ્ટૉપ રૉલર-સ્કેટિંગ સ્પર્ધાનું આયોજન તા. 21-5-23ના રોજ સંસ્થાની સ્કેટીંગ રીંગ ઉપર કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર તથા અમદાવાદની શાળાઓના કે.જી. થી ધોરણ-10 સુધીના 200 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું નિદર્શન અને કૉચિંગ કૉચ વસીમ મનસુરી દ્વારા કરવામાં આવ્યું હતું. લલિત કલા અકાદમીનાં પ્રિન્સિપાલ શ્રી દિનાબેન ડી. ડોડિયાએ રૉલર સ્કેટરોને મેડલ, સર્ટિફિકેટ તથા કીટસ એનાયત કરી પ્રોત્સાહિત કર્યાં હતાં.

### વિશ્વ યોગદિવસ

• શ્રીમતી આર. જી. પટેલ કન્યા વિદ્યાલયમાં તા. 21 જૂનના રોજ 9મા વિશ્વ યોગદિવસની ઉજવણી કરવામાં આવી જેમાં શાળાના છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી 208 દીકરીઓ અને 10 શિક્ષકોએ સરકારશ્રી દ્વારા ઘ-4 સેન્ટ્રલવિસ્ટા ખાતે આયોજિત કાર્યક્રમમાં સવારે 5:30 કલાકે ભાગ લીધો, જ્યારે શાળાની બાકીની તમામ 1070 દીકરીઓએ તથા શિક્ષકો અને કર્મચારીઓએ શાળામાં સવારે 7:30 કલાકે અયોજિત યોગદિવસના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે સરકારી આયુર્વેદિક હૉસ્પિટલના આયુર્વેદિક પ્રશિક્ષક શ્રી પંકજભાઈ ડાંગીએ ઉપસ્થિત રહી તેમણે યોગ વિશેની વિસ્તૃત માહિતી આપીને વિવિધ યોગસનો કરાવ્યાં હતાં.

• શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા વિશ્વ યોગદિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યોગ નિષ્ણાંત શિક્ષિકા બહેનોના માર્ગદર્શન મુજબ શાળાના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ યોગાભ્યાસ કર્યો હતો. આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલે યોગના વિદ્યાભ્યાસ દ્વારા શિક્ષકો, બાળકોનું ચારિત્ર્ય-ઘડતર કરી આત્મવિશ્વાસ અને શ્રદ્ધાથી અભ્યાસ કરાવશે તેવા વિશ્વાસ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

• શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી શાળામાં વિશ્વ યોગદિનથી ઉજવણી પ્રસંગે કેટલાક વિદ્યાર્થીઓ કે જેઓ યોગાસનોમાં શ્રેષ્ઠ હોય તેમણે શિક્ષકોની રાહબરીમાં વિવિધ યોગાસનો કરાવ્યાં હતાં.

• એસ. જી. અને એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલમાં આયોજિત યોગદિવસની ઉજવણીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

• શ્રી વી.એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યાબાલમંદિરમાં વિશ્વ યોગદિનની ઉજવણી કરવામાં આવી આચાર્યશ્રી મીનાક્ષીબહેન રામી અને શિક્ષકમિત્રોએ બાલમંદિરનાં નાનાં-નાનાં બાલુડાંઓ કે જે સફેદ વસ્ત્રોમાં સજ્જ થઈને યોગ કરવા તત્પર હતાં તેમને જુદા-જુદા પ્રાણાયામ, અનુલોમ વિલોમ અને યોગાસન તથા હળવી કસરતો કરાવી હતી.

• શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ સ્કૂલમાં યોગદિનની ઉજવણી પ્રસંગે યોગ પ્રશિક્ષક શ્રી દંગી પંકજભાઈએ વિદ્યાર્થિનીઓને પ્રાણાયામ તથા જુદા જુદા આસનોની સમજ આપી પ્રેક્ટિકલ જ્ઞાન પીરસ્યું હતું. આચાર્યા શ્રી નીરુબેન પટેલે વિદ્યાર્થિનીઓને યોગનું મહત્ત્વ સમજાવ્યું હતું.

• કડી નાગરિક સહકારી બૅંક પ્રાથમિક શાળામાં યોગદિનની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા વિવિધ યોગાસનો તેમ જ પ્રાણાયામ કરવામાં આવ્યાં. આ ઉપરાંત આચાર્યશ્રીએ તથા વ્યાયામ શિક્ષકશ્રીઓએ જીવનમાં યોગનું મહત્ત્વ સમજાવ્યું હતું.

## વૃક્ષારોપણ

• શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ ખાતે આંતરરાષ્ટ્રીય પ્રકૃતિ બચાવો દિન નિમિત્ત શાળાના મેદાનમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન તા. 12/06/2023ના રોજ કરવામાં આવ્યું. પ્રિન્સિપાલ શ્રી નીરૂબહેન પટેલે વિદ્યાર્થિનીઓને વૃક્ષોનું મહત્ત્વ સમજાવી પ્રત્યેકને એક-એક વૃક્ષનું વાવેતર કરી તેનું જતન કરવા શીખ આપી હતી.

## શિક્ષકસજ્જતા

• એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં નવા વર્ષના પ્રારંભમાં શિક્ષકો શિક્ષણક્ષેત્રમાં નવા પ્રવાહથી વાકેફ થાય તે હેતુથી શિક્ષકસજ્જતા તાલીમવર્ગનું આયોજન તા. 1 જૂનના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં સુધા શાહ દ્વારા Strategies to teach with creative skills and self development તેમ જ શ્રી તારીકી દ્વારા Psychometic profiling of students and innovative teaching strategies વિષયો ઉપર શિક્ષકોને માર્ગદર્શન આપી માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

## સમર કૅમ્પ - ૨૦૨૩

• ક્રિએટિવ ઝોન દ્વારા ગાંધીનગર અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે સમર કેમ્પ-2023નું આયોજન તા. 13-17 એપ્રિલ દરમિયાન કરવામાં આવતાં જુનિયર કે. જી.થી ધોરણ-8 સુધીના વિદ્યાર્થીઓની ઉંમરને ધ્યાનમાં રાખી વિવિધ વિભાગોમાં રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમ કે, ટ્રૉયટ્રેન, કાર્ટૂન ફિલ્મ, પપેટશૉ, મૅજિકશૉ, અભિનયગીત, અભિનય વાર્તા, લખોટી, ભમરડો, દોરડાકૂદ, સતોલિયું, ઈંડું, કુકા, કોડી વગેરે રમતોનું આયોજન કરવા ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓ, જેમ કે, ક્રાફ્ટવર્ક, આર્ટવર્ક, એરોબિકડાન્સ, રાઇફલશૂટિંગ, સ્કેટિંગ, ખડકચઢાણ, ભરતગૂંથણ અને બ્યૂટિશ્યનને લગતી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 1700 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કૅમ્પનું ઉદ્દ્ઘાટન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅનશ્રી તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

• આર. એન. લલિતકલા એકેડેમી દ્વારા સમર કૅમ્પ-2023નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધકલાઓના કલાગુરુઓ, જેમ કે, ભરતનાટ્યમ્ - શંકુતલાબેન ઓઝા અને મીતી ભટ્ટ, કથક – રોશની બ્રહ્મભટ્ટ, ગાયન અને તબલાં – મોહિત સુરાણી, હાર્મોનિયમ અને ગીટાર – વરુણ યાજ્ઞિક, ડ્રૉઇંગ અને હૉબી ક્લાસિસ – જયશ્રી પટેલ, વેસ્ટર્ન ડાન્સ – આશિષ વસાવા, કરાટ – આર. સેલ્વાકુમાર અને મનીષ રાજભોઈ, સ્કેટિંગ – વસીમ મનસુરી, ઇંગ્લિશ સ્કીટ – વૈદેહી ઠાકુર તથા એક્ટિંગ, મૉડલિંગ અને નાટક – મયંક શ્રીમાળી દ્વારા તાલીમ આપવામાં આવી હતી. સમાપન સમારોહમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું સંસ્થાના બ્રહ્માણીકૃપા મેમોરિયલ હૉલમાં આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કે. જી.થી પી. જી. સુધીના 100 જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે કરાટેવર્ગમાં બ્લૅકબેલ્ટની તાલીમ મેળવેલ દીપ યુ. રાવલને 'બ્લૅકબેલ્ટ' આર. સેલ્વાકુમારના હસ્તે અને સર્ટિફિકેટ શ્રી દીનાબહેન ડોડિયાના હસ્તે એનાયત કરવામાં આવેલ, જ્યારે જુદી-જુદી પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્રો શ્રી ઉદયકુમાર રાવલ અને શ્રી દીનાબહેન ડોડિયાના હસ્તે એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૩, અંક :૩, મે-જૂન, ૨૦૨૩, સળંગ અંક : ૭૫**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

‘વિશ્વયોગ દિવસ’ તા. ૨૧ જૂન, ૨૦૨૩ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગરનાં પરિસરો યોગમય
























**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly** News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
**Year 13, Issue No. 3 May-June 2023**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



‘વિશ્વયોગ દિવસ’ તા. ૨૧ જૂન, ૨૦૨૩ના રોજ
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગરનાં પરિસરો યોગમય

